રાષ્ટ્રીય જીવનચરિત્ર માળા

નરસિંહ મહેતા

કેશવરામ કા. શાસ્ત્રી

નેશનલ બુક ટ્રસ્ટ, ઇન્ડિયા
નવી દિલ્હી

First Published 1972 (*Saka* 1893)
Reprinted 1988 (*Saka* 1909)

રૂપિયા : 5.50

NARSINH MEHTA
(Gujarati)

Published by the Director, National Book Trust India, A-5 Green Park,
New Delhi-110016.

અનુક્રમણિકા

1. જીવની

'ગામ તળાજામાં જન્મ મારો થયો' એ પ્રમાણે 'મામેરું' નામક આત્મચરિતના કાવ્યમાં જણાવ્યા પ્રમાણે નરસિંહ મહેતાનો જન્મ ગુજરાતના સૌરાષ્ટ્ર વિભાગના ભાવનગર જિલ્લાના, એની પહાડ ઉપરની બૌદ્ધકાલીન ગુફાઓથી જાણીતા તળાજામાં થયો હતો. એ સમયે નરસિંહ મહેતાનું પિતૃકુલ અથવા તો માતૃકુલ એ ગામમાં રહેતું હશે. આ ઉપરથી એક વાત તરી આવે છે કે તળાજા અને આસપાસના પ્રદેશમાં, નરસિંહ મહેતાનો જે જ્ઞાતિમાં જન્મ થયો હતો તે જ્ઞાતિનો, નાનો કે મોટો સમૂહ રહેતો હતો. નરસિંહે જ એના 'મામેરું' નામક કાવ્યમાં 'નાગરી નાતમાં નિર્ધન સરજિયાં' એ શબ્દોથી પોતાને નાગર (બ્રાહ્મણ) જ્ઞાતિનો કહ્યો છે, એટલે તળાજામાં નાગરોની વસ્તી જૂના સમયથી હશે. એ ધ્યાનમાં લેવા જેવું છે કે 'તળાજા' (કિંવા તાલધ્વજનગર) ઈ. સ.ની 13મી સદીના આરંભે 'મહાસ્થાન' (મોટા શહેર) તરીકે જાણીતું હતું. વિ. સં. 1264 (ઈ. સ. 1207)માં શેત્રુંજી નદીની ખીણનો પ્રદેશ સોલંકી રાજા ભીમદેવ બીજાની સત્તા નીચે હતો, અને એના સામંત દરજ્જે મહેરરાજા જગમલ્લ એ પ્રદેશ ઉપર રાજ્ય કરતો હતો તેણે તલાઝામહાસ્થાનમાં દેવ શ્રીચઉંડેશ્વર અને શ્રીપૃથિવીશ્વર (મહાદેવ)નાં મંદિર કરાવ્યાં હતાં. એ સમયે જૈન ધર્મસ્થાન પણ ત્યાં હતાં. આનાથી ક્યાંય જૂના સમયમાં ત્યાં બૌદ્ધોની સારી એવી વસાહત હતી, જે પહાડ ઉપરની એની ગુફાઓ કહી જાય છે. વલભીનગરના મૈત્રકોનાં તામ્રદાન-શાસનોના બળ ઉપર કહી શકાય એમ છે કે આશરે ઈ. સ. 450થી લઈ ઈ. સ. 766માં મૈત્રક શાસનનો અંત થયો ત્યાંસુધીમાં વલભીના રાજાઓએ જેમ બૌદ્ધ ધર્મને પણ સારું ઉત્તેજન આપ્યું હતું તે પ્રમાણે બ્રાહ્મણધર્મને પણ પ્રબળ ઉત્તેજન આપ્યું હતું. સંખ્યાબંધ દાનો

'આનંદપુરવાસ્તવ્ય' 'આનંદપુરવિનિર્ગત' 'આનર્તપુરવાસ્તવ્ય' 'આનર્તપુરવિનિર્ગત' બ્રાહ્મણોને પણ આપવામાં આવ્યાં છે. 'આનંદપુર' અને 'આનર્તપુર' એ ઉત્તર ગુજરાતના 'વડનગર'નાં જ પર્યાય નામ છે. વડનગર એ નાગરોનું જૂનું સ્થાન છે. મૈત્રક રાજાઓએ આનંદપુર કે આનર્તપુરના નિવાસી તેમજ આનંદપુર કે આનર્તપુરમાંથી આવીને તે તે સ્થાનમાં વસેલા બ્રાહ્મણોને દાન આપેલાં હોઈ એ રીતે વડનગરમાંથી આવેલા બ્રાહ્મણોને આજીવિકાનાં સાધન સૌરાષ્ટ્રમાં કરી આપેલાં એટલે 'વડનગર' કિંવા 'નગર'ના નિવાસી 'નાગર' બ્રાહ્મણો સૌરાષ્ટ્રમાં, એમાં પણ વલભીનગરના આસપાસના પ્રદેશમાં પણ, આવી વસેલા હતા. નરસિંહ મહેતાના પિતૃપક્ષે કે માતૃપક્ષે કયા પૂર્વજ ગોહિલવાડના જૂના પ્રદેશમાં—તે છેક તળાજામાં આવી વસ્યા એ કહેવાનું આપણી પાસે કોઈ સાધન નથી, પરંતુ વસવાટ છેક પાંચમી સદીથી શરૂ થઈ ચૂક્યો હતો એને ઇતિહાસનું પૃષ્ઠબળ છે.

નાગર (બ્રાહ્મણ)ના વડનગરા, વીસનગરા, સાઠોદરા, ચિતરોડા, કૃશ્નોરા અને પ્રશ્નોરા એવા ભેદ ક્યારે પડ્યા એ કહેવું મુશ્કેલ છે, આમ છતાં જે સમૂહ વડનગરમાં જ સચવાઈ રહ્યો હતો તે 'વડનગરા' તરીકે કહેવાયો, જ્યારે તે તે ગામમાં અમુક કુટુંબો અન્યાન્ય કારણે જઈ વસ્યાં તે તે તે ગામના સંબંધે તે તે પેટાજ્ઞાતિના નાગર (બ્રાહ્મણ) તરીકે કહેવાયાં અને તે તે સમૂહ પણ જુદો પડ્યો. નરસિંહ મહેતો આમાંથી વડનગરો નાગર (બ્રાહ્મણ) હતો એમ એના પુત્રનો વિવાહ વડનગરના મદન મહેતાની પુત્રી સાથે થયેલો અને એના કાકા પરબત મહેતાના, હાલ 'વૈષ્ણવ' અવટંકથી જાણીતા, વંશજો વડનગરા નાગર છે એ ઉપરથી સ્પષ્ટ છે. એની જે વંશાવળી જાણવામાં આવી છે તે ઉપરથી એના દાદાનું નામ પુરુષોત્તમ પંડ્યા, પિતાનું નામ કૃષ્ણદાસ અને કાકાનું નામ પર્વતદાસ મળે છે. એ વંશાવળી નરસિંહના મોટા ભાઈઓ તરીકે જીવણરામ અને નરભેરામ નામ આપે છે. એના કાકા પરબતદાસનો મોટા ભાગનો સમય જૂનાગઢથી ચોસઠેક કિ. મી. નૈઋત્યમાં સમુદ્રતટે આવેલા માંગરોળ(સોરઠ)માં વીત્યો હતો, જ્યાં નાગર

(બ્રાહ્મણો)ની એ સમયે નાની એવી વસાહત હતી. પરબતદાસ કયા પ્રકારની વૃત્તિથી જીવન વહાવતા હતા એ જાણવામાં આવ્યું નથી, પરંતુ વૃદ્ધાવસ્થામાં એ ઉચ્ચ પ્રકારના ભક્ત હતા અને વૃદ્ધાવસ્થાને લઈ દ્વારકા જવાનું મુશ્કેલ બનવા લાગ્યું ત્યારે એમને ત્યાં શ્રીરણછોડરાયજીનું એક દશાંગુલ સ્વરૂપ પધાર્યું એવું એના એક વંશજ ગાયકવાડી મજમૂદાર અને ગણ્યકોટિના ભક્તકવિ ત્રીકમદાસ ભવાનીશંકરે રચેલી 'પર્વતપચીસી'માં ગાયું છે. નરસિંહના પિતા કૃષ્ણદાસ ક્યાં રહેતા હતા એ સપ્રમાણ જાણવામાં આવ્યું નથી, પરંતુ નરસિંહના મોટા ભાઈઓમાંનો એક તળાજામાં રહેતો હતો અને તેથી કદાચ નરસિંહના પિતા પણ તળાજામાં રહેતા હતા એવું કહી શકાય.

તળાજામાં જન્મેલા નરસિંહનો ઇતિહાસ પણ તળાજામાં જ શરૂ થયો હતો. એનો ત્યાં ક્યારે જન્મ થયો હતો એનું નિશ્ચિત વર્ષ જાણવામાં આવ્યું નથી. એની આત્મચરિતની રચનાઓમાં જુદા જુદા પ્રસંગોનાં માસ-પક્ષ-તિથિ-વાર એણે આપ્યાં છે, પરંતુ, એક જ રચનાને અપવાદે, વર્ષ ક્યાંય આપવામાં આવેલ નથી. એનાં હારસમેનાં પદોના અંતભાગ નજીક વિ. સં. 1512 નું વર્ષ મળે છે. બેશક, એના ઉપરથી સંકલિત થયેલી હારમાળાની ભિન્ન ભિન્ન વધુ-ઘટુ પદોની વાચનાઓમાં માસ અને વારના વિષયમાં ભિન્નતા જોવા મળે છે. આમ છતાં હારસમેના એક પદમાં હરણલી (Orion–મૃગશીર્ષ નક્ષત્ર) આથમવા આવ્યાનો નિર્દેશ થયેલો હોઈ વિ. સ. 1512ના માગસર સુદિ 7 ને રવિવાર (તા. 16–11–1455)નો ચોક્કસ દિવસ પકડી શકાય છે. હારસમેનાં પદોમાં એક સ્થળે પુત્રીનું મામેરું ભગવાન તરફથી પુરાયાનું અને એના પુત્રના વિવાહનાં પદોમાં મામેરું ભવિષ્યમાં પુરાવાનું છે એવો નિર્દેશ થયેલો છે, એટલે વિવાહ, મામેરું અને હાર, એ ત્રણ પ્રસંગો એના જન્મનું વર્ષ શોધી કાઢવામાં સહાયક થઈ પડે એમ છે. એના પુત્રના લગ્નનો દિવસ વૈશાખ સુદિ પાંચમ ને ગુરુવારનો આપ્યો છે. માસ-પક્ષ-તિથિ-વારના બળ ઉપર આ વર્ષ ગણિતની દૃષ્ટિએ વિ. સં. 1496 નું બેસતું આવે છે

(તા. 7–4–1440). લગ્નસમયે પુત્રની ઉંમર બાર વર્ષ પૂરાં થયાની કહી છે એટલે પુત્રનો જન્મ વિ. સં. 1484 (ઈ. સ. 1428)નો આવી રહે છે. એણે પોતાના ગૃહત્યાગનો દિવસ 'ચૈત્ર સુદિ સાતમ અને સોમવાર' કહ્યો છે. ગણિતની દૃષ્ટિએ આ વર્ષ વિ. સં. 1484નું આવી રહે છે (તા. 23–3–1428). એનાં બે સંતાનોમાં પુત્ર મોટો કે પુત્રી મોટી એ કહેવું મુશ્કેલ છે, છતાં પુત્રનો નિર્દેશ વિવાહનાં પદોમાં પ્રથમ હોઈ પુત્રના જન્મ વખતે નરસિંહની ઉંમર ઓછામાં ઓછી અઢારેક વર્ષની સ્વીકારિયે તો નરસિંહના જન્મનું વર્ષ વિ. સં. 1466–67 (ઈ. સ. 1410–11) આવી રહે છે, જે અત્યારસુધી સ્વીકારવામાં આવેલાં વિ. સં. 1469–70 (ઈ. સ. 1413–14)થી નજીકનું જ છે, એટલું જ નહિ, એનાં આત્મ-ચરિતનાં પદોમાં બતાવેલી મિતિઓના સંદર્ભમાં વધુ ચોક્કસપણું સાધી આપે એમ છે.

એના જીવનમાં પલટો લાવનારો પહેલો પ્રસંગ એના ગૃહત્યાગનો અને શિવજીના આરાધનનો છે. એનું લગ્ન થઈ ચૂક્યું હતું અને ઉંમરે આગળ વધતાં પતિ-પત્ની પોતાનાં ભાઈ-ભાભીની સાથે રહેતાં હતાં ત્યાં એમની માથે ન પડે એ માટે નરસિંહ કોઈ ધંધો કરવા જતો હતો. એક દિવસે આખો દહાડો કામકાજ કરી સાંઝે ઘેર આવ્યો અને ભાભી પાસે પાણી માગ્યું ત્યારે ભાભીએ પાણી તો ન આપ્યું, વધારામાં મર્મવચન કહ્યાં—કાંઈક મહેણાં-ટોણાં માર્યાં અને નરસિંહને એ વચન કારી ઘા જેવા લાગ્યાં. મનમાં થયું કે જે પ્રમાણે અપરમાતાની ટકોરથી નાનો ધ્રુવકુમાર વનમાં ચાલ્યો ગયો અને તપ કરી સિદ્ધિ પામ્યો તે પ્રમાણે હું પણ ઘર છોડી ચાલ્યો જાઉં. એ રિસાયો અને ઘર છોડી વનમાં આવેલા કોઈ ઉજ્જડ શિવાલયમાં ગયો અને ત્યાં સાત દિવસ સુધી અનશનવ્રત લઈ આકરી તપશ્ચર્યા કરી. એ એની કાવ્યમય બાનીમાં કહે છે તે પ્રમાણે સાત દિવસને અંતે ભગવાન શિવજી પ્રસન્ન થયા અને વરદાન માગવા કહ્યું ત્યારે નરસિંહે શિવજીને જે પ્રિય હોય તે આપવાનું માગ્યું. શિવજી એને પોતાની સાથે દ્વારકા લઈ ગયા અને ત્યાં ભગવાન શ્રીકૃષ્ણની રાજલીલાનો

નરસિંહને સાક્ષાત્કાર કરાવ્યો. હારમાળાના પદમાં એ કહે છે તે પ્રમાણે ગોપેશ્વર મહાદેવે એને સ્વપ્નમાં વરદાન માગવાનું કહ્યું હતું. અને 'વિવાહ'માં પણ એ ત્રણ માસ સુધી દ્વારકામાં રહ્યો અને ભગવાન શ્રીકૃષ્ણની કૃપા પામી કાવ્યરચના કરવાનો આશીર્વાદ પામ્યો એવું જણાવે છે ત્યાં ભગવાને એના હાથમાં પુષ્પ મૂક્યું ત્યાં 'સાચું સુપન મેં દષ્ટ દેખ્યું' એવું એણે કહ્યું છે.

નરસિંહ મહેતો શિવજીના વરદાન અને ભગવાન શ્રીકૃષ્ણની કૃપા પ્રાપ્ત કર્યા પછી તળાજા ગયો અને ત્યાં એનાં ભાઈ-ભાભીને મળ્યો. એને ભાઈ-ભાભી તરફથી કાંઈક આદર પણ મળ્યો, પરંતુ હવે એની પાસે ગામગામથી અને દૂરદૂરથી સંતો-ભક્તો આવવા લાગ્યા. આ પરિસ્થિતિમાં એને ભાઈ-ભાભી સાથે તળાજામાં રહેવાનું યોગ્ય લાગ્યું નહિ અને જૂનાગઢમાં, જ્યાં નાગરો રહેતા હતા ત્યાં, એક નાનું મકાન ભાડે લઈ એમાં પતિ-પત્ની રહેવા લાગ્યાં. વિ. સં. 1484 (ઈ. સ. 1428)ના એના ગૃહત્યાગ પછી નજીકના સમયમાં જ એ પત્ની સહિત જૂનાગઢ જઈ રહ્યો. ત્યાં ગયા પછી પુત્ર સામળદાસનો એને ત્યાં જન્મ થયો, અને નજીકના જ વર્ષમાં પુત્રી કુંવરબાઈનો પણ જન્મ થયો.

પુત્રનાં લગ્ન વિ. સં. 1496 (ઈ. સ. 1440)માં થયાં ત્યાંસુધીનાં બાર વર્ષનો સમય નરસિંહે કોઈ કામધંધામાં ગાળ્યો કે માત્ર ભજન-કીર્તનમાં ગાળ્યો એ નિશ્ચિત રીતે કહેવું મુશ્કેલ છે. આમ છતાં શક્ય છે કે કાંઈક ઉદરનિર્વાહની પ્રવૃત્તિ સાથે નવાં નવાં પદો રચી દિવસનો અમુક ચોક્કસ ભાગ એ ભજન-કીર્તનમાં પણ ગાળતો હોય. આ બાર વર્ષના એના જૂનાગઢના નિવાસમાં નાગર ભાઈઓના ટીખળને પાત્ર એ બન્યો હતો એ વિવાહમાં જણાવ્યા પ્રમાણે, વડનગરથી મદન મહેતાનો દીક્ષિત ગોર મદન મહેતાની પુત્રી રતન માટે મુરતિયો શોધવા જૂનાગઢ આવ્યો ત્યાં નાતમાં કોઈ મુરતિયો એની નજરમાં ન આવતાં એ નિરાશ થઈ પાછો ફરતો હતો ત્યારે ટીખળી નાગરોએ દીક્ષિત ગોરને નરસિંહનું ઘર ભળાવી દીધું હતું, ત્યાં જોવા મળે છે.

સજાતીય નાગ... ા ટીખળને પાત્ર નરસિંહ કેમ થયો હતો એનું કારણ એનાં આત્મચરિતનાં પદોમાં બહુ સ્પષ્ટ નથી. નરસિંહની છાપ ધરાવતા એક પદમાં એનો હમેશાં ગિરનારની તળેટીમાં આવેલા દામોદરકુંડમાં નાહવા જવાનો નિયમ હતો. એક પ્રસંગે અસ્પૃશ્ય કોમના ગણાતા હરિભક્તો એની પાસે આવ્યા અને એને પગે લાગ્યા, તેમજ પ્રાર્થના કરી કે અમારે આંગણે પધારો અને કીર્તન કરો. નરસિંહને આ હરિભક્તો ઉપર કરુણા આવી અને કહ્યું કે ગાયના મૂત્રથી જમીન લીંપી ત્યાં તુલસીના છોડનો ક્યારો કરી રાખજો. નરસિંહ ત્યાં રાતે ગયો અને ત્યાં સાથે લાવેલો ભગવત્પ્રસાદ વાંટી આખી રાત્રિ ઉત્સવ ઊજવ્યો—ભજન-કીર્તન કર્યાં. જ્યારે સવારે ભગવદ્‌ભજન કરતો નરસિંહ ઘેર આવ્યો ત્યારે નાગરો પરસ્પર તાળીઓ આપતા બ્રાહ્મણના દીકરાના આવા ભગતડાવેડાની મજાક ઉડાવવા લાગ્યા. નરસિંહ મૂંગો રહી એ સહન કરી રહ્યો. સવારે લોકો જાગ્યા તે પણ નરસિંહના આ જાતના વિવેકહીન, અર્થાત્ કે બ્રાહ્મણથી અસ્પૃશ્યોના સ્થાનમાં જવાના કાર્ય તરફ ઘૃણા બતાવવા લાગ્યા. નરસિંહે પોતાને વૈષ્ણવોનો આધાર માત્ર હોવાનો—અર્થાત્ જ્યાં વૈષ્ણવો છે ત્યાં હું છું એ પ્રકારનો—જવાબ માત્ર આપ્યો. અને એના અનુસંધાનમાં નીચેનું પદ એણે ગાયું :

'એવા રે અમો એવા રે એવા, તમે કહો છો વળી તેવા રે.
ભક્તિ કરતાં જો ભ્રષ્ટ કહેશો તો, કરશું દામોદરની સેવા રે.

* * *

સઘળા સાથમાં હું એક ભૂંડો, ભૂંડાથી વળી ભૂંડો રે.
મારે મન માને તે કહેજો, સ્નેહ લાગ્યો છે મને ઊંડો રે.

* * *

હળવાં કર્મના હું નરસૈંયો, મુજને તો વૈષ્ણવ વાહાલા રે.
હરિજનથી જે અંતર ગણશે. તેના ફોગટ ફેરા ઠાલા રે.'

[નરસિંહ મહેતાકૃત કા. સં., પૃ૦ 471]

નરસિંહે અહીં અસ્પૃશ્ય કોમના પણ જો વૈષ્ણવ હોય તો એમના તરફ 'આ બ્રાહ્મણ છે અને આ અસ્પૃશ્ય છે' એવી ભેદરેખા કરવાની સ્પષ્ટ ના કહી ભાગવતમાર્ગ–ભક્તિમાર્ગના ઉદાત્ત સિદ્ધાંતની પ્રતીતિ કરાવી છે. આમ મહાત્મા ગાંધીજીએ દલિત કોમને માટે 'હરિજન' શબ્દ સ્વીકારી વ્યાપક કર્યો એના મૂળમાં નરસિંહે પ્રયોજેલો 'હરિજન' શબ્દ કારણભૂત છે.

નાગર કોમ જૂના સમયથી પોતાની આચારશુદ્ધિ માટે જાણીતી છે. નરસિંહની આચારવિષયક ઉદારતા એમને ન રુચે એ એટલું જ સ્વાભાવિક છે, તેથી જ્ઞાતિજનોનો એના તરફ આંતરિક તિરસ્કાર રહ્યો હોય તો એ સ્વાભાવિક છે.

અને નરસિંહના શબ્દોમાં જ નાગરી નાતની પોતા તરફની ટીખળી વૃત્તિનો ખ્યાલ મળે છે જ. અને એનાથી ગભરાયા વિના એક વૈષ્ણવ ભક્ત તરીકેના વર્તનમાં એણે ઊણપ આવવા દીધી નહોતી. એને ભગવાનમાં પૂર્ણ શ્રદ્ધા હતી અને એવો પ્રબળ વિશ્વાસ પણ હતો કે પ્રભુ પોતાના ભક્તની ભીડના પ્રસંગો ઉકેલી આપે છે. પુત્રના લગ્નનો પ્રસંગ એણે એ વિશ્વાસના અનુસંધાનમાં નિરૂપ્યો છે. જાન જૂનાગઢથી તેર દિવસની દડમજલે ગુજરાત–ઉત્તર ગુજરાતના વડનગરમાં આવે છે. એ વખતે ઉત્તર ગુજરાત તેમજ મધ્ય ગુજરાત ઉપર મુસ્લિમ ગુજરાતી સલ્તનતની સત્તા હતી. સામળદાસના લગ્નનું વર્ષ ઈ. સ. 1440 નું ચોક્કસ હોય તો એ સમયે ઈ. સ. 1411 થી પોતાના દાદા મુઝફ્ફરશાહની પછી ગાદીએ આવેલો અને ઈ. સ. 1414 માં અસાવલ અને કર્ણાવતીની નજીક સાબરમતીના પૂર્વ કિનારા ઉપર 'અહમદાબાદ' નામથી નવી રાજધાની વસાવી મુસ્લિમ સત્તાને ગુજરાતમાં સ્થિર કરતો અહમદશાહ પહેલો (ઈ. સ. 1411–1442) સત્તા ઉપર હતો. મદન મહેતો એનો વડનગરનો હાકેમ હતો એવું નરસિંહે મદન મહેતાના આછા આપેલા પરિચયથી ફલિત થાય છે. લગ્નનું કાર્ય જે રીતે ઊકલે છે તેનો વિચાર કરતાં નરસિંહની ભગવાન તરફની પ્રબળ ભક્તિ જ આ પ્રસંગને સાંગોપાંગ ઉકેલી આપે છે એવું જોવા મળે છે.

ડગલે અને પગલે અંતર્યામીના સાહચર્યનો એ અનુભવ કરે છે. લોકો પણ આ પ્રસંગ આવી સફળતાથી ઊકલ્યાનો આનંદ અનુભવે છે.

એણે 'મામેરા'માં જણાવ્યું છે તે પ્રમાણે થોડા જ સમયમાં પત્ની માણેક મહેતી અને પુત્ર સામળદાસ મૃત્યુ પામ્યાં હતાં. એ ગાળામાં પુત્રી કુંવરબાઈનાં લગ્ન દક્ષિણ સૌરાષ્ટ્રમાં ગીરપંથકને દક્ષિણ ભાગે આવેલા ઊના ગામના સ્વજ્ઞાતિના શ્રીરંગ મહેતાના પુત્રની સાથે થઈ ચૂક્યાં હતાં. પુત્રીના સીમંતનો પ્રસંગ આવ્યો તે પૂર્વે એના જીવન સાથે સંબંધ ધરાવતા બીજા બે પ્રસંગ બની જાય છે. એ પ્રસંગોમાંનો કયો પહેલો અને કયો પછી એ કહેવું મુશ્કેલ છે. આમાંનો એક પ્રસંગ 'હૂંડી'નો છે. વિદેશી જાત્રાળુઓ–તીરથવાસીઓ જૂનાગઢની યાત્રા કરવા આવ્યા હતા. જૂનાગઢની યાત્રા પતી જતાં એમની ઇચ્છા દ્વારકાની યાત્રા કરવા જવાની હતી, પરંતુ એ યુગમાં દ્વારકાની યાત્રા માર્ગની મુશ્કેલીવાળી ગણાતી હશે એટલે જાત્રાળુઓની ઇચ્છા કે રોકડ રૂપિયા સાથે ન લઈ જતાં કોઈ વેપારી પાસે એને એટલા રૂપિયા સોંપી એટલાની હૂંડી લખાવી સાથે લઈ જવી. તીરથવાસીઓ નગરમાં એવા કોઈ સધ્ધર વેપારીની શોધમાં હતા, અને એવો કોઈ ન મળતાં નિરાશ થયા હતા તેવામાં ટીખળી નાગરોએ નરસિંહ મહેતાનું ઘર ચીંધાડી દીધું. પ્રભુમાં પરમ શ્રદ્ધા ધરાવનાર નરસિંહે રૂ. 700 સાતસો રોકડા ગણી લઈ દ્વારકાના સામળશા શેઠ ઉપર હૂંડી લખી આપી. જાત્રાળુઓ દ્વારકા પહોંચ્યા અને ત્યાં સામળશા શેઠની તપાસમાં નીકળતાં એવા કોઈ શેઠનો પત્તો ન લાગ્યો ત્યારે પોતે છેતરાયા એમ માનવા લાગ્યા, એવામાં સામળશા શેઠનો ભેટો થયો અને શેઠે હૂંડીના રૂ. 700 રોકડા ગણી આપ્યા. નરસિંહે એ સાક્ષાત્ ભગવાન સામળશા શેઠ તરીકે આવીને ભક્તની લાજ રાખી ગયા એવું પૂરા ભક્તિભાવપૂર્વક 'હૂંડી'ના કાવ્યમાં ગાયું છે.

બીજો એક રમણીય પ્રસંગ સં. 1501 ના માગસર સુદિ છઠ ને સોમવાર (તા. 16–11–1444) ના દિવસની મધ્યરાત્રિનો કહેવામાં આવ્યો છે. નરસિંહ મહેતાના કાકા પરબતદાસ વર્ષોથી માંગરોળ(સોરઠ)માં રહેતા હતા.

ત્યાં એ શી પ્રવૃત્તિ કરતા હતા એ જાણવામાં આવ્યું નથી. સંભવ છે કે ત્યાંના હાકેમની કે એવી કોઈ નોકરીમાં હોય. એમનો નિયમ હતો કે દર વર્ષે હથેળીમાં તુલસીનો રોપ વાવી એ રીતે દ્વારકાની યાત્રાએ શ્રી-દ્વારકાધીશ–રણછોડરાયજીનાં દર્શન કરવા માટે જવું. એના એક વંશજ ત્રીકમદાસ ભવાનીશંકરે 'પર્વતપચીસી'માં જણાવ્યા પ્રમાણે સાઠેક વર્ષ સુધી આ ક્રમ સચવાયો હતો. આ વર્ષે રાબેતા મુજબ એ નીકળ્યા અને માંગરોળથી ઉત્તર-પશ્ચિમે લગભગ વીસ કિ. મી. ઉપર આવેલા આજક ગામના પાધરમાં આવેલા સીતામાઈ તરીકે જાણીતા વિષ્ણુતીર્થમાં આવી રાત રહ્યા, જ્યાં એમને સ્વપ્નમાં ભગવાનની આજ્ઞા થઈ કે હું જ તારી પાસે માંગરોળ આવું છું. ભક્ત વળતે દિવસે માંગરોળ આવ્યા. એ દરરોજના નિયમ પ્રમાણે પોતાના નાગરવાડા(બહારકોટ)માંના મકાનની નજીકમાં નગરના ઉત્તર દરવાજાની અંદર આવેલી ગોમતી વાવમાં નાહવા ગયા ત્યારે ત્યાં વાવમાં એમને શ્રીરણછોડરાયનું કાળા પાષાણનું દશાંગુલ સ્વરૂપ મળ્યું. એ દિવસે દીવનો વાસુદેવ સલાટ કાળા પથ્થરનું એક નાનું સિંહાસન દરિયામાર્ગે લઈ દ્વારકા અર્પણ કરવા જતો હતો તેને દરિયામાં તોફાન નડતાં માંગરોળને બંદરે ઊતરી ગયેલો. એણે પરબતદાસને ત્યાંના આ ઉત્સવની વાત સાંભળી એટલે એમને ત્યાં પેલું સિંહાસન લાવ્યો અને શ્રીરણછોડ-રાયજીને પધરાવવાને માટે આપ્યું. એ દિવસ મોટા ઉત્સવનો ઊજવાયો. એ દિવસે રાત્રિના સમારંભમાં નરસિંહ મહેતો પણ હાજર હતો અને પ્રભુનાં કીર્તન ગાવામાં રાત્રિનો સમય વિતાવ્યો હતો. વચ્ચે જ્યારે એને તૃષા લાગી ત્યારે એની ઘણું કરીને વિધવા પુત્રવધૂ પાણીની ઝારી લઈ ને આવી ત્યારે નરસિંહે ભક્તિના આવેશમાં એ સાક્ષાત્ મોહિનીસ્વરૂપે ભગવાન જ આવ્યા છે એ રીતે ત્રણ પદ ગાયાં અને ચોથામાં એ 'રતનબાઈ' જ છે એમ પણ ગાયું. આ ચાર પદ 'ઝારીનાં પદ' તરીકે જાણીતાં છે અને એમાંના ત્રણ નરસિંહની ઉચ્ચ પ્રકારની કવિપ્રતિભાનાં દ્યોતક છે.

દીકરી કુંવરબાઈનાં લગ્ન ક્યારે થયાં એ વિશે નરસિંહે ક્યાંય જણાવ્યું નથી, પરંતુ 'મામેરા'ના એક પદમાં પત્ની-પુત્રના મરણ પછી કુંવરબાઇનું

આણું આવેલું અને એ સાસરે જઈ રહી અને હૂંડીનો પ્રસંગ બન્યો ત્યારે હૂંડીના પત્રમાં કુંવરબાઈના સસરા તરફથી કુશળતાના સમાચાર આવ્યા કરે છે એ મતલબનું એણે ગાયું છે, એટલે પત્ની અને પુત્રના મરણ પછી હૂંડીનો પ્રસંગ બન્યાનું અને કુંવરબાઈના સીમંતનો પ્રસંગ એ પછી આવ્યાનું કહી શકાય એમ છે. પુત્રીના સીમંતનો પ્રસંગ ઊનામાં ઊજવાયો હતો. કંકોતરી મળતાં નરસિંહ, પત્ની અને પુત્ર ન હોવાને કારણે, પોતે એ પ્રસંગે મામેરું કરવાને ગયો હતો. એણે 'મામેરા'નાં પદોમાં ગાયું છે તે પ્રમાણે એ દિવસ ચૈત્ર સુદિ બારસનો હતો. વાર આપ્યો નથી એટલે વર્ષનો માત્ર અંદાજ કરવાનો રહે છે અને એ વિ. સં. 1501–ઈ. સ. 1445નું વર્ષ હોવાની સંભાવના છે. એ વહેવાઈને ઘેર પહોંચ્યો અને નાહવાને સમયે પાણી આવ્યું. પાણી સખત બળબળતું હતું તે સમોવવાને એની પ્રાર્થનાથી વરસાદ આવ્યો, તો જ્યારે કુંવરબાઈની વડસાસુને મોસાળાની યાદી કરાવવા વિનંતિ કરી ત્યારે વહેવાઈ મહાન ધનાઢ્ય હોય એ રીતનો જાણે કે ગણી વડસાસુએ પહેરામણી લખાવી. નરસિંહ ગાય છે કે ભગવાન અને લક્ષ્મી 'દામોદર દોશી' અને એની પત્નીના રૂપમાં આવ્યાં અને મામેરું પૂરી આપ્યું. પુત્રના લગ્નની જેમ જ ઉચ્ચ પ્રતિભાથી એણે 'મામેરા'માં પદ પણ ગાયાં છે. માતા વિનાની પુત્રીની નરસિંહ ઠાલે હાથે ગયો છે તે વખતની મનોવેદના મનોવેધક રીતે ગાવામાં આવી છે, તો મામેરાની પૂરણી અદ્‌ભુતરસનો સુંદર નમૂનો છે.

આ ચાર પ્રસંગો પછીનો પોતાના જીવનનો પાંચમો પ્રસંગ એની ભક્ત તરીકેની આકરી કસોટીનો જૂનાગઢના એ સમયના રાજવી રા' માંડલિકના દરબારનો છે. નરસિંહના વૈષ્ણવત્વનો દ્રોહ કરનારા લોકોએ, નરસિંહ પાસે અનેક ભક્તજનો–સ્ત્રીઓ અને પુરુષો–ભગવદ્‌ભજનમાં ભાગ લેવાને આવતાં હોઈ, એ વર્ણધર્મનો ભંગ કરનારો કોઈ લંપટ છે, એવી જાતની નિંદા વ્યાપક કરી હતી અને એની ચાડી રાજા સુધી પહોંચી હતી. આથી રાજાએ એને પકડી મગાવ્યો અને ભગવાન દામોદરના ગાઢ ભક્તને હુકમ કરવામાં આવ્યો કે જો તું સાચો અને પ્રામાણિક વૈષ્ણવ હો તો તારા ઇષ્ટ

દેવ તને આવી હાર પહેરાવી જાય; તો જ તને અહીંથી મુક્ત કરવામાં આવે. આ પ્રસંગે એણે 'હારસમેનાં પદ' તરીકે જાણીતાં પદ ગાયાં હતાં. એના પૂર્વના ચાર પ્રસંગોમાં આર્ત ભક્તિનો વિશિષ્ટ રીતનો વેગ પ્રબળ પ્રકારનો જોવા મળતો નથી, પરંતુ આ પદોમાં એની માત્રા પ્રબળતમ જોવા મળે છે. અર્થાત્ એના જીવનનો આ પ્રસંગ આકરી કસોટીનો હતો. આખી રાત્રિ એણે ભગવાનનાં ગુણગાન ગાયાં છે અને પ્રાર્થનાનો પ્રવાહ વહાવ્યો છે. છેક અરુણનો ઉદય થયો અને આકાશમાં મૃગશીર્ષ નક્ષત્ર (એ માગસર મહિનો હતો એટલે) આથમવા આવ્યું ત્યાં-સુધી એણે પદ ગાયાં, અને અંતે 'ભગવાન કેશવે કંઠથી હાર વડો કરી (ઉતારી) નરસિંહની ગ્રીવામાં પ્રેમપૂર્વક આરોપ્યો' એવું ગાન નરસિંહ સંતોષપૂર્વક કરે છે.

હારસમેનાં પદોને અંતે જણાવ્યા પ્રમાણે, આ પૂર્વે બતાવ્યું છે તે પ્રમાણે, આ દિવસ તે વિ. સં. 1512નો, માગસર સુદિ સાતમ અને રવિવાર (તા. 16–11–1455)નો જાણવામાં આવ્યો છે. આ પ્રસંગ આવ્યો ત્યારે નરસિંહની પુત્રી કુંવરબાઈ પણ વિધવા થઈ ચૂકી હતી.

હારસમેનો પ્રસંગ પછીના આખ્યાનકારોને હાથે વ્યવસ્થિત રીતે વિકસ્યો છે અને રા' માંડલિકના દરબારમાં નરસિંહ અને વૈષ્ણવ સંન્યાસી ભીમ તેમજ બીજા સ્માર્ત સંન્યાસીઓની વચ્ચે આરંભનો કેટલોક ભાગ સંવાદ અને ચર્ચાના રૂપમાં, કદાચ નરસિંહના દેહાંત પછી નજીકના સમયમાં જ, નિરૂપાયો છે, જેમાં નરસિંહનાં હારસમેનાં ગાયેલાં પદોને ત્યાં ત્યાં વણી લેવામાં આવ્યાં છે. વર્ષો સુધી 'હારમાળા'નાં પ્રથમનાં પચાસ પદની માળાથી લઈ 108 પદો અને પછી તો એ સંખ્યા વધતાં વધતાં 250–300થી પણ વધી છે, જેમાં નરસિંહના ભિન્ન ભિન્ન પ્રસંગનાં પદો પણ સમાવી લેવામાં આવ્યાં છે. ગુજરાતી ભાષાના ઉચ્ચ કક્ષાના આખ્યાનકાર પ્રેમાનંદે પણ સંકલના કરી હોવાનું કહેવામાં આવ્યું છે, જેને પ્રમાણિત કરવાનું હજી સુધી તો શક્ય બન્યું નથી.

'હૂંડી' અને 'મામેરું' તો પછીના આખ્યાનકારોએ પોતપોતાની

સ્વતંત્ર રચનાઓથી સ્વતંત્ર રીતે આખ્યાનરૂપમાં—એક આદર્શભક્તનાં પૌરાણિક આખ્યાનોના રૂપમાં—ગાયાં છે. ગુજરાતી સાહિત્યના ઇતિહાસમાં નરસિંહ એક એવો ભક્તજન થયો છે કે જેને નાયક તરીકે ચીતરી આખ્યાનો આપવાનો પ્રયત્ન થયો છે. ઉપરના પ્રસંગો ઉપરાંત પ્રેમાનંદે નરસિંહના પિતાનું 'શ્રાદ્ધ' પણ ગાયું છે, જેમાં પત્નીની અરજથી નરસિંહ મહેતો બજારમાં ભોજનાદિ સામગ્રી ખરીદવા ગયો ને ક્યાંક ભજન ચાલતાં હતાં તેમાં બેસી ગયો. ઘેર પત્ની રાહ જોતી રહી, ત્યાં ભગવાન જ નરસિંહનું રૂપ લઈને આવ્યા અને શ્રાદ્ધ સરાવવાનો સમગ્ર પ્રસંગ સંપન્ન કરી આપ્યો, જેની નરસિંહ સાંઝે ભજનકીર્તનમાંથી પાછો આવ્યો ત્યારે ખબર પડી. આ પ્રસંગ નરસિંહ મહેતાએ પોતે ગાયો હોય તો હજી એ પ્રકારનાં એનાં પદ જાણવામાં આવ્યાં નથી.

નરસિંહ મહેતાના જીવનનો એના લગ્ન પછી ભાભીના મહેણાને કારણે ગૃહત્યાગ અને તપશ્ચર્યા, તપશ્ચર્યા પછી ફરી વતન તળાજામાં આગમન, અને વધુ સ્વસ્થતાથી રહેવા નાગરી નાત વચ્ચે જૂનાગઢમાં આવી નિવાસ અને ત્યાં એના જીવનના જુદા જુદા એણે નિરૂપેલા પ્રસંગ, માંગરોળ (સોરઠ)માંનો ઝારીના પ્રસંગને અપવાદે, અને છેલ્લો પ્રસંગ રા' માંડલિક તરફથી હારની કસોટીનો, એ વિ. સં. 1512–ઈ. સ. 1455 માં, આ પછી એનું જીવન ક્યાં કેવી રીતે વીત્યું એ જાણવાનું કોઈ પ્રામાણિક સાધન આપણી પાસે નથી. પાછળથી એના નામ ઉપર 'સુરતસંગ્રામ' અને 'ગોવિંદગમન' નામની બે રચના ચડાવવામાં આવી છે તેમાંના 'ગોવિંદગમન'. માં જ્યારે 'અંગમાં વળિયાં (કરચલીઓ) અને પળિયાં (માથે સફેદ વાળ) આવી પડ્યાં ત્યારે આ કાવ્ય લખ્યું' એમ કહેવડાવવામાં આવ્યું છે; અર્થાત્ નરસિંહે એની વૃદ્ધાવસ્થામાં 'ગોવિંદગમન' લખ્યાનું સૂચવાયું છે, પરંતુ "નરસિંહનો ગુણ ગાવાનો નિશ્ચય હતો, માટે એવી રીતે ગુણ ગાવાની દશામાં (કોઈ અન્ય માણસે) એ 'ભખિયું' ('ભાખ્યું'—નરસિંહના સમયમાં ન પ્રયોજાય તેમજ કદી ક્યાંય ન પ્રયોજાયેલું રૂપ) ગાયું"—એટલે શ્રદ્ધેય નથી. નરસિંહે ઘણું ઘણું ગાયું છે, એટલે દીર્ઘ જીવન ગાળ્યું

હશે એમ કહી શકાય, પણ પાછલું જીવન ક્યાં ગાળ્યું? મહમૂદ બેગડાનાં સૈન્યોએ ઈ. સ. 1470ના ડિસેમ્બરની 4થી તારીખે (વિ. સં. 1527ના માગસર માસમાં) જૂનાગઢનો કિલ્લો સર કર્યો, [એક મતે રા' માંડલિક માર્યો ગયો, બીજે મતે એ કેદ પકડાયો (પ્રચલિત માન્યતા પ્રમાણે બેગડાના વ્રતની પૂર્તિ માટે 'રા' જીવતો પકડાયો છે' એ કહેવા કોઈ અન્યને માંડલિક તરીકે અમદાવાદમાં સુલતાન સમક્ષ રજૂ કરાયો), એને મુસલમાન બનાવવામાં આવ્યો, અને મરણ પામતાં એની કબર અમદાવાદમાં માણેક ચોક પાસે કંદોઈ ઓળમાં કરવામાં આવી.] અને જૂનાગઢનું ચૂડાસમાઓનું રાજ્ય સુલતાન મહમૂદ બેગડાની સત્તા નીચે આવ્યું ત્યાંસુધી નરસિંહ કદાચ જીવતો હતો. માંગરોળ(સોરઠ)માં સમુદ્રકિનારે જૂના સ્મશાનને 'નરસિંહનું સ્મશાન' કહેવામાં આવતું હોઈ એક સંભાવના કરવામાં આવી છે કે રા' માંડલિકના વધુ પડતા ઉપદ્રવને કારણે નરસિંહ એના કાકા પરબતદાસને ત્યાં માંગરોળ(સોરઠ)માં જઈ રહ્યો હોય. એના સાહિત્યની વિશાળતા જોતાં એણે જૂનાગઢથી આરંભ કરી એના માંગરોળના શક્ય પાછલા જીવન સુધીમાં પ્રસંગે પ્રસંગે અનેક પદ ગાયાં. પરબતદાસ પણ ઉચ્ચ કોટિના ભક્ત હતા અને એમની છાપનાં પદ પણ જાણવામાં આવ્યાં છે, જે નરસિંહના સહવાસ અને સત્સંગના ફલસ્વરૂપે હોય. કાકા ભત્રીજા વચ્ચે ત્રીસેક વર્ષોનું અંતર હતું; નરસિંહના જીવન સુધી પરબતદાસ જીવતા જ હશે એમ કહી શકાય નહિ. પરબતદાસના પુત્રે કે પુત્રોએ નરસિંહની પાછલી જિંદગી સાચવી લીધી હોય તો એ અસંભવિત નથી.

નરસિંહ મહેતાના સાહિત્યમાં મરાઠી સંત નામદેવના પ્રકારની રચનાઓ, नामा म्हणे પ્રકારની 'ભણે નરસિંયો' છાપ (બેશક, જયદેવે એના ગીતગોવિંદમાં भणति जयदेवः ની છાપ આપી જ છે, અને નરસિંહ ગીતગોવિંદથી પૂરો વાકેફ હતો જ—એણે 'જયદેવ'નો નામનિર્દેશ કર્યો છે, એટલું જ નહિ, એની 'ચાતુરી'ઓ 'ગીતગોવિંદ'ના અનુકરણમાં રચાઈ જ છે), નામદેવના અભંગોની પડછે નરસિંહના ઝૂલણાઓની વિપુલ પ્રમાણમાં રચના, હારસમેના એક પદમાં 'દેવા અહ્મચી વાર કાં બધિર

હોઈલા, આપુલા ભક્ત કાં વિસરી ગેલા' જેવી મરાઠી અસર, અને 'નરસિંયા-ચા સ્વામી'ની પણ વ્યાપક છાપો (ભીમ, મંડણ, કર્મણ વગેરે પદકારોએ નરસિંહ પછી 'ચા' વાળી છાપ ચાલુ રાખી જ હતી.)—આ જોતાં દક્ષિણના વારકરી સંપ્રદાયની છાયામાં નરસિંહ આવ્યાનું કહી શકાય એમ છે. નરસિંહની ઉજ્જ્વલ પ્રતિભાએ, એક બાજુ સંસ્કૃત ભાગવત પુરાણ, ગીતગોવિંદ જેવા ગ્રંથોનો ગાઢ પરિચય, તો બીજી બાજુ નામદેવના ઉપરાંત એનાં સમકાલીન કબીરના સાહિત્યનો પણ પરિચય—આ બધા બળ ઉપર ઉચ્ચ કોટિનું ભક્તિસાહિત્ય, ભગવાન કૃષ્ણની લીલા વિશેનું સાહિત્ય, અને નામદેવના સુદામાચરિતના અનુકરણમાં સુદામાનાં પ્રભાતિયાં, વગેરે સાદર કરી આપ્યાં. એ કવિ માત્ર નહોતો, એ ઉચ્ચ કોટિનો ભક્ત હતો, અને નાભાજીએ એ જ કારણે 'ભક્તમાળ'માં એનું ચરિત નિરૂપ્યું છે. એનાં પદોના માધુર્યને કારણે પુષ્ટિમાર્ગીય મંદિરોમાં ગવાતાં અષ્ટછાપના વ્રજભાષાના કવિઓનાં પદો-કીર્તનોની સાથે ભિન્ન ભિન્ન લીલાચરિતને લગતાં નરસિંહનાં પદો પણ કીર્તનસંગ્રહોમાં જૂના સમયથી લખાતાં-ગવાતાં આવ્યાં જોઈ શકાય છે. ગુજરાત-સૌરાષ્ટ્રમાં શ્રીવલ્લભાચાર્ય મહાપ્રભુજીએ અને એમના પુત્ર શ્રીવિઠ્ઠલનાથ ગુસાંઈજીએ ભક્તિમાર્ગ-પુષ્ટિમાર્ગનો પ્રસાર કર્યો, ખુદ પરબતદાસના વંશજો એ માર્ગના અનુયાયી બન્યા અને એ વંશે 'વૈષ્ણવ' અટક મેળવી, એ પહેલાં નરસિંહના ભક્તિસાહિત્યે વૈષ્ણવ ભક્તિમાર્ગને પ્રબળ વેગ સાધી આપ્યો હતો. આમ એ ગુજરાત-સૌરાષ્ટ્રમાં ભક્તિમાર્ગનો પુરસ્કારક હતો તે જ પ્રમાણે હજારોની સંખ્યામાં ઊર્મિના ઉછાળા લેતાં, કાવ્યશાસ્ત્રના-રસશાસ્ત્રના પણ સિદ્ધાંતોને પોતામાં સનાથ કરતાં પદોની રચના કરીને ગુજરાતી સાહિત્યને પણ સ્વતંત્ર ભાષાની ક્ષમતા આપવામાં પણ 'આદિ' હતો. આ જ કારણે ગુજરાતી સાહિત્યના ઇતિહાસમાં, એ લખાતો થયો ત્યારથી, નરસિંહ 'આદિકવિ' કહેવાયો છે. આજે ગુજરાતીનું—જૂની 'ગુર્જર ભાખા' કિંવા મધ્યકાલીન ગુજરાતી ભાષાનું સાહિત્ય વિપુલ પ્રમાણમાં જાણવામાં આવ્યું છે—કેટલુંક પ્રસિદ્ધ પણ થયું છે, છતાં એના 'આદિકવિ' એ બિરુદને અસિદ્ધ કહેવાનું કોઈ કારણ હજી તો મળ્યું નથી.

2. સાહિત્યસાધનાને પંથે

પોતાની અઢારેક વર્ષની ઉંમરમાં તળાજા છોડી જૂનાગઢમાં આવી વસેલા નરસિંહને અભ્યાસ કરવાનો યોગ મળ્યો હોય તો એ માત્ર તળાજામાં જ. અધ્યાપનકાર્ય કરનારા 'પંડ્યા' કુટુંબનો હોઈ, સંભવ છે કે, એણે પોતાના પિતાની પાસે યા તો તળાજાના કોઈ અન્ય વિદ્વાન પાસે સંસ્કૃત ભાષાનો અભ્યાસ કર્યો હોય. ખાસ કરી 'રાસસહસ્રપદી'નાં પદ જોતાં એનો ભાગવતપુરાણના દશમસ્કંધનો અભ્યાસ સૂચક કોટિનો છે. સંખ્યાબંધ સ્થળે મૂળના શ્લોકોના, મૂળના શબ્દોને જાળવીને, ભાવાનુવાદ પદ્યમાં કરેલા પકડાય છે. 'વિવાહ'માં વડનગરથી આવેલા દીક્ષિતના મુખમાં નરસિંહનાં લક્ષણો વિશેના અભિપ્રાયમાં —

'ભક્તમહિમા કહ્યો, ભાગવતમાં લહ્યો,
પુરાણ ગીતા સુણી વેદવાણી.
વિષ્ણુના ભક્ત તે અમળ હોયે સદા,
સંગ કીધે થાય શુદ્ધ પ્રાણી. દી૦ 5'

(આ. ચ. કાવ્યો, પૃ૦ 18)

આવાં જે વચન મુકાયાં છે તેમાં ભાગવતપુરાણ, અન્ય પુરાણો, ગીતા અને વેદવાણીનો નરસિંહ મહેતાનો પરિચય અભિપ્રેત છે. નાગર બ્રાહ્મણોમાં પોતપોતાના વેદની સંહિતા મુખપાઠ કરવાનો રિવાજ જૂના સમયથી વ્યાપક હતો એટલે સંહિતાપાઠ ઉપરાંત સંસ્કૃત ભાષાના પાઠ્યગ્રંથોનો અને રુચિ અને જરૂરિયાત પ્રમાણે પુરાણાદિનો અભ્યાસ થતો હોવાનું આ વાક્યથી સ્પષ્ટ થાય છે. ભાગવતના શુકદેવે અને ગીતગોવિંદકાર જયદેવે ભગવાન કૃષ્ણની શૃંગારલીલાનો આસ્વાદ ચાખ્યાનું પણ એ કહે છે :

'સારમાં સાર શણુગાર-રસ કીધલા,
તેહ જાણી થઈ મુખ મોડે.

એ રસ શુકદેવ-જેદેવે ચાખિયો,
નાથ લખમી તણો હાથ ઓડે.'
(નરસૈં મહેતાનાં પદ, પૃ૦ 205)

વળી અન્યત્ર—

'એ રસ જાણે જવરલો રે જોગી, કેવલી મુનિવર જાણે રે,
શુકસનકાદિક નારદ જાણે, જેહને વેદ વખાણે રે, 3
કે રસ જાણે વ્રજની રે ગોપી કે જેદેવે પીધો રે,
ઊભરતો રસ ઢલતો હુતો નારસીંહએ ઝોંટીને લીધો રે. 4'
(ન. મ. પદ, પૃ૦ 8)

નરસિંહ મહેતાનો 'ગીતગોવિંદ'નો પરિચય—

'**त्वमसि** શૃંગાર **मम** હાર ઉર ભૂષણા,
त्वमसि मम मग्न ચિત સંગ દોલે.'
(ન. મ. પદ, પૃ૦ 10)

અને 'રાસસહસ્રપદી'ના એક પદમાં—

'**धीरसमीरे जमनातीरे** ત્રિવિધા તનના તાપ શમે.'
(રાસસહસ્રપદીનો સમુદ્ધાર, પૃ૦ 377)

'ગીતગોવિંદ' (11–3) અને (11–1)માંના શબ્દો જ નરસિંહે ઉપાડી લીધા છે.

એના મરાઠી સાહિત્યના પરિચયનો પરિપાક આગંતુક છે અને પરિચયથી એને અનુકરણીય બન્યો છે. એની ઝૂલણાની સેંકડો કડીઓ પાછળ નામદેવના અભંગોનું અનુકરણ પકડી શકાય છે.

એના પ્રસિદ્ધ થયેલા સાહિત્યનો અભ્યાસ કરતાં એણે આપેલી વિશાળ સાહિત્યસેવાનો ખ્યાલ આવે છે. એની રચનાઓને ચાર મુખ્ય વિભાગમાં ફાળવી શકાય : 1 આત્મચરિતનાં પદ, 2 આખ્યાન કોટિની નિરૂપણાત્મક કૃતિઓ, 3 જ્ઞાનભક્તિ-નિરૂપક તેમજ ઉપદેશાત્મક પદો અને 4 ઊર્મિના ઉછાળા લેતાં રસપ્રચુર ભાવગીતો. ભાવગીતોમાં જેમ એ આત્મલક્ષિતા

બતાવે છે તે પ્રમાણે 'ચાતુરીઓ' જેવી નિરૂપણાત્મક કૃતિઓમાં પણ બતાવે છે.

1. આત્મચરિતની કૃતિઓ

આ પૂર્વે બતાવવામાં આવ્યું છે તે પ્રમાણે આત્મચરિતની નીચેની રચનાઓ એના પ્રામાણિક સ્વરૂપમાં આજે સુલભ છે :

(1) વિવાહ, (2) મામેરું, (3) ઝારી, (4) હૂંડી અને (5) હાર. આ પાંચે રચનાઓમાંથી ખડું થતું એનું આત્મચરિત આ પૂર્વે બતાવવામાં આવ્યું છે. નિરૂપણાત્મક આ રચનાઓમાં ઊપસી આવતાં બે તત્ત્વોનાં દર્શન થાય છે : અ. એની આર્તભક્તિ અને આ. એની કવિપ્રતિભા.

અ. આર્તભક્તિ

'ઝારી'ને બાદ રાખતાં બાકીની ચાર રચનાઓમાં તે તે પ્રસંગે એના ઉપર આવી પડેલી આપત્તિમાં પ્રભુની સહાય માટેની એની તાલાવેલીની માત્રાના વધુ-ઘટુ અંશોનાં દર્શન થાય છે. એ જ્યારે 'વિવાહ'માં એમ કહે છે કે

'કષ્ટ પડે તિહાં સાહ્ય થાજો તમ્યો.
ગાઉં જશ તાહરા મધુરી વાણી. શી૦ 6'

(આ. ચ. કાવ્યો, પૃ૦ 9)

—ત્યારે મુખ્ય આશય મધુર વાણીથી ભગવાનનાં ગુણગાન કરવાનો છે, જેમાં નિમિત્ત એ પોતા ઉપર પડનારાં કષ્ટોને કહી એવે સમયે પ્રભુએ આવી કષ્ટ દૂર કરવાનું સૂચવે છે. એને એક વાતની પક્કી ખાતરી છે કે

'કરમચા ભાગ તે ભોગવ્યે છૂટકો;
નીપજે સર્વ, જે હોય ભાવી. હ૦ 1'

એટલે જ આ પહેલાં એણે ગાયું હતું કે—

'હરિરસ ગાવા ને જે મળે ખાવાને,
હાર-ઇચ્છા મને સંતોષ લ્યાવી.'

(આ. ચ. કાવ્યો, પૃ૦ 13)

એની અંગત જરૂરિયાત કશી જ નહોતી; માત્ર ભિન્ન ભિન્ન પ્રગરણના પ્રસંગ અને અચાનક આવી પડેલી કોઈ નૈમિત્તિક આપત્તિમાંથી પ્રભુ એને ઉગારી લે એટલી જ એની ઇચ્છા એણે બતાવી છે. એ પ્રભુનો પરમ ભક્ત હતો એટલે ગમે તેવી આપત્તિમાં પણ 'પૂરશે મનોરથ કૃષ્ણ કામી' (આ. ચ. કાવ્યો, પૃ૦ 14) એવી એને ખાતરી હતી, એટલે જ—

'આપણું ઘર તે આઘ મોટું સદા,
નિર્ધન વિહિવા તે કેમ થાશે? હ૦ 4'

એવાં માણેક મહેતીના પ્રશ્નનો ઉપરનો ઉત્તર આપી તરત જ—

'ધ્યાન ધર કૃષ્ણનું, રાખ મન પ્રસન્ન તું;
સાહ્ય થાશે નરસિંયા-ચો સ્વામી. હ૦ 5'

(આ. ચ. કાવ્યો, પૃ૦ 14)

એ પ્રકારની ખાતરી આપે છે. આગળ જતાં, લગ્નપત્રિકા આવી જતાં માણેક મહેતી 'ઘર માંહે હું કાંઇ નથી દેખતી' એમ કહે છે ત્યારે પણ એ સ્પષ્ટતા કરે છે કે

'શેઠ છે સામળો, સર્વથા છે ભલો:
રાખ વિશ્વાસ, તે દેશે આણા.
નરસિંયો નાગર તિહાં રંક છે બાપડો;
કરશે સંભાળ પોતાનો જાણી. મ્હે૦ 4'

(આ. ચ. કાવ્યો, પૃ૦ 26)

'વિવાહ'ના 19મા પદથી નરસિંહ વિનંતિ શરૂ કરે છે અને દ્વારકાની યાત્રાએ ચાલ્યો જાય છે; ત્યાં જઈને પણ વિનંતિ ચાલુ રાખે છે :

'ભક્ત તમારો ને તમ્યો છો ભક્તના;
ભક્ત વિના પરપંચ ખોટો.

ભક્ત નરસિંયાની ભીડ ભાંગો જઈ,
નાગરી નાતમાં થાય મોટો. રુ૦ 5'

(આ. ચ. કાવ્યો, પૃ૦ 31)

એનો વેગ કાંઇક 27 મા પદમાં વધતો લાગે છે :

'મિત્ર તું, માધવા કંથ–રાહીવરા;
તું વિના, કૃષ્ણજી, કેને જાચું ?
કરમ-ચા ભોગ તે ભોગવ્યે છૂટકો;
એક નિશ્ચે તારી ભકિત સાંચું. સ૦ 9'

(આ. ચ. કાવ્યો, પૃ૦ 37)

એ ખરું છે કે 'વિવાહ'માં નરસિંહની આર્તિ ઉત્કટતા સાધતી અનુભવાતી નથી, એનો કાંઇક અનુભવ 'મામેરા'માં થાય છે. કુંવરબાઇની વડસાસુએ પહેરામણીનો લાંબોલચક પત્ર લખાવ્યો તે ઠાલી છાબમાં મૂકવામાં આવ્યો ત્યાંથી એનું આર્તગાન શરૂ થાય છે: એ 14 થી 18 સુધીનાં પાંચ પદોમાં કાકલૂદી ગાય છે. 17 મા પદમાં એ પ્રભુને જ વિનંતિ કરે છે :

'વાર થૈ, વીઠલા, વ્હારે વેગે ચડો;
રખે નાગરી નાતમાં હાંસી થાયે !
આગે ભક્ત તમ્યો અનેક ઓધારિયા;
તમને તજી, નાથજી, કેને ધ્યાયે ? વા૦ 1

ભક્ત પ્રહ્‌લાદને કારણે, કૃષ્ણજી,
વાસ પૂર્યો તમે કાષ્ઠ માંહે.
ભક્ત ઊગારિયો, અસુરને મારિયો;
'ભક્તવચ્છલ'-બિરદ વેદ ગાયે. વા૦ 2

દ્રૌપદી-કારણે ધાયા, હરિ, ધસમસી;
પૂરિયાં ચીર અનેક જાતે.
રાખિયે લાજ, એ કાર્ય છે તમ તણું.
મેલપણ ના'ણશો આણી વાતે. વા૦ 3

કૂંવરબાઈના કોડ તાં પૂરજો;
જગતમાંહે જસ તારો થાશે.

નરસિંયા-ચા સ્વામી, આજ આવો ન તો
આદ્ય ને અંતની લાજ જાશે. વા૦ 4'

(આ. ચ. કાવ્યો, પૃ૦ 645)

એ આ પ્રસંગે રાધા શ્રીકૃષ્ણને રોકી ન રાખે એ માટે એની પણ પ્રાર્થના કરે છે; એ નાગર હોઈ એક યુક્તિ પણ અજમાવે છે; જેવી કે—

'ભણે નરસૈંયો : મેલ મમ નાથને;
નીકળશે કાદવ કોડી ધોતાં. રા૦ 4'

(આ. ચ. કાવ્યો, પૃ૦ 66)

એનો કહેવાનો આશય બહુ સ્પષ્ટ છે કે રાધાએ શ્રીકૃષ્ણની સાથે અનેક પ્રકારના વિહાર કર્યા છે એની બધી વાત પોતે ઉઘાડી પાડી દેશે.

'હૂંડી'ના 4થા પદમાં પોતે હૂંડી લખી આપવાનું સાહસ વર્ણવતાં કહે છે કે

'ન-કાળજો વણજ મેં કીધો છે, વીઠલા;
રાખશો શરમ તો લાજ રહેશે.
જો હૂંડી પાછી ફરીને આવશે,
'ભક્તવચ્છલ' તુંને કોણ કહેશે ? રા૦'

અને આગળ જતાં શ્રીકૃષ્ણને તેમજ લક્ષ્મીને બંનેને વિનંતિ કરે છે :

'જાગ, કમળાપતિ; હજી કાં સૂઈ રહ્યો ?
સેજ રામા તણી આજ ભાવી ?
વાર લાગે ઘણી, લાજ જાયે, હરિ;
પછે શું, કૃષ્ણજી, કરશો આવી ? જા૦ 1
મેલ મમ નાથને, મ ભર તું બાથને;
કાં રે, કમળા, તુંને લાજ ના'વે ?
દાસની હાસ થશે, લાજ તારી જશે;
પછી તુંને, વ્હાલાજી, કોણ ધ્યાશે ?' જા૦ 2

(આ. ચ. કાવ્યો, પૃ૦ 79)

આ ત્રણ કાવ્યોમાં આર્તભક્તિની ઉત્કટતાનો પ્રબળ અનુભવ થતો નથી, પણ 'હારસમેનાં પદ' જોઇયે છિયે ત્યારે એની ઉત્તરોત્તર માત્રા વધતી અનુભવાય છે. કાવ્યનું મંગલાચરણ જ કરતાં પહેલા પદમાં આર્તિનાં ચિહ્ન સ્પષ્ટ જોવા મળે છે :

'પ્રણમું પ્રેમે પરિબ્રહ્મ પુરુષોત્તમને,
દાસની વીનતી રુદે ધરજો.
આજ સમે, પ્રભુ, મુંને આકરો આવિયો;
નિજ ચરણ-શરણ સંભાળ કરજો. પ્ર૦ ૧'

(આ. ચ. કાવ્યો, પૃ૦ 83)

અહીં 'આકરો સમે' શબ્દોમાં આનું સૂચન સ્પષ્ટ છે. એ તેજસ્વી નાગર કોમનો નબીરો હોઈ દલીલો અજમાવવામાં પણ કુશળ છે, યુક્તિઓ રજૂ કરવામાં પણ. આ પૂર્વે 'મામેરા'ના પ્રસંગમાં રાધાને કહેલા 'નીકળશે કાદવ કોઠી ધોતાં'એ આ પ્રકારની જ યુક્તિ-ઉક્તિ છે અહીં—

'જો માહરા કર્મને ભાળવેશ, ભૂધરા,
'પતિતપાવન' તારું બિરદ જાશે.
છાંડતાં તોહે કેમ છૂટશો, સામળા?
છોડશો જો, તો ઉપહાસ થાશે. સ૦ 3'

(આ. ચિ. કાવ્યો, પૃ૦ 86)

એ ઉપહાસ પોતાનો તેમ પ્રભુનો પણ સૂચિત છે. પ્રભુને સભાન કરવાનો એનો પ્રયત્ન :

'દેવા, હમચી વાર કાં બધિર હોઈલા?
આપુલા ભક્ત કાં વિસરી ગેલા?
ધ્રૂ પ્રહ્‌લાદ અમરીખ વિભીષણા,
નામા-ચે હાથ તેં દૂધ પિઉલા. દે૦ 1
મ્લેચ્છ જન માટે તેં કબીરને ઊધર્યો;
નામા-ચાં છાપરા આચ્યાં છાહી;

જેદેવને પદ્માવતી આપી; મું ને
નાગરાં માટે રખે મેલાં વાહી ! દે૦ 2'

(આ. ચ. કાવ્યો, પૃ૦ 88-9)

પોતે 'નાગર' છે અને 'નાગર' તો કુશળ અને ખેપાની હોય, એટલે પહોંચી વળશે એમ માની ન બેસવાની આમાં વિનંતિ છે, અને—

'કહેશે : 'ગુણ ગાતાં નાગરનો નવ હવો;'
ત્રીકમા, તૂંને કો નાહ આરાધે. મોં૦ 1'

(આ. ચ. કાવ્યો, પૃ૦ 91)

—જેવામાં મીઠી ધમકી પણ આપી દે છે અને ઉપાલંભ પણ—

'વિવચારાં શી પ્રાતડી, જે સ્ત્રી-રંગ રાતો ?
મંડલિક હારને પરિભવે; તૂં રે મદમાતો. વિ. 1
કામી થયો રે, કેશવા; મૂને પરિભવે પાપી.
લોભી થયો, લક્ષ્મીવરા; પૂતના સંતાપી. વિ૦ 2'

(આ. ચ. કાવ્યો, પૃ૦ 93)

આગળ વધી જરા કડવો પણ બને છે :

'સાર કર, સામળા; મેલ મન-આંબળા:
ઊઠ, ગોપાલરાય; અસૂર થાયે.
નરસિંયાને રે એક હાર આપતાં
તાહરા બાપનું શું રે જાયે ? સા૦ 1'

(આ. ચ. કાવ્યો, પૃ૦ 93)

અરે, મહેણાં મારતાં પણ અચકાતો નથી :

'આપ રે હાર, સુત નંદ-વસુદેવના:
કંસના ભે થકી નાસી ગોકુળ ગયો;
આ હીરાં-શું રહ્યો પ્રીત જોડી. આ૦ 1
હત્યા, ગરજ માટે માય-બાપ તેં બે કર્યાં,
ઈંદ્ર-ભવ-અમર-મુનિ-રુખી જોતાં.
કંસનો વધ કર્યે કાજ તારું સર્યું
બાપડાં મક્યાં તે વંન રોતાં. આ૦ 2'

(આ. ચ. કાવ્યો, પૃ૦ 95)

અને—' આપ-ને હાર, કપટી રે તું ક્હાનુડા;
આ ગોકુલમાં કપટ ઘણાં રે કીધાં.
વ્રજની વનિતા-શું પ્રીત જોડી કરી
તેં રે આહીરડાંનાં દાણ લીધાં. આ૦ 1

કપટ કરીને દહીં દૂધ તેં ચોરિયાં,
સુર અસુર મુનિ સર્વે રે જોતાં.
કપટ કરીને રંગે રાસ રમાડિયાં;
પછે બાપડાં મૂક્યાં વંન રોતાં. આ૦ 2

પ્હેલે પ્રીત કરી તહિયેં કપટી ન જાણિયો;
હવે શું કહું તને અવર વાણી ?
ભણે નરસિંયો : કર જોડીને વીનવું :
રાખ-ને લાજ, સારંગપાણી. આ૦ 3

(આ. ચ. કાવ્યો, પૃ૦ 105)

44 મું પણ એવું જ મહેણાંવાળું પદ છે, જેની 2 કડી :

' કો ક્હેશે : મહારાં ડનો મહા-બલતો કુજાત રે,
ધુતારો નિરધાર જાણો, તેહ તો તરજાત રે. તું૦ 1

' લંઠ લંપટ ચાડિયો, સઘળે પાડતો શોર રે.
ગોકુળ માંહે ઘણું રહેતો, નવનીત કેરો ચોર રે. તું૦ 2'

(આ. ચ. કાવ્યો, પૃ૦ 109)

આ પૂર્વેના પદમાં 'હવાં ગાળ ન દેઉં' એમ કહી હાર આપી જવાની વિનંતિ કરે છે, જે પૂર્વે ગાઈ લે છે કે—

' ભાંગો ભોગળ, ભાંગો ભોગળ, ભાંગો ભોગળ, સામળિયા રે.
ઘેલા, ઘેલાઈ મૂકો, મારા વ્હાલા, ગાયોના ચારણ ગોવાળિયા રે. ભાં. 1

આહીરને આવડો શો મચકો ? આપો મોગરડાની માળા રે.
ખટકો ચિતમાં શેનો પેઠો. જે અટકો મારા વ્હાલા રે ? ભાં૦ 2'

(આ. ચ. કાવ્યો, પૃ૦ 109)

આ. કવિપ્રતિભા

ઉપર સૂચિત થયેલી એની આર્તિમાં એની શક્તિના આછા ચમકારા છે. એને પડેલી ભીડના પ્રસંગોમાં પ્રભુ કેવી રીતે સહાયક થાય છે એનો પ્રકાર ભૌતિક રીતનો આપવામાં, હકીકતે તો, એણે 'અદ્‌ભુતરસ' મૂર્ત કરવાનો પ્રયત્ન કર્યો છે. એના નિરૂપણ વખતે એ એની કલ્પનાશક્તિને પણ સારો વેગ આપે છે. ક્વચિત્ એ પોતે પણ એક પાત્ર હોય તે રીતે નિરૂપી લે છે. 'વિવાહ'ના આરંભમાં 'શરદપૂનમ'ના રાસના પ્રસ્તાવમાં—

'શરદપૂનમ તણો દિવસ આવ્યો તિહાં,
રાસ-મરજાદનો વેણુ વાહ્યો.
રુકમણી આદી દેઈ સર્વ ટોળે મળી,
નરસિંયે તિહાં કરતાળ સાહ્યો. શ૦ 1
પુરુષ પુરુષાતન લીન થયું માહરું
સખી-રૂપે થયો મધ્ય ગાવા.
દેહ-દશા ટળી, માંહે રહ્યો ભળી,
દૂતી થૈ માનિનીને મનાવા. શ૦ 2
હાવ ને ભાવ રસભેદના પ્રાછવ્યા
અનુભવતાં રસ-બસ રે થાતાં.
પ્રેમે પીતાંબર આપિયું શ્રીહરિ;
રીઝિયા કૃષ્ણજી તાળ વાતાં. શ૦ 3'

(આ. ચ. કાવ્યો, પૃ૦ 9–10)

દ્વારકાનો ખ્યાલ આપતાં તો—

'રવિશશીજ્યોતિ તિહાં નથી રે કાંઈ ભાસતી,
મણિ તણી જ્યોતિ ઉદ્દ્યોત ભાસે.
દધિ-સુત અર્ક તે કોણ તિહાં બાપડા ?
કોટિ રવિ નખમણિ તિહાં પ્રકાશે. ન૦ 2'

(આ. ચ. કાવ્યો, પૃ૦ 10)

સ્પષ્ટ રીતે આમ વ્યતિરેકાલંકાર અહીં સાદર કરી આપે છે. 26 મા પદમાં વરને નવડાવીને એને શણગાર કરી, હાથમાં શ્રીફળ લેવડાવી પિતાને નમસ્કાર કર્યાનું અને 28 મા પદમાં જાનની વિદાય એ રોચકતાથી આપે છે. એવું જ રોચક વર્ણન વડનગરમાં પહોંચ્યા પછી વરની વરણાગી અને મદન મહેતાને દરવાજે પહોંચતાં પોંખણું, મધુપર્ક એમાં પણ એણે એની ચિત્રણશક્તિ બતાવી છે. અદ્‌ભુતતા તો એ પોતાને કૃષ્ણરૂપે, મહેતીને કમળા-રૂપે, વરરાજાને પ્રદ્યુમ્નરૂપે અને વધૂને રતિ-રૂપે મદન મહેતો અને એની પત્ની જુએ છે ત્યાં રજૂ કરે છે :

'મોરના પીછનો મુગટ મણિમે ધર્યો;
મકરાકૃત કુંડળ શ્રવણે ઝળકે.
કૌસ્તુભમણિ શ્રીવચ્છલાંછન ધર્યું;
વૈજંતી મોતીની માળા લળકે. મો૦ 1

પીતાંબર પટ, કટિએ કટી-મેખલા;
કંચન-નેપુર ચરણે ખળકે.
કોટિ-કંદર્પ-લાવણ્ય જોતાં હરિ
મુનિવર જોગી-ચાં મંન ટળકે. મો૦ 2

શંખ ને ચક્ર ગદા પદ્મ આયુધ ધર્યાં;
બ્રહ્મણ્યદેવ છે નામ એનું.
કોટિક અર્ક શશી-જ્યોતિ નખચંદ્રિકા,
કોટિ બ્રહ્માંડ એક રોમ જેનું. મો૦ 3

મ્હેતીનું રૂપ દીઠું રે કમળા તણું;
વદન જોતાં કોઈ નથી રે હાડે.
ઇંદ્ર-ઇંદ્રાણી બ્રહ્માણી રુદ્રાણી તિહાં
નિરખતાં નિરખતાં હાથ ઓડે. મો૦ 4

ચાર ભુજા ને ચપળ છે ચાતુરી,
નવશત નવલા તિહાં સ્સરસ ભાવે.
નિમિષ કટાક્ષમાં વિશ્વ મોહિત થયું :
વલ્લભા-વૈકુંઠનાથ કહાવે. મો. 5

વર તણું રૂપ પ્રદ્યુમ્નનું નિરખિયું,
કુંવરીનું રૂપ તે રતિનું દીઠું.
દિવ્યચક્ષુ નરનારીએ નિરખિયાં :
રૂપ સુંદર લાગે છે મીઠું. મો૦ 6'

(આ. ચ. કાવ્યો, પૃ૦ 46–7)

'મામેરા'માં એણે ત્રણ સ્થળે 'અદ્‌ભુતરસ' જમાવ્યો છે : 1 નરસિંહે નાહવા માટે ગરમ પાણી માગતાં વહેવાઈએ ખદખદતું પાણી આપ્યું તે વખતે 'ચૈત્ર સુદ દ્વાદશી મેઘ-ઘટા ચડી, ગડગડીને કૂંડી માંહે વૂઠો' (આ. ચ. કાવ્યો, પૃ૦ 57) અને એના વિશેષ વર્ણનનું 10મું પદ (1 થી 4 કડીઓ), 2 દામોદર દોશીના સ્વરૂપે શ્રીકૃષ્ણનું અને લક્ષ્મીનું મામેરું પૂરવાના પ્રસંગે પ્રગટ થવું અને 'લક્ષ્મી ત્યહાં કૃપા કરી, છાબ ચહિલ સોનૈયે ભરી' (આ. ચ. કાવ્યો, પૃ૦ 67) અને 3 'હેમના પ્હાણિયા' (પૃ૦ 69), જ્યારે 'હૂંડી'માં સામળશા શેઠરૂપે પ્રભુનું દ્વારકાની બજારમાં આગમન—અહીં 'સ્વભાવોક્તિ'નો ઉઠાવ :

'વણિક થયો વીઠલો, શેઠ શોભે ભલો;
વાણોતર આડ લીધા છે સાથે.
કુંડળ કરણે ને ચરણે છે મોજડી,
વીંટી ને વેલિયાં પ્હેર્યાં હાથે. જા. 5
સામળું અંગ તે અતિ ઘણું ઓપતું,
શોભતી લટકતી ચાલ ચાલે.'

(આ. ચ. કાવ્યો, પૃ૦ 79–80)

'આર્તભક્તિ'થી ઊભરાતા 'હાર'ના પ્રસંગમાં અદ્‌ભુતરસ જમાવવાનો કોઈ વિશિષ્ટ પ્રયત્ન નથી; માત્ર 'કેશવે કંઠથી હાર કરિયો વડો, પ્રેમે આરોપ્યો નરસૈંઅ-ગ્રીવા' (આ. ચ. કાવ્યો, પૃ૦ 111) એટલું જ સૂચન કરવામાં આવ્યું છે.

પરંતુ 'ઝારી'નાં પદોમાં આવતું મોહિનીસ્વરૂપનું ચિત્રણ એની

કવિપ્રતિભાનો સૂચક નમૂનો કહી શકાય; 'સ્વભાવોક્તિ'ના પણ એ એવા જ રોચક નમૂના છે :

1. 'આ જોને, કોઈ ઊભી રે આળસ મોડે. ટેક
બાંહે બાજૂબંધ બેરખા પ્હોંચી, મનડું મોહ્યું છે એને મોઢે.
ઝાંઝર ઝમકે ને વીંછુઆ ઠમકે, હીંડે છે વાંકે અંબોડે. 1
સોવ્રણઝારી તે અતિ રે સમારી, માંહે નીર ગંગોદક હોડે.
નરસૈંયાને પાણી પાવાને હરિજી પધાર્યા કોડે. 2'

2. 'મોહ્યા મોહ્યા મુનિવરરાયા રે, ગોરી, તારે ત્રાજૂડે.
રૂપસ્વરૂપ કહ્યું નવ જાયે, મેં તો જાણી છે ઈશ્વરી માયા રે. 1
રુમઝુમ રૂમઝુમ નેપુર વાજે, પાવલે તે ચીર અતિ ચાંપે રે.
ઘૂંઘટમાં મુખ એણી પેરે શોભે, મોટા મુનિજનનાં મન કાંપે રે. 2
ગોરું-શું વદન ને ગળસ્થળ ઝળકે, ઊપર દામણી લળકે રે.
સાળુડાની કોર એણી પેર શોભે, જાણે ગગનમાં વીજ ચળકે રે. 3
વશીકરણ વેણી તમ્યો કિહાં ગૂંથાવી, સુંદરી શણગટવાળી રે?
આ ચોળી તમ્યો કિહાં શિવડાવી, જેને મોહી વ્રજનારી રે? 4
ચંચળ દષ્ટે ચો-દશ નિહાળે, માંહે મદનનો ચાળો રે.
નરસૈંયા-ચો સ્વામી જોવા સરીખડો,
કોઈ એ સુંદરીનું વદન નિહાળો રે. 5'

3. 'આ શો ચતુરાંના ચિતનો ચાળો રે! એને કોઈ નિહાળો રે. ટેક
બ્રહ્માએ તો નથી ઘડી ભામિની, એ તો આપે બનીને આવી રે.
ત્રણે લોકનું તેજ તારુણી, એ તો છબી છબાલે બનાવી રે. 1
ઘડ્યું ઘરેણું એને રે હાથે, હાથે ભરી છે ચોળી રે.
સાળુડે ભાત નવ નારીકુંજરની, કસૂંબાના રંગમાં બોળી રે. 2'

(આ. ચ. કાવ્યો, પૃ૦ 3–4)

હકીકતે તો ઘૂમટો કાઢી ઝારી લઈ ને પુત્રવધૂ રતનબાઈ ને આવતી જોતાં તન્મયતાથી એમાં પોતે મોહિનીસ્વરૂપનાં દર્શન કરે છે એ પ્રકારનું ચિત્ર એ આ પદોમાં ઊભું કરે છે.

હકીકતે તો 'આત્મચરિતનાં કાવ્યો' જ એની ઉત્કટ કવિપ્રતિભાનાં દ્યોતક છે. બચપણથી જ ભક્તિના રંગમાં રંગાયેલો હોવાને કારણે એની

ભગવાનના શરણના દૃઢ ભાવના એનાં સાંસારિક કાર્યોની સિદ્ધિની ચાવીરૂપ બન્યાનો જે અનુભવ થયો છે તે જ એની પ્રબળ પ્રતિભામાં ફલસ્વરૂપ ધારણ કરે છે. એને કોઈ અને કોઈ રીતે, આવી પડેલી ભીડમાં, સુહૃદો તરફથી, એના ચાહકો તરફથી સહાય મળી છે; આ બધી જ સહાયમાં એનું અનન્યશરણભાવનાવાળું ચિત્ત પ્રભુનું કર્તૃત્વ જ માને છે. એમાં પોતે કવિહૃદય ધરાવતો હોઈ તે તે પ્રસંગને એ જીવંત બનાવી એમાં ભગવાનના સાક્ષાત્કારને મૂર્ત કરી આપે છે. હકીકતે, અદ્‌ભુત રસ જમાવવાની આ એની શક્તિ જ છે. તે તે પ્રસંગે કેટલાંક પદ એણે રચી કાઢ્યાં હશે અને પછી જ્યારે પણ સ્વસ્થતા મળી હશે ત્યારે વ્યવસ્થિત રચનાઓ કરી એમાં યથા સ્થાન તે તે પ્રસંગે ગાયેલાં પદોને પણ સંકલિત કરી લીધાં હશે. એ જ કારણ છે કે 'વિવાહ'માં એ ભવિષ્યમાં થવાના 'મામેરા'ના પ્રસંગને ભવિષ્યદર્થે રજૂ કરે છે. 'ઝારી'નાં 4 પદોમાં 4 થું પદ પછીથી ગાયું કહી શકાય એમ છે.

3. આખ્યાનમૂલક કાવ્યો

એણે ખેડેલો બીજો પ્રકાર તે 'આખ્યાનકોટિની નિરૂપણાત્મક કૃતિઓ છે. આ પ્રકારમાં 1 સુદામાચરિત, 2 દાણલીલા, 3 ચાતુરીઓ, 4 રાસ-શરદનાં પદ (રાસ-સહસ્રપદી), 5 શ્રીકૃષ્ણજન્મસમાનાં પદ, 6 શ્રીકૃષ્ણ-જન્મવધાઈનાં પદ, 7 બાલલીલાનાં પદ, 8 વસંતનાં પદ અને 9 હીંડોળાનાં પદ. સામાન્ય સ્વરૂપમાં તો આ રચનાઓમાં નિરૂપણાત્મક કથાંશ પડેલા છે. એને 'આખ્યાનકોટિ'માં એ માટે મૂકવી પડે છે કે એમાં મુખ્યત્વે ભાગવત-પુરાણના કથાભાગોને પદ્યોમાં મૂર્ત કરવામાં આવેલા છે. આમ છતાં એમાંના 'ચાતુરીઓ'થી લઈ 'હીંડોળાનાં પદો' સુધીના સાહિત્યમાં આત્મલક્ષી પ્રકારની કવિતાનાં અને પદોમાં 'ભાવગીતો'નાં પણ વિપુલ પ્રમાણમાં દર્શન થાય છે. અહીં મુખ્યત્વે આખ્યાનપ્રકારની દૃષ્ટિએ કાંઈક વિચારિયે.

1. સુદામાચરિત

'સુદામાનાં પરભાતિયાં' તરીકે જાણીતા ઝૂલણાના ઢાળનાં નવ પદોમાં ભાગવત-દશમસ્કંધમાં આવતા સુદામાના પ્રસંગની કથા એણે રજૂ કરી આપી છે. ભગવાન અનન્ય ભક્તોને ઇચ્છિત કરતાં પણ ક્યાંય અધિક આપે છે એ ભક્તિમાર્ગીય સિદ્ધાંત ઉપર આ નાના કથાનકની માંડણી કરવામાં આવી છે. શ્રીકૃષ્ણના બાલ-સહાધ્યાયી સુદામાની અયાચક વૃત્તિને કારણે જે ગરીબ હાલત થઈ ગઈ હતી તેમાં રાજત્વની સિદ્ધિને વરેલા શ્રીકૃષ્ણ સહાયક થઈ પડે એવા આશયથી સુદામાની પત્ની સુદામાને શ્રીકૃષ્ણ પાસે મોકલે છે. પહેલા જ પદમાં કવિએ સુદામાની પત્નીના મુખમાં ઘરની ગરીબીનું ચિત્ર ખડું કર્યું છે :

> 'ઘેર બાળક સહુ, દુઃખ પામે બહુ,
> અન્ન ને વસ્ત્રથી રહે છે ઊણા:

નિરધન સરજિયાં, પુણ્ય કીધા વિના,
કર્મના દોષ તે આવી પૂગ્યા. જદુપતિ.'

(નરસૈં મહેતાકૃત કાવ્યસંગ્રહ, પૃ૦ 157)

પત્ની પ્રભુ પાસે માગવાનું કહેતી નથી, પરંતુ આપણા મનના મનોરથ જાણીને જ પ્રભુ એ પૂર્ણ કરશે એવી ભાવના વ્યક્ત કરે છે. સાથે દ્વારકા જવાથી ત્યાં ગોમતી નદીમાં સ્નાન થશે અને એ રીતે કરોડો પાપ નાશ પામશે, એ પણ સમઝાવે છે.

કવિએ ત્રીજા પદમાં શ્રીકૃષ્ણ પાસે જવામાં સુદામાને કેમ સંકોચ થાય છે એ આશય એના મુખમાં રજૂ કર્યો છે. ત્રીજા પદમાં પત્ની શ્રીકૃષ્ણની બ્રહ્મણ્યદેવતા સમઝાવે છે. સુદામો 'નથી કાંઈ ઓઢવા, ભેટ લઈ જવા' (પૃ૦ 150) એમ કહે છે ત્યારે પત્ની થોડા તાંદુલ લાવી આપે છે. કવિ દ્વારકા તરફ જતા સુદામાનું – એના અયાચક માનસનું કમનીય ચિત્ર ખડું કરે છે :

'ચાલિયો વાટમાં, જ્ઞાનીના ઘાટમાં.
મિત્ર મોહન તણું નામ લેતો;
ધન્ય એ નાર, અવતાર સફલ કર્યો.
'કૃષ્ણ હે કૃષ્ણ' મુખ એમ કહેતો. ચાલિયો.
માગવું મૃત્યુ પ્રમાણ છે પ્રાણીને,
લોભ કીધે ત્યાંહાં પ્રીત તૂટે;
કહ્યું મેં, અબલા, સુખે બેસી રહો,
માગતાં તો બધો મર્મ છૂટે. ચાલિયો.
માગિયું મેં નથી, શું મુખે કહું કથી ?
ભોગવું કર્મ જે ભાગ્ય લાવ્યો;
શ્રીપતિનાથે મને રંક સરજાવિયો,
એમ કરતો દ્વિજ દ્વારા આવ્યો. ચાલિયો.'

(પૃ૦ 158)

એ પછીનાં પદોમાં બંને મિત્રોનો મેળાપ અને બચપણના પ્રસંગોનું સ્મરણ, એનો રાજોપચાર, સુદામાનો સાથે લાવેલા સ્વલ્પ તાંદુલ ભેટ

કરવામાં થતો સંકોચ, તો શ્રીકૃષ્ણે એ ઝૂંટવીને લઈ લીધા અને બદલામાં '**ઇંદ્ર કુબેરથી** અધિક વૈભવ કર્યો' (પૃ૦ 160) વગેરે, જેનો સુદામાને ખ્યાલ નથી અને એ સંમાન માત્ર સ્વીકારી—

> 'વિપ્ર ચાલ્યો વળી, કૃષ્ણ સાથે મળી,
> ચિત્તમાં શોચી વિચાર કરતો;
> આપ્યું તો કાંઈ નહીં, ત્રાઠ જાણી નહીં,
> તે તણો શોચ હૃદયે જ ધરતો. વિપ્ર.'
>
> (ન. મ. કા. સં., પૃ૦ 160)

એને વિદાય કરતાં, પહેરાવેલી પીતાંબરી પણ પ્રભુએ ઉતારી લીધાનો એના મુખમાં ધોખો બતાવ્યો છે; છતાં એ સજ્જન હૃદયનો છે અને પોતાને પ્રભુએ માન આપ્યું એ વસ્તુને હૃદયપૂર્વક યાદ કરી 'રંક બેસાડિયો કનકમાંચી' એમ પ્રભુને ધન્યવાદ આપે છે ને જુએ છે ઘેર આવીને ત્યાં—

> 'રત્નજડિત મણિ, ભવન શોભા ઘણી,
> દેવ શું દ્વારિકા આંહિં લાવ્યો? ધન્ય.'
>
> (ન. મ. કા. સં., પૃ૦ 160)

કવિ અહીં અદ્ભુત રસનું ચટકું બતાવી પોતાની પ્રતિભાને સરળ શબ્દોમાં સાર્થક કરી આપે છે :

> 'કનકની ભૂમિ ને રત્નના થાંભલા,
> અર્કની જ્યોત ઉદ્દ્યોત દીસે;
> ખાન ને પાન વિહાર-સ્થાનક ઘણાં,
> કામિની નિરખતાં કામ હીસે. ધન્ય.
> સપ્ત નવ વરસની દીઠી ત્યાં સુંદરી,
> નારી નવજોબના બહુ રૂપાળી;
> સોલ શણગાર તે અંગ સુંદર ધર્યા,
> દેવ વિમાનથી રહ્યા નિહાળી. ધન્ય.
> સહસ્ર દાસી મળી, દીશે વીંટી વળી,
> કામની કંથની પાસ આવી.' વગેરે
>
> (ન. મ. કા. સં., પૃ૦ 161)

કવિએ આ કાવ્યમાં સુદામો, એની પત્ની અને શ્રીકૃષ્ણ એ ત્રણ પાત્રોની પાત્રવિશુદ્ધિ ચીતરી આપી શક્તિનો પરિચય આપ્યો છે.

2. દાણલીલા

મથુરા નગર તરફ છાશ વેચવા જતી મહિયારીઓને માર્ગમાં શ્રીકૃષ્ણ પોતાના સખાઓની સાથે આડા પડી દાણ(જકાત)ના રૂપમાં છાશ લૂંટવાનો કાર્યક્રમ અમલી બનાવે છે તે સમયનો રાધા અને શ્રીકૃષ્ણનો ઉત્તર-ભાગમાં સંવાદ નિરૂપતો પ્રસંગ આ દોહરાની દેશીની 39 કડીઓમાં નિરૂપે છે. પ્રસંગ ખૂબ જાણીતો છે. કાવ્યત્વની દૃષ્ટિએ દાણ નહિ આપવાનું કહેતી રાધાનું વર્ણન ધ્યાન ખેંચે છે :

> 'મુખ ભર્યું એનું મોતીએ જી રે, અમર-નાસિક-વેખ,
> સુંદર સોહિયે રાખડી, નયણે કાજળ-રેખ,
> ચૂડી મુદ્રિકા ને બેરખી, મુખે ચાવંતી તંબોળ,
> વૃંદાવનમાં સંચર્યાં જી રે, સજીને શણગાર સોળ.'

અને શ્રીકૃષ્ણનું પણ એવું સ્વભાવોક્તિપૂર્ણ ચિત્ર :

> 'મોરમુકુટ વાહાલે શિર ધર્યો, મકરાકૃત કુંડલ કર્ણ,
> પીતાંબર વાહાલે પેહેરિયું, જાણે ઉપમા મેઘ જ વર્ણ.
> કેસરનાં તિલક શિર ધર્યાં, પેહેર્યો ગળે ગુંજાનો હાર,
> પાલવ સાહ્યો પીતાંબરે, દાણ આપ્ય ને જા-ની નાર.'

(ન. મ. કા. સં., પૃ૦ 155-56)

સમગ્ર કાવ્યનું પરિણામ રાધાજીની 'વાઓને વીણા રસાળ'ના ઉત્તરમાં 'કૃષ્ણજીએ વેણ વાઈ ને જી રે, રાધે કીધાં રળિયાત'માં પૂર્ણતા પામે છે.

3. ચાતુરીઓ

સંસ્કૃત સાહિત્યમાં જયદેવના 'ગીતગોવિંદ'નું જે સ્થાન છે તેવું સ્થાન ગુજરાતી સાહિત્યમાં નરસિંહની 'ચાતુરીઓ' લેવાની શક્તિ ધરાવે છે. નરસિંહ મહેતાકૃત કાવ્યસંગ્રહમાં 'ચાતુરી-છત્રીશી' અને 'ચાતુરી-ષોડશી'

એમ બાવન પદો કહો, ઝૂમખાં કહો, મુદ્રિત થયાં હતાં. હસ્તપ્રતોની સહાયથી એનું સંપાદન બહાર આવતાં 'ચાતુરી-પચીશી'નાં દર્શન થયાં. 'ચાતુરીઓ'નો અભ્યાસ કરતાં એક વસ્તુ જોવા મળી છે કે ઉપરની 52 'ચાતુરીઓ'માં આ 'પચીશી'ની ચાતુરીઓ અંતર્ગત છે. એમાં પણ 'પચીશી'ની 1 થી 10 ચાતુરીઓ એક સળંગ ક્રમ આપે છે, બાકીની ચાતુરીઓ, સંભવ છે કે, નરસિંહે ભિન્ન ભિન્ન સમયે પ્રત્યેક જુદા એકમ તરીકે રચી હોય તેવી પાછળથી સંકલિત થયેલી છે. રાધા અને શ્રીકૃષ્ણના વિહારમાં શ્રીકૃષ્ણની 'ચતુરાઈ' મુખ્યત્વે ગાવામાં હોઈ આ રચનાઓને 'ચાતુરી' સંજ્ઞા આપવામાં આવી છે; 'આજે મેં એવી **ચાતુરી** જાણી જી, મારગ થઈ બેઠા દાણીજી' અને 'રૂડી પેર જાણો નહિ તો જૂઓ ગોપાળની ચાતુરી' (નરસિંહ મહેતાકૃત 'ચાતુરી', પૃ૦ 53-54).

શ્રીકૃષ્ણની લીલાના ભિન્ન ભિન્ન પ્રસંગ ભિન્ન ભિન્ન ચાતુરીઓમાં ભિન્ન ભિન્ન ઢાળોમાં ગવાયા છે. આમાંની 'ચાતુરી-પચીશી'ની સળંગ દસ ચાતુરીઓમાં, જયદેવના 'ગીતગોવિંદ'ના પ્રકારે શ્રીકૃષ્ણને અને રાધાને એકબીજાના થયેલા વિરહનું દૂતી દ્વારા મિલન નિરૂપવામાં આવ્યું છે. અહીં દૂતી તરીકે 'લલિતા સખી' નિરૂપાઈ છે. 'ચાતુરી-પચીશી'ની પહેલી જ ચાતુરીમાં નાયક કૃષ્ણની રાધાવિષયક વિરહદશાને જોઈ લલિતા સખી દૂતી તરીકે આવી નાયકના નાયિકા તરફના ભાવનું ઉદ્દીપન કરી રહી છે; વિપ્રલંભ શૃંગારના આ સૂચક નમૂના છે :

> 'સુણોજી સલૂણડા રે, રેણ રાસ રમ્યા ને ભરો છો તમ્હે નેણ.
> સૂં દુઃખ છે રે તમ્હને, નાથ, વલ્હહા; ક્હોને મુઝને વાત. 1
> ઢાળ – વાત ક્હોને, વલ્હહા, કાં થઈ રહ્યા છો ઉદાસ ?
> સિયાને તે કાજે શ્યામજી, મૂકો છો મુખ નિસાસ ? 2
> વદન તાહરૂં, વાલ્હમા, કરમાણૂં કહેને સ્યે માટ ?
> કપોલે કર કાં દેઈ રહ્યા ? ઉપનો સ્યો રે ઉચાટ ? 3
> માહાવજી, તાહરું વદન જોતાં જનમ-દુકૃત જાઇં.
> નાથજી, તાહરું નામ લેતાં પતિત પાવન થાઇં.'

(ન. મ. ચાતુરી, પૃ૦ 3-4)

આ શબ્દો કહી 'કેહી કામણગારી છે તાહરી હરી સુદ્ધ બુદ્ધ સાન?' એવો પ્રશ્ન કરી વાત જાણવા પ્રયત્ન કરે છે. બીજી ચાતુરીમાં 'એ રાધા છે' એમ કહી એ પોતાનું ચિત્ત કેવી રીતે ચોરી ગઈ છે એનો ખ્યાલ આપી 'માનનીને મળવા તણો કરો કોઈ ઉપાઇ. 12' (પૃ૦ 9) એમ દૂતી લલિતા સમક્ષ વિનંતી રજૂ કરે છે. ત્રીજી ચાતુરીમાં લલિતા આશ્વાસન આપી 'અંબર લઈ આંસુ લુહે' છે અને કહે છે કે 'સોક નિવારી સુખ કરું તો જાણજો ખરી દૂતી. 5' અને લલિતા રાધાના સદન તરફ દૂતી-કાર્ય કરવા જાય છે (પૃ૦ 11).

લલિતા રાધા પાસે જાય છે તો ત્યાં એને પણ એવા જ પ્રકારે વિરહમાં ઝૂરતી નિહાળે છે અને શ્રીકૃષ્ણ તરફ એની તાલાવેલી વધુ ઉગ્રતા તરફ લઈ જાય છે. પાંચમી ચાતુરીમાં નાયકને ભેટવા જવા નાયિકાના પ્રસાધનનો કવિ ખ્યાલ આપે છે; જુઓ એ ઉદ્દીપક સામગ્રી :

'હરખ મનમાં ધરી ઘણો મરદન કર્યું તેણી વાર.
ચુઆ ચંદન અગર કેસર સુગંધ લહીને અપાર. 2

ચીર ચંપક સાડી પટોળી ઓપતાં પેહેરી અંગ,
ઘૂંઘટ માંહે નચાવતી નારી તે નયન-કુરંગ. 3

સીસ-ફૂલી રાખડી, વેણીઈં વળગો સેખ,
નલવટ સોહે ટીલડી, નયણે તે કાજળ-રેખ. 4

નિર્મળ મોતી નાકમાં, શ્રવણે તે પેહેરી ઝાલ,
અરુણ-પાઈં ઓપતા, ત્રાજવું તે સોહે ગાલ. 5

મોતીસર ઝરમર કંઠે, ઉર એકાવલ હાર.
ચોળી તે પેહેરી કસમસી, કરકંકણ-ઝમકાર. 6

ચૂડલો ચૂડી સરલિયાં, વીંટી ને દરપણ પાણ.
કંકણ-સબદ સુહામણા, મુખ સ્યૂં કરૂં રે વખાણ? 7

ચરણે નેપુર ઘૂઘરી વીંછિયા અણુવટ સોહે.
નખનિશખ જોતાં સુંદરી મુનિવરનાં મન મોહે. 8

હંસગમની ગજ-ગતિ, કટિ કેસરીનો લંક.
ઉર અંબુજ ઉપતાં, મુખ જાણીઈં મયંક. 9'
(ન. મ. ચાતુરી, પૃ૦ 17–19)

અને એ પ્રસાધન નાયિકાના અનુભાવરૂપે નિરૂપાતાં—

'મુખડે તે મધુરૂં બોલતી, અલવે-સ્યૂં મોડે અંગ,
પદમનીને પ્રેમ વાધ્યો, મલવા તે મન શ્રીરંગ.'

છઠ્ઠી ચાતુરીમાં એ જ અનુભાવ આલંકારિક રીતે—

'પૂરવદિશથી પ્રગટિયો અને સોળ કળાનો ચંદ.
નયણે તે નિરખી નારને સૂકવા તે લાગો ઈંદ. 4
મઅંકી મન ઝાંખો થયો અને સસી તેણી વારિ
કલંકી કેમ થઈ તોલે? તારુણી-તેજ અપાર. 5
(ન. મ. ચાતુરી, પૃ૦ 21)

વ્યતિરેકાલંકારથી નાયિકાનો સૌંદર્યાતિશય નિરૂપવાનો કવિનો પ્રયત્ન છે. 8-9-10મી ચાતુરીઓ સંયોગ-શૃંગારનો ચિતાર રજૂ કરે છે. આ ચાતુરીઓમાં ક્વચિત્ કવિ પોતે જ એક પાત્ર તરીકે ગોઠવાઈ જઇ આત્મલક્ષિતાનો પ્રકાર પણ નિરૂપી લે છે :

'પાસે રહીને પેખિયો અનુભવે રસ જેહ,
જેહવી લીલા નયણે દીઠી મેં મુખ ગાયો તેહ. 2
દીવી માહરે કરે દીધી; નરસિયા, નિધ જોઈ,
વિલાસ ગોકુલનાથનો ભૂતલે ગાજે સોઈ. 3
વળી અધકી કરી કરુણા આપિયાં કરતાળ;
હું સુખે લાગો ગાન કરવા, પ્રસન્ન થયા ગોપાળ. 4
ભામની માંહે ભળી ગયો, જેમ સાગર માંહે રતન.
માહારસ માંહે ઝીલિયો, પ્રભુજી થયા રે પ્રસન્ન. 5
ભાવ જણાવે નયણમાં તે ઊપજે મનમાંહિ,
માનની રૂઠી તે મનાવો હું દૂતી થઈને તાંહ. 6'
(ન. મ. ચાતુરી, પૃ૦ 29–30)

આ જ સમુરામાં શિવજીની કૃપાથી ‘દિવ્યચક્ષુ’ મળ્યાં અને શ્રીકૃષ્ણનું ગાન એ કરવા લાગ્યો એ ભાભીનાં કઠણ વચનને કારણ—આ વિગત સાંધી લીધી છે.

4. રાસ શરદનાં પદો – રાસસહસ્રપદી

નરસિંહ મહેતાને નામે ચડાવેલા ‘ગોવિંદગમન’માં ‘તે નરસંઇયે ગાઈ રે વિવિધ વિલાસમાં રે. નામ તેનું સહસ્રપદનો રાસ’ (ન. મ. કાવ્ય-સંગ્રહ, પૃ૦ 72) એક પ્રકારનું ‘સહસ્રપદનો રાસ’ ગાયાનું સૂચન સ્વીકારી સ્વ. ઇચ્છારામ સૂર્યરામ દેસાઈએ રાસ-શરદનાં પદ ‘રાસસહસ્રપદી’ એવી સંજ્ઞાથી ઉક્ત કાવ્યસંગ્રહમાં છાપ્યાં હતાં. એ મથાળે ત્યાં છપાયેલાં રાસ-શરદનાં 189 પદોમાંથી ભાગવતની ‘રાસપંચાધ્યાયી’ના ક્રમે ચોખ્ખા રાસ-શરદનાં અને એને લગતાં સ્વતંત્ર-પદ તારવી તેમજ અન્યત્ર એ ભાવનાં પદ મળ્યાં તે પણ આપી મારા તરફથી ‘રાસસહસ્રપદીનો સમુદ્ધાર’ પ્રસિદ્ધ કરવામાં આવ્યો, જેમાં બધાં મળી 113 પદ સમાવી શકાયાં છે. સ્વરૂપે આ બધાં કથાપ્રકારનાં નિરૂપણાત્મક છે અને લઘુ-રાસ, શ્રીકૃષ્ણ-વિરહ, ગોપાંગનાઓનો વિરહ-પરિતાપ, અને અંતે શ્રીકૃષ્ણમિલન થતાં મહારાસ, આટલી સળંગ કથા સાચવી આપે છે. એમાં ભાગવત પુરાણના કેટલાક શ્લોકોનો સીધો યા ભાવાત્મક અનુવાદ ધરાવતાં પદ છે તે પ્રમાણે સ્વતંત્ર એકમ રૂપનાં પણ પદ છે :

> ‘મધરાતે મધુરી મોરે વાલેજીએ વાંશલડી વાહી રે.
> કામિની કામ-ગેહેલી થઈ રે, શહુ વ્રંદાવન ધાઈ રે. મધ૦ 1
>
> શાશુ નણંદની લાજ તજીને ભૂખણ અંગે સજિયાં રે.
> રજની રાસ રમેવા કારણ જઈ જાદવને ભજિયાં રે. મધ૦ 2
>
> નયણભરી નિરખ્યો નંદનંદન, અબળા આનંદ પામી રે.
> નરસઇઆચો સ્વામી વ્રંદાવન કેલ કરે મહાકામી રે. મધ૦ 3’

(ન. મ. કા. સં., રા. સ., પૃ૦ 207)

જેમ 'ચાતુરીઓ'માં ક્વચિત્ પોતાનું કવિએ સાંનિધ્ય નિરૂપી લીધું છે તે પ્રમાણે આમાં પણ મળે છે :

'ઝાંઝરનો ઝમકાર મનોહર, રંગ જામ્યુ મ્હાઝમ રયણી રે.
ત્રીકમને તાલી દિઇ તરુણી ચતુર-ચપલ-મૃગનયણી રે. ઝાં૦ 1
વિઠ્ઠલને વશ કરવા કારણ્ય નાના ભાવ ધરંતી રે.
નયન-કટાક્ષે મોહ ઊપજાવે, મુખિ મરકલાં કરંતી રે. ઝાં૦ 2
ગોપી ગેલ કરે ગોવ્યંદશ્યું. તન-મન-ધન સૌં સોંપી રે.
ભણિ નરસૈંઓ : તૃપ્તિ ન પામૂં, જોતો ગોવ્યંદ-ગોપી રે. ઝાં૦ 3'

(રા. સ. સમુદ્ધાર, પૃ૦ 379)

કવિની વિશેષ તન્મયતા નીચેના પદમાં જોવા મળે છે :

'દીવેટિઉ રે દીવેટિઉ નરસૈં હરિ કેરો દીવેટિઓ.
પૂરવ પ્રીત્ય ધરી મન માંહે તો રસનાએ રસભરિઓ. નર૦
જુવતી-જૂથ જીવન રંગરાતી મંડલમાં મહાલંતી રે;
એક નાચે એક તાન મિલાવે મધુરૂં મધુરૂં ગાતી રે. નર૦
મનગમતૂં ભોગવતાં ભામા કરિ નેણના ચાલા રે;
નરસૈંઆનું પુરુષપણૂં રે જાણે ગ્યૂં તે વેલાં રે. નર૦'

(રા. સ. સમુદ્ધાર, પૃ૦ 368)

વળી આગળ ઉપર પણ—

'ધનિ-ધનિ ગોપી, ધાન-ધનિ લીલા, ધનિ જે રસમાં માહાલે રે
ઉમિઆવરના માંહે વલગ્યો નારસૈં દીવી ઝાલે રે. ધ.'

(રા. સ. સમુદ્ધાર, પૃ. 517)

વર્ણનની દૃષ્ટિએ એક સુમધુર સ્વતંત્ર પદ આપતાં પણ—

'વૃંદાવનમાં રચ્યો અખાડા : નાચે ગોપી ને ગોવાલ;
તાલ-પખાજ-રબાબ-વાંસલી, તાન મિલાવે નંદનુ લાલ. વૃં૦ 1
સુંદર રાત્ય શરદ-પૂન્યમની : સુંદર ઉદિયો નભમાં ચંદ,
સુંદર ગોપી-કંચનમાલા : વિચિમાં મરકતમણિ ગોવ્યંદ. વૃં૦ 2

ઝલકે કુંડલ રાખડિઆં રે, લરકે ઉર પર્થ મોતી-માલ.
રમઝમ રમઝમ નેપુર વાજે અનિ મરકલડાં કરતી બાલ્ય. વૃં૦ 3
હરખ્યા સુરિનર મુનિજન પુષ્પિ વધાવે ત્યહાં ભણ્યિ પરવરિઓ,
જય જય દેવ યશોદાનંદન ! નરસૈંઓ ત્યહાં દીવેટિઓ. વૃં૦ 4 '

(રા. સ. સમુદ્ધાર, પૃ૦ 368)

રાસ-શરદનાં, આનાથી પણ મધુર, નિરૂપણાત્મક પદ સુલભ છે. એનો કેટલોક ભાગ ભાવગીતોનો પણ છે, જે આગળ ઉપર યથાસમય બતાવવામાં આવશે. એનાં નિરૂપણાત્મક ગીતો હોય કે ભાવગીતો હોય, એમાં એની કવિપ્રતિભા એકધારી ફલવતી અનુભવાય છે.

5. શ્રીકૃષ્ણજન્મસમાનાં, 6. શ્રીકૃષ્ણજન્મવધાઈનાં, અને 7. બાલલીલાનાં પદ

ત્રણ પ્રકારનાં આ પદ, હકીકતે, ભાગવત દશમસ્કંધના આરંભના, હજી ગોપાલ-લીલાનો આરંભ નથી થયો તે પહેલાંના, પ્રસંગોનાં છે. આમાં જન્મ અને જન્મ વધાઈનાં પદ તો સ્વતંત્ર નિરૂપણાત્મક ગ્રંથ રચવાની પ્રવૃત્તિનો ખ્યાલ આપે છે :

' શ્રીગુરુને પ્રણામ કરીને વર્ણવું શ્રીજદુરાયઃ
શ્રીકૃષ્ણની લીલા સાંભળતાં, પાતિક દૂર પળાય.'

(ન. મ. કાવ્યસંગ્રહ, પૃ૦ 428)

બાલલીલાનાં પદોમાં શ્રીકૃષ્ણના બાલખેલ, ગોપાંગનાઓને ત્યાં જઈ કરવામાં આવેલાં અડપલાં, માખણચોરી વગેરેના પ્રસંગ નિરૂપવામાં આવ્યા છે. આકાશમાંના ચંદ્રને લાવી આપવાની હઠ વગેરે પણ આમાં નિરૂપાયાં છે; મોટા ભાગનું નિરૂપણ નરસિંહનું સ્વતંત્ર છે. પેલું કમનીય પદ :

' ઓ પેલો ચાંદલિયો, આઈ, મુને રમવાને આલો;
નક્ષત્ર લાવીને માતા, મારા ગજવામાં ઘાલો. 1
રૂવે ને રાતડો થાએ, ચાંદા સામું જૂવે;
માતા રે જશોદાજી, હરિનાં આંસૂડાં લૂવે. 2

લોકનાં અનેરાં બાળક, ઘેલો તું કાં થાએ ?
ચાંદો આકાશે વહાલા, તે કેમ લેવાએ ? 3

વાડકામાં પાણી ઘાલી ચાંદલિયો દાખ્યો;
નરસૈંયાનો સ્વામી શામળિઓ રડતો તવ રાખ્યો. 4 '

(ન. મ. કાવ્યસંગ્રહ, પૃ૦ 462)

વાત્સલ્યના નમૂનાઓમાં :

' માતા રે જસોદા હરિને ઘૂમણ ઘાલે;
આનંદ ઉલટે ઊભી વદન નિહાલે. 1

ઘમ ઘમ ઘમકે ઘૂઘરી હુંકારા કરે;
જોઈ જોઈ જનુનીનું મનડું ઠરે. 2

જેહને કાજે મહામુનિ દેહ રે દમે,
તે તો કૃષ્ણજી પારણામાં રંગે રે રમે. 3

સુંદર વદન જોઈ ચુંબન દીધું;
નરસૈંયા-ચો સ્વામી જોતાં કારજ સીધું. 4 '

(ન. મ. કાવ્યસંગ્રહ, પૃ૦ 465)

'જલકમલ છાંડી જાને બાળા, સ્વામી અમારો જાગશે' એ નાગદમનનું પદ નરસિંહનું ખૂબ જાણીતું છે. આ પદ એટલું લોકવ્યાપક બન્યું જોવા મળે છે કે વ્રજભાષાના અષ્ટછાપીય ભક્તકવિ સૂરદાસના 'સૂરસાગર'માં એનું વ્રજભાષીય રૂપ અનુભવાય છે. આ ઉપરાંત 'નિમાડ'ની લોકભાષામાં એક લોકગીત તરીકે અને કોઈ ગુણસાગરસૂરિની છાપ સાથે મારવાડી ભાષામાં પણ એનું સીધું યા આડકતરું અનુસરણ ધ્યાનમાં આવ્યું છે. નાનું પણ એ એક સુંદર સંવાદકાવ્ય છે; જેવું કે—

'જલકમલ છાંડી જાને બાળા, સ્વામી અમારો જાગશે;
જાગશે, તને મારશે, મને બાળહત્યા લાગશે. જલ૦ ટેક

કહે રે બાળક તું મારગ ભૂલ્યો કે તારા વેરીએ વળાવિયો ?
નિશ્ચય તારો કાળ જ ખૂટયો, અહિંઆં તે શીદ આવિયો ? જલ૦

નથી નાગણ, હું મારગ ભૂલ્યો, નથી મારા વેરીએ વળાવિયો;
મથુરાનગરીમાં જુગટું રમતાં નાગનું શીશ હું હારિયો. જલ૦
રંગે રૂડો રૂપે પૂરો, દીસંતો કોડીલો કોડામણો,
તારી માતાએ કેટલા જન્મ્યા, તેમાં તું અળખામણો ? જલ૦
મારી માતાએ બેઉ જન્મ્યા, તેમાં હું નટવર નહાનડો;
જગાડ તારા નાગને, મારું નામ કૃષ્ણ કહાનડો. જલ૦
લાખ સવાનો મારો હાર આપું, આપું રે તુજને દોરિયો;
એટલું મારા નાગથી છાનું, આપું તુજને ચોરિયો. જલ૦
શું કરું નાગણ હાર તારો, શું કરું તારો દોરિયો;
શાને કાજે નાગણ તારે કરવી ઘરમાં ચોરિયો ? જલ૦
ચરણ ચાંપી મૂછ મરડી નાગણે નાગ જગાવિયો;
ઉઠોને બળવંત, કોઈ બારણે બાળક આવિયો. જલ૦
બેઉ બળિયા બાથે વળગિયા, કૃષ્ણે કાલિનાગ નાથિયો;
સહસ્રફેણા ફૂંફવે, જેમ ગગન ગાજે હાથિયો. જલ૦'

વગેરે (ન. મ. કા. સં. પૃ૦ 464–65)

8. વસંતનાં અને 9. હીંડોળાનાં પદ

આ પદોમાં કવિએ શ્રીકૃષ્ણનો વસંતઋતુનો અને વર્ષાઋતુનો વિહાર ગાયો છે. વર્ષાઋતુમાં આ વિહાર, વસંતની જેમ જ, વનનો છે, પણ એમાં ખાસ કરી ઝાડની ડાળીઓએ ઝૂલા બાંધીને એમાં હીંચોળવામાં આવતું હોય એ પ્રકારનું નિરૂપણ છે. નરસિંહ શાસ્ત્રીય રાગોનો પણ સારો જ્ઞાતા હતો અને ઉપરની બેઉ ઋતુઓનાં પદ એણે તે તે ઋતુને અનુકૂળ એવા શાસ્ત્રીય રાગોમાં – એટલે કે વસંતઋતુનાં પદ 'વસંત' રાગમાં અને હીંડોળાનાં પદ મલ્હાર અને કેદાર જેવા રાગોમાં – ગાયાં છે. આમાં કેટલોક ભાગ નિરૂપણાત્મક છે; જેમ કે

'વસંત રતની બહુ બલિહારી, નારૃચ નિરંકુશ ફાગ રમે,
માધવસખા સહિત ગ્રહ ગ્રહ પ્રતિ, જ્યમ અંબુજ-વન ભમર ભમે. વ૦ 1
મનભાવંતાં વચન પરસપર વિનતા-વૃંદ વિલાસ કરે,
લડશડતો લાડઘલો લઘુવર ધાઈ ધાઈ શહુને બાથ ભરે. વ૦ 2

કનક-કલશ કેસર-રસ ભરિ ભરિ પાછલ મસ્તક ઢોલે.
કરતલ ભરી શિખંડિ-અગરરસ મુખલોચન ઊપર્ય રોલે. વ૦ 3
શાશૂ નણદી હાહ્યાં હમરાં મરજાદા અનુશરતાં,
તે કહે : વહુવર, ચાલો, રમિએ, આડા ઘૂંઘટ જયે ધરતાં. વ૦ 4
નારસિયા-ચો સ્વામી નિત્ય નવલી પર્ય વિચિત્ર લીલા કેહ્ય કરે,
એ લહેરિઓ ઝડમાં આવે પુરુષ-લખણ તેહને વિશરે. વ૦ 5'

(નરસૈં મહેતાનાં પદ, પૃ૦ 47)

એ જ રીતે હીંડોળાનાં પદોમાં પણ નિરૂપણાત્મક પ્રકાર જોવા મળે છે :

'હીંડોલો બાંધ્યો રે વ્રંદાવન, હીંચોલે વ્રજનારી રે.
કેસર કામિની કા'નને છાંટે ઉનમદપણે ઉભારી રે.. હીં૦ 1
વાજાં વાજે, ઝાંઝર નેપુર, ઘૂઘરડી ઘમકાર રે.
અબિલ ગુલાલ ઉછાલે અબલા, ઊલટ અંગ્ય અપાર રે. હીં૦ 2
શ્રાવણમાસ શુહામણો રે, સુંદર જમનાં-તીર રે.
સુરિનર લોક મલીને આવ્યાં જોવા હલધર-વીર રે. હીં૦ 3
ગાન કરે ગોપી-શું મલિને, કાહાન કામિની રાતી રે.
આલિંગન ચુંબન દે ચતુરાં અધુર-અમ્રતરસ પાતી રે. હીં૦ 4
હીંચી હામ હૈયાની પોહોતી, પો'તી મનની આશ રે.
હીંડોલો રાખ્યો લક્ષ્મીવર, હૂં છું તમારી દાસી રે. 5
મરકલડે મોહનજી મોહ્યા, રદયા ભીતર લીધા રે.
નારસિયા-ચો સ્વામી ભલેં મલિયો, આપ શરીખડી કીધી રે. હીં૦ 6'

(ન. મ. પદ, પૃ૦ 12-13)

વસંત અને વર્ષા-ઋતુનાં આ નિરૂપણાત્મક ગાનમાં તે તે ઋતુનું અને તે તે વનલીલાનું ચિત્ર ખડું કરવાની કવિની હથોટી ધ્યાન ખેંચ્યા વિના રહેતી નથી; સરળ શબ્દોમાં એ સમગ્ર પ્રસંગને સ્વાભાવિક સ્વરૂપમાં મૂર્ત કરી આપે છે.

એના સમગ્ર પદસાહિત્યમાં નિરૂપણાત્મક પરલક્ષિતાનું પ્રમાણ વધુ નથી, ભાવોર્મિમય આત્મલક્ષિતાનું પ્રમાણ ખૂબ વધુ છે. એ ભાવગીતોનો વિષય હોઈ યથાસ્થાન, આ પછી, બતાવવાનો છે જ.

4. જ્ઞાની–ભક્ત–ઉપદેશક

વ્રજ પ્રદેશની–વૃંદાવનીય–ભક્તિમાં રંગાયેલા કવિ પાસેથી સૈદ્ધાંતિક દૃષ્ટિએ રચાયેલું સાહિત્ય મેળવવાની આશા ન હોય; એના ઉત્તરકાલીન વ્રજભાષાના અષ્ટછાપ કવિઓ તેમજ એની પૂર્વના બિહારના વિદ્યાપતિ અને એનાથી પણ પૂર્વના મહાનુભાવપંથના ભક્ત કવિઓ પાસેથી આ દિશામાં કશું મળતું નથી. વારકરી સંપ્રદાયના નામદેવ પાસેથી લીલાત્મક પદો નથી મળતાં; સૈદ્ધાંતિક પદો મળે છે, પરંતુ એમાં ઉક્તિનો વેગ નથી. ઉક્તિનો વેગ કબીરનાં સેંકડો પદોમાં સુલભ છે. નરસિંહ મહેતાનાં ઉપદેશનાં પદ થોડાં જ છે અને એમાં ઉક્તિનો વેગ મર્યાદિત છે, જ્ઞાન-ભક્તિનાં પદ જોતાં માત્ર ઉક્તિનો વેગ જ નહિ, કાવ્યતત્ત્વનો રોચક અનુભવ થાય છે. જ્ઞાન-ભકિત-ઉપદેશના નરસિંહના પદસાહિત્યને આપણે ત્રણ પ્રકારે વિભક્ત થયેલું જોઈ શકિયે છિયે : 1. વૈષ્ણવલક્ષણ, 2. ઉપદેશ જેમાં વૈરાગ્યબોધ, ભકિત અને જ્ઞાનોપદેશનો સમાવેશ થાય છે, અને 3. શુદ્ધ તત્ત્વદર્શન—કાવ્યચમત્કૃતિથી સમૃદ્ધ.

1. વૈષ્ણવલક્ષણ

આમાં વૈષ્ણવ કે પ્રભુભકત કેવો હોવો જોઇયે એનો સવિશેષ ખ્યાલ આપવામાં આવ્યો હોય છે. મહાત્મા ગાંધીજીએ જેને 'રાષ્ટ્રભકિતગીત' તરીકે પ્રતિષ્ઠિત કર્યું છે અને આજે સમગ્ર ભારતમાં આદર પામ્યું છે તે પદ આનો સૂચક નમૂનો છે :

'વૈષ્ણવ જન તો તેને કહિયે, જે પીડ પરાઈ જાણે રે.
પરદુ:ખે ઉપકાર કરે ને મન અભિમાન ન આણે રે. વૈ૦ 1

સકલ લોકમાં સહુને વંદે, નિંદા ન કરે કેની રે.
વાચ કાછ મન નિશ્ચળ રાખે, ધન ધન જનની તેની રે. વૈ૦ 2

સમદૃષ્ટિ ને તૃષ્ણાત્યાગી, પરસ્ત્રી જેને માત રે.
જિહ્વા થકી અસત્ય ન બોલે, પરધન નવ ઝાલે હાથ રે. વૈ० 3
મોહમાયા વ્યાપે નહિ તેને, દૃઢ વૈરાગ્ય જેના મનમાં રે.
રામ-નામ-શું તાળી રે લાગી, સકલ તીરથ તેના તનમાં રે. વૈ० 4
વણલોભી ને કપટ-રહિત છે, કામ ક્રોધ નિવાર્યા રે.
ભણે નરસૈંયો : તેનું દરશન કરતાં કુલ એકોતેર તાર્યાં રે. વૈ० 5'

(નરસિંહ મહેતાકૃત કાવ્યસંગ્રહ, પૃ० 54–55)

'વૈષ્ણવ જનને વિષયથી ટળવું' અને 'વૈષ્ણવ જનને વિરોધ ન કોઈ-શું' જેવાં લક્ષણાત્મક પદ (ન. મ. કાવ્યસંગ્રહ, પૃ० 611–612), 'વૈષ્ણવ તે જે સ્નેહમારગી હરિ શું ખરો અભિલાખ' (ન. મ. પદ, પૃ० 175) એવું પણ લક્ષણાત્મક પદ જાણવામાં આવ્યું છે. આ નીચેનું પદ કાવ્ય-તત્ત્વથી ભરેલું લાગશે :

' સંતો, હમે રે વેવારિયા શ્રીરામનામના.
વેપારી આવે છે બધા ગામગામના. સં०

હમારું વસાણું સાધુ સઉ કોને ભાવે,
અઢારે વરણ જેને હોરવાને આવે. સં०

હમારું વસાણું કાળદુકાળે ન ખૂટે,
જેને રાજા ન દંડે, જેને ચોર ન લૂટે. સં०

લાખ વિનાનાં લેખાં નહિ ને પાર વિનાની પૂંજી,
હોરવું હોય તો હોરી લેજો, કસ્તૂરી છે સોંઘી. સં०

રામનામ ધન હમારે, વાજે ને ગાજે.
છપ્પન ઊપર ભેર ભેરી ભૂંગળ વાજે. સં०

આવરો ને ખાતાવહીમાં લક્ષ્મીવરનું નામ;
ચીતમાં ચતુરભુજ લખિયા, નરસૈંયાનું કામ. સં० '

(ન. મ. કાવ્યસંગ્રહ, પૃ० 474)

આમાં એક પણ લક્ષણ પ્રગટ નિર્દિષ્ટ કર્યું નથી, પરંતુ પ્રભુના નામનું અહર્નિશ રટણ એ લક્ષણને કાવ્યાત્મક બાનીમાં રોચક રીતે આપ્યું છે.

એક પદમાં એ નકારાત્મક રીતે લક્ષણ બતાવે છે :

> ‘ વાસ નહિ જ્યાં વૈષ્ણવ કેરો, ત્યાં નવ વસિયે વાસડિયાં.
> શ્વાસોશ્વાસ હરિસ્મરણ ન કરે જે, શ્વાસ ધમણ કેરી શ્વાસડિયાં. વાસ૦
> જીભલડી જપમાળા ન જપે, તો જીભલડી નહિ, ખાસડિયાં.
> જનમ તેનો નહિ લેખામાં, જે ન કહેવાય હરિ-દાસડિયાં. વાસ૦
> મોહનજીની માયા પાખે અવર માયા જમ-ફાંસડિયાં.
> ભણે નરસૈંયો : ભારે મારી માવલડી દશ માસડિયાં. વાસ૦ ’

(ન. મ. કાવ્યસંગ્રહ, પૃ૦ 492)

આપણને એમ લાગે કે કવિ કાંઈક ઉપદેશાત્મક કહેતો હોય, પણ ઊંડે ઊતરતાં એમાં હરિસ્મરણ, જપ, શરણભાવના, પ્રભુમાં પરમ આસક્તિ એ લક્ષણ કહેવાં છે. નરસિંહ મહેતાની કવિપ્રતિભાની એ વિશિષ્ટતા છે કે સામાન્ય વાતને પણ કાવ્યભંગીથી દીપતી કરી આપે છે.

2. ઉપદેશ

નરસિંહ મહેતાએ ઉપદેશનાં પદ ઠીક ઠીક સંખ્યામાં લખ્યાં છે. આમાં સાદા ઉપદેશનાં, જ્ઞાન-ભક્તિ-વૈરાગ્ય સિદ્ધ કરવાના ઉપદેશનાં તેમજ વિશિષ્ટ કૃષ્ણભક્તિને લગતા ઉપદેશનાં—શિખામણનાં પદ પણ મળે છે. ‘ રેહેત રજની જ્યારે પાછલી ખટ ઘડી ’ (ન. મ. પદ, પૃ૦ 58-59), ‘ જે ગમે જગતગુરુદેવ જગદીશને ’ (ન. મ. કાવ્યસંગ્રહ, પૃ૦ 480–81) વગેરે સાદા પ્રકારનાં છે. નરસિંહ એવા પ્રકારનાં પદોમાં પણ કાવ્યભંગીનો સમાદર કરી લે છે; જેવો કે

> ‘ દેતી વેળામાં હાથ વાવરી લેજો, આગળ લાફા-લોળ નથી.
> આજ છે એવું કાલ્ય નથી; કાળે છેતરિયા મોટા છત્રપતિ. દે૦
> મનસા-દેહી દેવતાને દુર્લભ, એવું રે જાણીને તમે ભજો રે હરિ.
> પશુ-પંખીમાં અવતરશો, પછે દાનપુણ્ય નહિ થાય ફરી. દે૦
> લખ ચોરાશીમાં ફરી પડશો; જમદૂત આવે તેને શું રે કેહેશો ?
> હાડય-છેડ કરીને સૌંકો હાંકશે; એવા અવતાર તમે કેમ રે સેહેશો ? દે૦

કર્મ તણો કાંકરો કાઢી નાખો; માથે મરણ તણી છે મોટી ઘાટી.
ભણે નરસૈંયો : ભજન કરી લ્યો. પલવટ વાળીને થાઓ માટી. દે૦ '

(ગુજ. વિ. સભા, હ. લિ. પુ. નં. 754)

માત્ર જ્ઞાનનો ઉપદેશ આપનારાં 'જ્યાં લગી આતમા તત્ત્વ ચીન્યો નહીં' (ન. મ. કાવ્યસંગ્રહ, પૃ૦ 486), 'એક તું એક તું એમ સૌ કો સ્તવે' (ન. મ. કાવ્યસંગ્રહ, પૃ૦ 488–89) એવાં પદ પ્રમાણમાં થોડાં છે, જ્યારે ભક્તિમૂલક પદોની સંખ્યા વિશેષ છે. નીચેનામાં વલણ ભક્તિયુક્ત જ્ઞાનનું જોવા મળશે :

'જાય છે જુવાની, તારી જાય છે જુવાની.
હરિના ભજન વિના જાય છે જુવાની. જા૦

કાયા તારી કંચન જેવી, મોતી જેવા પાણિ.
મૂઆ કેડે બાળી મૂકશે, ઊડી જાશે કાહાણી. જા૦

જાતી રેહેશે જુવાની ને પછી થાશે હાણિ.
છાના માના જમડા આવશે, લેઈ જાશે તાણી. જા૦

માટે તમો માયા તજી થાઓને જ્ઞાની.
નરસૈંયાનો સ્વામી સાચો, દુનિયા દીવાની. જા૦ '

(ન. મ. કાવ્યસંગ્રહ, પૃ૦ 794)

ભક્તિ કરવાના સીધા ઉપદેશનાં પદો તો સંખ્યાબંધ મળે છે; 'સાધુ સાચે ભજો ચરણ ગોવિંદના' (ન. મ. કા. સં., પૃ૦ 476), 'હરિ હરિ રટણ કર કઠણ કલિકાલમાં' (પૃ૦ 476), 'ધ્યાન ધર ધ્યાન ધર, નેત્રમાં નાથ છે' (પૃ૦ 479), 'ધ્યાન ધર હરિ તણું' (પૃ૦ 481), 'સમર ને શ્રીહરિ' (પૃ૦ 482), 'અલ્યા ભૂલ્ય મા, ભૂલ્ય મા ભક્તિ ભૂધર તણી' (પૃ૦ 483), 'જુવાનીને દહાડે રે હરિને જાણ્યા નહીં રે' (પૃ૦ 489), 'ઘડપણ કોણે મોકલ્યું' (પૃ૦ 493) વગેરે અનેક છે. આ છેલ્લા પદમાંનું મરણાસન્નતાનો ખ્યાલ આપતું ચિત્રણ ઘણું માર્મિક છે :

'ઘડપણ કેણે મોકલ્યું, જાણ્યું જોબન રહે સૌ કાળ. ઘડ૦

ઉમરા તો ડુંગરા થયા રે, પાદર થયાં પરદેશ,
ગોળી તો ગંગા થઈ રે, અંગે ઉજળા થયા છે કેશ. ઘડ૦
નહોતું જોઈતું ને શીદ આવિયું રે ? નહોતી જોઈ તારી વાટ.
ઘરમાંથી હળવા થયા રે, એની ખૂણે ઢળાવોને ખાટ. ઘડ૦
નાનપણે ભાવે લાડવા રે, ઘડપણે ભાવે શેવ.
રોજ ને રોજ જોઇયે રાબડી રે, એવી બળી રે ઘડપણની ટેવ. ઘડ૦
પ્રાતઃકાળે પ્રાણ માહરા રે અન્ન વિના અકળાય.
ઘરનાં કહે : મરતો નથી રે, તને બેશી રહેતાં શું થાય ? ઘડ૦
દીકરા તો જૂજવા થયા રે, વહુઓ દે છે ગાળ.
દીકરીઓને જમાઈ લઈ ગયા રે, હવે ઘડપણના શા રે હાલ ? ઘડ૦
નવ નાડો જૂજવી પડી ને આવી પહોંચ્યો કાળ.
ઐરાં છોકરાં ફટ ફટ કરે રે, નાનાં બાળક દે છે ગાળ. ઘડ૦
અંતકાળે વળી આવિયા રે દીકરા પધાર્યા દ્વાર.
પાંસળીએથી વાંસળી રે પછી છોડીને આપી બા'ર. ઘડ૦
એવું સાંભળી પ્રભુ ભજો રે, સંભારજો જગનાથ.
પર-ઉપકાર કીધે પામશો રે, ગુણ ગાય નરસૈંયો દાસ. ઘડ૦'

(ન. મ. કાવ્યસંગ્રહ, પૃ૦ 493)

3. શુદ્ધ તત્ત્વદર્શન

નરસિંહે શુદ્ધ તત્ત્વદર્શનને લગતાં પદ થોડાં જ લખ્યાં છે. એ પરબ્રહ્મ શ્રીહરિમાંથી સર્વ કાંઈ જડચેતનાત્મક જગતનો વિકાસ થયાના સિદ્ધાંતનો સરળ વાણીમાં ખ્યાલ આપે છે; જેવો કે

'અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રીહરિ,
જૂજવે રૂપે અનંત ભાસે.
દેહમાં દેવ તું, તેજમાં તત્ત્વ તું,
શૂન્યમાં શબ્દ થઈ વેદ વાસે. ટેક
પવન તું, પાણી તું, ભૂમિ તું ભૂધરા,
વૃક્ષ થઈ ફૂલી રહ્યો આકાશે.

વિવિધ રચના કરી અનેક રસ લેવાને,
શિવ થકી જીવ થયો એ જ આશે. અ૦
વેદ તો એમ વદે, શ્રુતિસ્મૃતિ શાખ દે,
કનક-કુંડળ વિશે ભેદ ન્હોયે.
ઘાટ ઘડિયા પછી નામરૂપ જૂજવાં,
અંત્યે તો, હેમનું હેમ હાયે. અ૦

* * *

વૃક્ષમાં બીજ તું, બીજમાં વૃક્ષ તું,
જોઉં પટંતરો એ જ પાસે.
ભણે નરસૈંયો : એ મન તણી શોધના,
પ્રીત કરું પ્રેમથી પ્રગટ થાશે. અ૦'

(ન. મ. કાવ્યસંગ્રહ, પૃ૦ 485)

શ્રીવલ્લભાચાર્યે પ્રથિત કરેલા, અવિકૃતપરિણામનો ખ્યાલ આપતા, અખંડ બ્રહ્મવાદના સિદ્ધાંતના પ્રકારનો તત્ત્વસિદ્ધાંત આમાં જોવા મળે છે. કાશ્મીરના શૈવતંત્રમાં અને વારકરી સંપ્રદાયના જ્ઞાનેશ્વરની જ્ઞાનેશ્વરી ગીતામાં આ પ્રકારના સિદ્ધાંતનાં દર્શન થાય છે. શ્રીવલ્લભાચાર્ય પાસે જે વેદાંતસિદ્ધાંતની પરંપરા આવી હતી તે એમની પૂર્વે પાંચેક સદી ઉપર થયેલા નૃસિંહોપાસક વિષ્ણુસ્વામીની કર્ણાટક-આંધ્ર વગેરે પ્રદેશોમાં પ્રસરેલી તે હોય એમ જોવા મળ્યું છે. નરસિંહને સંભવતઃ વારકરી સંપ્રદાય પાસેથી આ પરંપરા મળવાની સંભાવના છે. શુદ્ધ બ્રહ્મમાંથી વિકસેલી જડચેતનાત્મક સૃષ્ટિમાં એ જ બ્રહ્મ રહેલું છે, એનાથી અતિરિક્ત કશું જ નથી, એ વાત નરસિંહ ઉપરના પદમાં સ્પષ્ટ કરે છે. અને એવા બ્રહ્મનો સાક્ષાત્કાર કેવળ પ્રેમ—અર્થાત્ પ્રેમલક્ષણા ભક્તિથી જ શક્ય છે એ વૈષ્ણવી સિદ્ધાંત ભાગવતપુરાણમાં વ્યક્ત છે તે એણે નિરૂપ્યો છે.

અજ્ઞાનાવસ્થામાં થતો અનુભવ એણે એના ખૂબ જાણીતા 'જાગીને જોઉં તો જગત દીસે નહીં, ઊંઘમાં અટપટા ભોગ ભાસે' એ પદના બીજા ચરણમાં સ્પષ્ટ કર્યો છે. એ 'કનક-કુંડળ'નું દૃષ્ટાંત આપી કારણ અને

કાર્યનો અભેદ–અદ્વૈતભાવ સાદર કરી આપે છે. એ કવિ હોઈ તત્ત્વદર્શનમાં કાવ્યભંગીને સાચવી આપે છે; જેમ કે

'નિરખ-ને ગગનમાં કોણ ઘૂમી રહ્યો,
    તે જ હું, તે જ હું, શબ્દ બોલે.
શ્યામના ચરણમાં ઇચ્છું છું મરણ રે,
    અહિંયા કોઈ નથી કૃષ્ણ-તોલે. નિ૦
શ્યામ-શોભા ઘણી, બુદ્ધિ ના શકે કળી,
    અનંત ઓચ્છવમાં પંથ ભૂલી.
જડ ને ચેતન રસ કરી જાણવો,
    પકડી પ્રેમે સજીવન મૂલી. નિ૦
જલહર જ્યોત ઉદ્‌ઘોત રવિ કોટમાં
    હેમની કોર જ્યાં નીસરે તોલે.
સચ્ચિદાનંદ આનંદ ક્રીડા કરે,
    સોનાના પારણા માંહિ ઝૂલે. નિ૦
બત્તી વિણ તેલ વિણ સૂત્ર વિણ જો વળી,
    અચળ ઝળકે સદા અનળ દીવો.
નેત્ર વિણ નિરખવો, રૂપ વિણ પરખવો,
    વણ-જિહ્વાએ રસ સરસ પીવો. નિ૦
અકલ અવિનાશી એ નવ જ જાયે કળ્યો,
    અરધ ઉરધની માંહે માહાલે.
નરસૈંયા-ચો સ્વામી સકલ વ્યાપી રહ્યો.
    પ્રેમના તંતમાં સંત ઝાલે. નિ૦'

(ન. મ. કાવ્યસંગ્રહ, પૃ૦ 484-5)

છાંદોગ્ય ઉપનિષદના મહાવાક્ય तत्त्वमसि (છાં. 6–8–7 થી 15 સુધી આવર્તન)નો સુપ્રસિદ્ધ સિદ્ધાંત આ પદમાં સ્ફુટ કરી આપ્યો છે. એ મહાવાકયના બધા શબ્દોને સાચવી એમાં વ્યક્ત થતા અખંડ બ્રહ્મવાદનો એ પરિચય આપી જીવભાવ અને જગત-ભાવની સત્યતા નિરૂપી લે છે. એ સાથે એવા સ્વરૂપના બ્રહ્મની પ્રાપ્તિ માત્ર પ્રેમથી થાય છે એ ભક્તિ-

માર્ગનો પરમસિદ્ધાંત પણ એ ચીંધી આપે છે. પ્રેમની પાસે તો એ જ્ઞાનની વાતોને પણ તુચ્છ ગણે છે; માટે એ અપેક્ષા પણ જ્ઞાનની નહિ, પણ પ્રેમની રાખે છે :

'પ્રેમરસ પાને તું, મોરના પીછધર;
તત્ત્વનું ટૂંપણું તુચ્છ લાગે.
દૂબળા ઢોરનું કૂશકે મન ચળે;
ચતુરધા મુક્તિ તેઓ ન માગે પ્રે૦'

(ન. મ. કાવ્યસંગ્રહ, પૃ૦ 478)

એ જ પદમાં એ સ્પષ્ટતા કરી આપે છે કે

'મેં ગ્રહ્યો હાથ ગોપીનાથ ગરવા તણો,
અવર બીજું કાંઈયે ન ભાવે;
નરસૈંયો મહામતિ, ગાય છે ગુણ કથી,
જતિ સતીને તો સ્વપ્ને ન આવે. પ્રે૦'

અને એમ કરી એ જ્ઞાનમાર્ગને ઊતરતી કોટિનો બતાવી પ્રેમલક્ષણા ભક્તિનું પ્રાધાન્ય નિરૂપી આપે છે.

એ અન્યત્ર કહે પણ છે કે

'ભૂતલ અવતારનું ફલ એહ, જો માહારા વાહાલા-શું ધરિયે નેહ.
ભક્તિ સરીખી જેહને ઘેર દાસી, તો શું કીજે અવર ઉપાસી?
જપ તપ તીરથ દેહડી ન દમિયે, જો માહારા વાહાલા-શું રંગભેર રમિયે
જનમજનમની હરિ-દાસી થાશું, નરસૈંયા-ચા સ્વામીની લીલા ગાશું.'

(ન. મ. કાવ્યસંગ્રહ, પૃ૦ 491)

અને, આપણે જોયું છે કે એણે આત્મચરિતનાં કાવ્યોમાં કેવળ અનન્યશરણની એની ભાવના ગાઈ છે. એમ જ્ઞાન કરતાં ભક્તિની વિશિષ્ટતા પોતાને અભિમત હોવાનું સ્પષ્ટ કરી આપ્યું છે.

5. ભાવગીતોનો ગાનારો

નરસિંહ મહેતાને, ગુજરાતના સાહિત્યનો ઇતિહાસ લખાવા લાગ્યો ત્યારથી, 'ગુજરાતી ભાષાના આદિકવિ' તરીકે બિરદાવવામાં આવ્યો છે. વચ્ચે એવો પ્રતિવાદ ઊભો થયો કે પ્રાચીન ગુજરાતી ભાષામાં નરસિંહની પૂર્વે પણ સાહિત્ય રચાયું છે, તેથી એને 'આદિકવિ' કહી ન શકાય. એક વસ્તુ અત્યંત સ્પષ્ટ છે કે જૈન સાહિત્યકારોને હાથે રાસ-ફાગુ-બારમાસી વગેરે રચના થયા કરી તે બધાંમાં ઉત્તરકાલીન ગુર્જર અપભ્રંશની પરંપરા જાળવવાનો કોઈ અને કોઈ રીતે પ્રયત્ન હતો; ભાષાભૂમિકા ઉચ્ચારણની દૃષ્ટિએ અર્વાચીન તરફ સંપૂર્ણ ઢળી ગયેલી હોવા છતાં જૂની ભૂમિકા લેખનમાં જાળવવાનો પ્રઘાત હતો. એ ખરું છે કે નરસિંહ મહેતાના સમયની એની રચનાઓની હાથપ્રતો નથી મળતી; મળે છે વિ. સં. 1650–55 – ઈ. સ. 1594–99 ની એક પ્રત (મુંબઇના ગુજરાતી પ્રિં. પ્રેસની) અને બીજી સં. 1668 – ઈ. સ. 1612 ની (અમદાવાદ–ગુજરાત-વિદ્યાસભાની નં. 69 ની); – એ બે અત્યાર સુધી જાણવામાં આવેલી જૂનામાં જૂની પ્રતો છે. જે સમયે 'ગુજર ભાખા' કિંવા મધ્યકાલીન ગુજરાતી ભાષા-ભૂમિકાની ત્રીજી ભૂમિકા હજી લેખનમાં પ્રચારમાં હતી તે સમયે અર્વાચીન ઉચ્ચારણપ્રકારને સાંચવી રાખનારી આ પ્રતો જોતાં નરસિંહે પોતાના સમયમાં ઉચ્ચરિત ભાષાસ્વરૂપનો સમાદર કર્યો હોય તો એ અસંભવિત નથી. એ વસ્તુને લક્ષ્યમાં ન લેવામાં આવે તોયે નરસિંહે ખેડેલા કાવ્યપ્રકારોમાં 'ભાવગીતો'નો પ્રકાર ગુજરાતી સાહિત્યના ઇતિહાસમાં એને હાથે સૌથી પ્રથમ ખેડાયો છે, થોડાં પદોમાં નહિ, સેંકડોની સંખ્યામાં. હજીયે ગુજરાતી હસ્તપ્રતોના સંગ્રહોમાં સચવાયેલી અને ખાનગી માલિકો પાસેથી ભંડારોમાં આવ્યા કરતી હસ્તપ્રતોમાં અત્યાર સુધી ન જાણવામાં આવેલાં એનાં ભાવગીતો મળતાં રહે છે, એ જોતાં

'વિવાહ'માં 'લક્ષ સવા તણું નામ કીર્તન કરું' એ પ્રતિજ્ઞાને થોડી પણ અર્થવતી ગણિયે તો, હજારો પદ એણે રચી આપ્યાં હોય. ભિન્ન ભિન્ન ઢાળની દેશીઓનાં અનેકસંખ્ય પદો અને 'ઝૂલણાના ઢાળ'નાં તો એને હાથે સારી સંખ્યામાં પદો રચાયાં, એ દૃષ્ટિએ આ પ્રકાર ખેડવામાં એની પહેલ જ રહી છે. તેથી જ એને શરૂમાં મળેલું 'આદિકવિ'નું બિરુદ વિચલિત થઈ શકતું નથી. ગુજરાતી સાહિત્યને પદ્યસાહિત્યથી ભરનારા સાહિત્યકારો, નામી-અનામી, સેંકડોની સંખ્યામાં થયા છે અને સેંકડો તો હજી જાણવામાંયે નથી આવ્યા, તે સૌમાં પોતાની વિશિષ્ટ પ્રતિભાથી આગળ તરી આવતા ત્રણ જ કવિઓ પ્રથમ કક્ષામાં આવી રહ્યા છે. આ ત્રણ તે નરસિંહ મહેતો પંદરમી સદીમાં, પ્રેમાનંદ એનાં સર્વોત્તમ આખ્યાનોને, કારણે 17મી સદીના ઉત્તરાર્ધમાં, અને દયારામ એનાં શ્રેષ્ઠ કોટિનાં પદો અને ગરબીઓને કારણે 19 મી સદીના પૂર્વાર્ધમાં. બીજા સારા કવિઓ પણ આ ત્રણની તુલનામાં ઊતરતી કક્ષામાં ચાલ્યા જાય છે.

આમ નરસિંહ મહેતાએ એના 'આદિકવિ' બિરુદને ચરિતાર્થ કરી બતાવ્યું હોય તો એ એનાં 'ભાવગીતો'ને લઈને. આ ભાવગીતો કૃષ્ણના વિહારને લગતાં છે અને એમાં એને વિચારભાથું મળ્યું હોય તો એ માત્ર જયદેવના 'ગીતગોવિંદ'નું જ. આપણે એની 'ચાતુરીઓ'નો થોડો ખ્યાલ મેળવ્યો છે, જેમાં નિરૂપણાત્મક તત્ત્વ પ્રધાનતા ભોગવે છે. 'ગીતગોવિંદ'માં પણ એ જ તત્ત્વપ્રધાનતા ભોગવે છે, જ્યારે એણે રચેલા વિશાળ સાહિત્યમાં, આ પૂર્વે નિરૂપણાત્મક સાહિત્યમાંનાં પદોમાંનો એ પ્રકાર બાદ રાખિયે તો, 'આત્મલક્ષિતા'થી સમૃદ્ધ ભાવગીતો જુદાં તરી આવે છે. આ દૃષ્ટિએ વિચારતાં, પોતે પણ ક્વચિત્ એક પાત્ર બની રહ્યો હોય એવું પણ નિરૂપણ કરતાં, ગોપાંગનાઓના મુખમાં ગવાતાં બતાવેલાં ગીતો આ પ્રમાણે ફાળવી શકાય એમ છે: 1. રાસ-શરદનાં પદ, 2. વસંતનાં, 3. હીંડોળાનાં, 4. દાણનાં, 5. શૃંગારમાળાનાં, અને 6. ચાંદલાનાં.

આ છયે પ્રકાર મુખ્યત્વે વિપ્રલંભ શૃંગારની રચનાઓથી સમૃદ્ધ અન્યા

છે; બેશક, કેટલાંક પદોમાં સંયોગશૃંગાર પણ દર્શન આપે છે. આપણે ક્રમે અહીં એનો પરિચય મેળવિયે.

1. રાસ-શરદનાં પદ

શરદઋતુની – ખાસ કરી આસો મહિનાની – શ્રીકૃષ્ણની વનલીલાના પ્રસંગ આમાં નિરૂપાયેલા છે. કથાભાગને બદલે પાત્રોનાં મુખમાં જ મુકાયેલા ગાનથી આ રચનાઓ ' ભાવગીતો 'ની કોટિમાં આપોઆપ આવી રહે છે. રાસક્રીડા કરવાને માટે તલસતી ગોપાંગનાના શબ્દ :

' સજની રે, શ્યામલિઓ વેણુ વાહે.
રહી ન સકું મારા તન માંહે.
જાગો; મિલવાને મન થાએ. સ૦
જલ-જમનાં-મસિ આપણ્ય, બહિની, ચાલો જોવા જઈઇં. સ૦
સાસૂ મારી ઘેરય નથી, કાહનજીને કહીઇં
જે કિહિશે તે સિહિશ્યૂં આપણ્ય; ચાલો જોવા જઈ ઇં.
નરસૈંઆ-ચા સ્વામીને સંગિ રાસલડા રે લહીઇં. સ૦ '

(રા. સ. સમુદ્ધાર, પૃ૦ 357)

નાયકનો વિરહ આમાં સ્પષ્ટ વરતાય છે. એવો જ—

' વાટડી જોઊં, નાથ, નાહલી.
સંગમ રમવા માટયેં જાત મિંબાલી રે. વા૦
પિહિલૂં અહ્મ-શ્યૂં પ્રાત કરીને શૂં મેહલુ વીસારી રે ?
મનની વાત તુ કુહુને કહીઇં ? અહ્મને વેદન ભારી રે. વા૦
આગે અહ્મને બપૈડા મારે; અહ્મો અબલા કિમ રહીઇ રે ?
નરસૈં-ચા સ્વામી વિન, બાઈ, ધીરજ ક્યટલૂં ધરીઇં રે ? વા૦ '

(રા. સ. સમુદ્ધાર, પૃ૦ 370)

અને નાયંકનો મેળાપ થયા પછી પાછા જવાનું કહેતાં ગોપાંગનાનો મનઃક્ષોભ :

'શ્યા માટે, શામળિયા વા'લા, શાન કરી વન્ય તેડી રે ?
વ્યાકુલ વિનતા થઈ શહુ અંગેં, વેણ વજાડી રૂડી રે. શ્યા૦

આણી વેલા અધરાત્યેં, વા'લા, પરવરિયા પરવાર રે.
શાસું આલ ચડાવો અમને, લીલજ નંદકુમાર રે ! શ્યા૦

બોલ વિચારી બોલજ્યો રે, અમેં અબલા, બલ થોડું રે.
નારસિયા-ચા સ્વામી, રસ પૂરો; દીન થઈ કર જોડું રે. શ્યા૦'

(ન. મ. પદ, પૃ૦ 27)

અને નાયકના દર્શન માત્રથી સંયોગનો અનુભવ :

'વાહલો આલિંગન-સરખો, નયણ ભરી ભરી નિરખો.
જોઈ જોઈ મનિ હરખો.

સકલ વિશ્વ શીખંતાં, બાઈ, મુખ ઊપરથ મુખ મૂકથું લાલા.
એ વિષય અલ્પ ન જાણું. કહો સખિ, અમૃત કુણિ પિઉલા ? વા૦

જ્યાં એહવું ત્યહાં સ્નેહસમઝ શી ? અહ્નિ તાં અલગાં મેહલો.
નરસૈં-ચો સ્વામી જશિ, યૌવના, અણતેડ્યો આવે વેહલો. વા૦'

(રા. સ. સમુદ્ધાર, પૃ૦ 376)

અને નાયકની સંપ્રાપ્તિએ પરિતૃપ્તિનો અનુભવ :

'આ જ મારાં નયણાં સફલ થયાં, જોયા નાથનિ નિરખી.
સુંદર વર નિહાળીને મારા હિઇડામાં હરખી. આજ૦

જેવૂં મારા મનમાં હૂતૂં તેવૂં વાહલે કીધૂં.
પ્રેમે પ્રભુજી પધારિયા, આવી આલિંગન દીધૂં. આજ૦

વાહલો માહરો વિહારિઓ, હરિને જાવા ન દીજે.
હાથ થકી નવ્ય મૂકીઇં, અંતરગત્ય લીજે. આજ૦'

(રા. સ. સમુદ્ધાર. પૃ૦ 516)

આની પછીની કડીઓ માત્ર નિરૂપણાત્મક કથા-અંશ આપી ભાવગીતતા ગુમાવે છે. આવાં મિશ્ર પ્રકારનાં પદ પણ મળે છે.

અને રાસક્રીડાના સ્મરણથી નાયક તરફ અનુરક્તિનો ભાવ—

'હરિ વિના રહી ન સકૂં, મારી આલી, વાહલે નેણબાણ વીંધ્યું રે.
ચિત્ત ચતુર્ભુજિ ચોરી લીધૂં. કાહનડે કામણ કીધું રે. હરિ૦
મન મારૂં માહવજી-શ્યૂં બાંધ્યૂં. વાહલિ વેણ ત્રિભંગી વાહ્યો રે.
જમુના-તટિ તરોવર-છાયા; રાસ રમી ગુણ ગાયો રે. હરિ૦

(રા. સ. સમુદ્ધાર, પૃ૦ 518)

ખાસ કરીને શરદની રાત્રિઓમાં બંધ બેસે તેવા કેદાર, કાલેરો, સામેરી, માલવ, ગોડી વગેરે રાગોથી નિરૂપણાત્મક પદોની સાથે સાથે કવિએ આત્મલક્ષી કોટિનાં ભાવગીતો પણ ગાયાં છે.

2. વસંતનાં પદ

આ પૂર્વે બતાવ્યું છે તે પ્રમાણે 'વસંતપંચમી'થી હોળીના બીજા દિવસના 'ફૂલડોલ' સુધીના દિવસોનાં મુખ્યત્વે વસંત રાગમાં ફાગુ-લીલાનાં અનેક પદ નરસિંહે રચ્યાં છે. એમાં જેમ નિરૂપણાત્મક પદો છે તે પ્રમાણે આત્મલક્ષી કોટિનાં ભાવગીતો પણ છે. આમાં પણ વિપ્રલંભ અને સંયોગ એમ બેઉ પ્રકારનો શૃંગારરસ મૂર્ત કરવાનો કવિનો પ્રયત્ન છે. શરદલીલામાં ચંદ્ર અને રાત્રિનો સંબંધ હતો, વસંતલીલામાં વન વનનાં વૃક્ષો અને કેસૂડાં વગેરેના રંગો ઉદ્દીપક સામગ્રી તરીકે દર્શન આપે છે. પદો આમ તો નિરૂપણાત્મક છે, આમ છતાં નાયિકાની ઉક્તિ વચ્ચે આવી જતાં રોચકતા સહજ રીતે ખડી થાય છે :

'પ્રથમ દિવસ વ્રજ વસંતપંચમી, મધ્ય સખીઘર શોહ.
તે પાછલ્ય વ્રજસુંદરિયાં રે, માહારા વા'લાનું મન મોહે. પ્ર૦
કનક-કલશ પાટ પથરાવ્યો, વા'લાને પધરાવ્યો.
અબલાએ કેશૂ-માટ ભરયાં રે, અભિનવિ સેવા કરાવો. પ્ર૦
ચિરંજીએ તું, નાહોલિયા રે, કોડેં વસંત રમીજેં.
નારસિયા-ચા સ્વામી ભલેં મલિયો, ભામિનિ-ભુવન ભમીજેં. પ્ર૦'

(ન. મ. પદ, પૃ૦ 46–7)

વસંત ઋતુ આવતાં નાયિકાની નાયક સાથે વિહાર કરવાની આતુરતા અને આશા :

'ચાલ્ય, રમિએ, સહી, મેલ્ય મથવું મહી,
વસંત આવ્યો, વન વેલ ફૂલી.
મોરિયા અંબ, કોકિલા કદંબ લવે,
કુસુમ કુસુમ રહ્યા ભમર ઝૂલી. ચાલ્ય૦
કરો શણગાર નેં હાર, ગજગામિની,
ક્યારયની કહું છું જે ચાલ્ય ઊઠી.
રસિક-મુખ ચુંબિયેં, વલગિએં ઝુંબિએ,
આજ તો લાજની દ્રાહિ છૂટી. ચાલ્ય૦
હેત હરિ વશ કરી, લાહોલે ઉર ધરી,
કર ગ્રહી કૃષ્ણજી, પ્રીત્ય પલશે.
નારસિઓ રંગમાં અંગ ઉનમદ હશે,
ખોહેલા દિવસનો ખંગ વલશે. ચાલ્ય૦'

(ન. મ. ૫૬, પૃ૦ 48)

અને નાયકને વસંતક્રીડા માટેની વિનંતિ :

'વસંત રમિએ રે, મારા વા'લા, વસંત રત્ય છે રૂડી.
કાનજી રે, કાંકણિયાં ઘડાવો, જ્યમ ખલકાવું ચૂડી. વ.
એક એક-પાએ અધિક માહારે લાખીણી ચૂડી.
સામલિયા-શું રંગ-ભરય રમતાં દીશું છું રૂડી. વ૦
યૌવન વિમા માન નવ્ય લહિએ, કુંકુમના રંગરોલ.
નારસિયાચો સ્વામી ભલેં મલિયો, કરશું ઝાકમઝોલ. વ૦'

(ન. મ. ૫૬, પૃ૦ 48)

એવું જ હોળી-ખેલ ખેલવા માટેનું નાયકને નિમંત્રણ :

'ઓરા આવો, અલબેલા વાહાલા, રંગભરી રમિયે હોળી.
તમ સાથે રમવાને આવી સરસ બનાને ટોળી. 1

લાલ ગુલાલ અબીલ ઉડાડિયે, નાખિયે લેઈ લેઈ ઝોળી.
કનકની પિચકારી ભરી ભરી છાંટિયે કેશર ઘોળી. 2
તમારો વાઘો કરિયે ભીનો તેલ ફુલેલમાં બોળી.
અમારી નીલાંબર સાડી રસબસ કરિયે ચોળી. 3
બાહર માહર સરખાં થઇયે માંહોમાંહે ઝકોળી.
નરસૈંયા-ચા સ્વામી રંગ રમતાં અબળા તે બાળા ભોળી. 4 '

(ન. મ. કાવ્યસંગ્રહ, પૃ૦ 239)

આમાં હોળીખેલમાં વપરાતા ગુલાલ-અબીલ-રંગની પિચકારી-તેલ-ફુલેલ એ પદાર્થોનો સમુચિત ઉપયોગ પણ નિર્દિષ્ટ કરેલો જોવા મળે છે. આજથી પાંચસો વર્ષ ઉપર પણ હોળીખેલ એક જ પ્રકારનો છે એ અત્યાર સુધી ચાલી આવતી પ્રણાલીથી સ્પષ્ટ થાય છે. આ રિવાજને એ પાંચસો વર્ષ જૂનો છે એ રીતે આપણે જોઈ શકિયે. ' ઘેરૈયા ' થવાનો રિવાજ પણ એટલો જ જૂનો નીચેના પદમાં જોવા મળશે :

' ગુલાલ-ભરિયા ગોવિંદજી રે, ઘેરૈયા થઈ આવો.
વસંતની વરણાગી કરીને મારે તે મંદિર આવો. ગુ૦ '

(ન. મ. કાવ્યસંગ્રહ, પૃ૦ 249)

વસંતને વધાવવા જવાનો રિવાજ આજે ભારતમાં ક્યાંય છે કે નહિ એ જાણવામાં નથી આવ્યું, પરંતુ એ ભાવ વ્યક્ત કરતું પદ પણ જોવા તો મળે જ છે :

' વસંત વધાવા ચાલો જઇએ, સજની નિરખિયે નંદકુમાર.
શ્યામસુંદરને મળી લઇયે, મીઠડાં લેઇયે વારંવાર. વસંત૦
કનક-કલશ મોર આંબાનો, શ્રીફળ લો, માથે લો થાળ;
લો ચંદન ચરચી શરીરે રે, પે'રાવવા પુષ્પના હાર. વસંત૦
અબીલ ગુલાલ લો ઉરાડવા નંદ તણે દરબાર;
ફગુવાને મિસે મોહનને વરસું, એ આપણ નિરધાર. વસંત૦
વાગા લ્યો વહાલાને પે'રાવવા, કરો કેશર–છંટકાર.
નરસૈંયાના નાથને અર્થે સજોને સોળ શણગાર. વસંત૦ '

(ન. મ. કાવ્યસંગ્રહ, પૃ૦ 249)

ફગુવા-પ્રાણીનો નિર્દેશ આમાં ધ્યાન ખેંચે છે. આવાં અનેક પદ વસંતખેલ નિમિત્તે પ્રયોજાયેલાં જોવા મળે છે. ચિત્રને ઊભું કરવાની કવિની શક્તિ આમાં સર્વત્ર અનુભવાય છે.

3. હીંડોળાનાં પદ :

આપણે આ પૂર્વે જોયું છે કે વર્ષાઋતુમાં વનનાં વૃક્ષોમાં ઝૂલા બાંધી ત્યાં શ્રીકૃષ્ણ અને ગોપાંગનાઓનો વિહાર એ આ પ્રકારનાં પદોનો વિષય છે. નિરૂપણાત્મક પદોમાં એનું પરોક્ષ ચિત્રણ હોય છે, જ્યારે ભાવગીતોમાં પાત્રો જ એ ક્રીડામાં સ્વયં, પ્રથમ પુરુષે, ભાગ લેતાં અનુભવાય છે :

'હીંડોલે તો હીંચું, મારા વા'લા, અમનેં ઘૂમણ ઘલાવ રે.
ઘૂમણડી ઘાલીનેં, મારા વા'લા, પ્રેમે-શું બોલાવ રે. હીં૦
હીંડોલે તો હીંચું, મારા વા'લા, ઘૂમણ ઘાલો લાંબી રે.
પડખો રે પડખો, મારા વા'લા, શંભારું પગની કાંબી રે. હીં૦
પાલવ છૂટે, ચીર વછૂટે, વેણ ઉઘાડી થાએ રે.
પડખો રે પડખા, મારા વા'લા, હીંડોલે ન રેહેવાયે રે. હીં૦
તમારે પીતાંબર, અમારે ચીર, વા'લા, આપણ બેહુ બાંધેશું રે.
તમે નાનડિયા, હું નાનકડી, નવનવા રંગ રમેશું રે. હીં૦
આંબા-ડાલે સરોવર-પાલેં, શહિયર, રમતાં રંગ લાગો રે
આવો રે આવો, શાહેલી, કા'ન કને કાંઈ માગો રે. હીં૦
ચૂઆ ચંદન ને કસ્તૂરી છંટાવો લઈ અંગે રે.
આવો રે આવો, શાહેલી, કાહાન-સું રમિયે રંગે રે. હીં૦
શ્રાવણ કેરી મધ્ય શ્રવણી રે હીંચી હીંચી છાયા રે.
નારસિયા-ચો સ્વામી ભલેં મલિયા શ્રીગોકુલ કેરો રાયા રે. હીં૦'

(ન. મ. પદ, પૃ૦ 21-2)

આમાં હીંડોળા-ખેલમાં ચૂઆ વગેરે ઉપકરણોનો પણ ખ્યાલ આપવામાં આવ્યો છે; ખેલને અંતે પરિતૃપ્તિનો ભાવ પણ બતાવાયો છે. આવાં આત્મલક્ષી પદો સ્વલ્પ જ જોવા મળે છે; નિરૂપણાત્મકની વિપુલતા છે.

4. દાણનાં પદ

મથુરા નગર તરફ મહી-છાશ વેચવાને જતી ગોપાંગનાઓને માર્ગમાં રોકી દાણ (=જકાત) માગવાને બહાને પ્રેમગોષ્ઠી એ આ પ્રકારનાં પદોનો વિષય છે. સંસ્કૃત સાહિત્યમાં આ વિષય જાણવામાં આવ્યો નથી; પ્રાકૃત-અપભ્રંશમાં પણ નથી; નરસિંહે આ પ્રકાર ક્યાંથી પ્રાપ્ત કર્યો એ પણ જાણવામાં આવ્યું નથી. 'દાણલીલા'ના એના 39 કડીઓના ખંડકાવ્યમાં ઉત્તરાર્ધમાં શ્રીકૃષ્ણ-રાધાનો દાણ-નિમિત્તે સંવાદ ગોઠવાયો છે. દાણનાં પદોમાં નિરૂપણાત્મક પદ્ધતિએ રચાયેલાં પદ પણ ઓછાં જાણવામાં આવ્યાં છે, તો ભાવગીતો પણ તદ્દન સ્વલ્પ જ. અહીં રજૂ થતાં પદ ગ્રંથાકારે પ્રસિદ્ધ થયેલા સંગ્રહોમાં જોવા મળ્યાં નથી. બેઉ પ્રકારનાં પદોમાં સંવાદનું તત્ત્વ સ્પષ્ટ છે. આ એવો એક સંવાદ બતાવે છે ·

'આડું કાંઈ નથી બોલતો, દેને દાણ તું મારું.
નૈં તો વિખારયે વાટમેં મૈ આડું તારું. 1

ગરબ-ભરી તું ગુજરી જોબનની માતી.
દા'ડિ દા'ડિ સૌ દેખતાં દાણ ચોરીને જાતી. 2

કે'જે તું જઈ ને કંસને, દાણ લાગે તે દૈને :
મોવડ આવે, માનની, વે'લિ દલ લૈને. 3

કરિયે નૈં' ઝાઝી, કા'નજી, પરનારીની હાંસી.
બલ તો તમારું જાણિયે, આવ્યા છા નાસી. 4

દા'ડિ અમે આંઇ ચાલિયે, દાણ કેદી ન દીધું.
ખોસ્યા મા ઠાલા આબરૂ; કૈંયેં છૈયેં સીધું. 5

લાડકવાયા લાલજી, એલફેલ મ બોલો.
નરસી મે'તો કેહે, જોરાવરિ સીદ બાઝતા ડાલો ? 6'

(ગુજ. વિ. સભા, હ. લિ. પુ. નં. 2196)

આ નીચેના પદમાં નાયિકાનો નાયક તરફનો અનુરાગ એના અનુભાવથી સૂચક રીતે જોવા મળશે :

'ઊભો રે'ને રે ગોવાલિયા, તારી મોરલી મીઠી વાય.
છેલછબીલા નંદના, તું તો ગીત મધુરાં ગાય. ઊ૦
એવા નગણા ન થઇયે, નાથજી; તમને નંદબાવાની આણ.
મધુરી-સી વાય મોરલી તો આપું મહીંનાં દાણ. ઊ૦
રાજની ચાલ ચતુરાં જોઇને મારાં નેનાં નિરમલ થાય.
નાચી દેખાડો, નાથજી; મારાં ભવનાં પાતક જાય. ઊ૦
કામણ-ડુમણ તારા દિલમાં ભરિયાં, આંખડીમાં છે જંત્ર.
વશ કીધી વ્રજવનિતા, એવાં કયાં સીખ્યા'તા મંત્ર? ઊ૦
મારા સમ જો મ્હને ન સીખવો; તમે જાણો સર્વે પેર.
સાંઝ સવારે, સામલા, તમે આવજો મારે ઘેર. ઊ૦
તું તો નંદ તણો નાનડિયો ને કા'નજી તારૂં નામ.
દાણ લીધાનો ખપ કરો તો આવજો ગોકુલગામ. ઊ૦
રાજનું મુખ દીઠડે સુખ ઉપજે, તમે ઘણી રાખો છો મે'ર.
નરસૈના સ્વામી સામલા, તમે કરજો લીલા-લે'ર. ઊ૦'

(ભારતીય વિદ્યાભવન–મુંબઈ, હ. લિ. પુ. નં. 1008)

આવા પ્રસંગે શ્રીકૃષ્ણના મુખમાં પણ કવિએ શબ્દો મૂક્યા છે :

'ઊભી રે'ને મૈ'વાલી, ચાલી જાય છે કયાં, ચરિત્રાલી?
વાટે લાધે દાણ અમારું, તેમાં લેશું નૈ'ડું તારું.
પ્રીતિ રીતે મૈ'ડું પાને, મટુકી મૂકી વૂહી જાને.
ગુજરી, ગર્વભરી તું ઘેલી; ચોરી દાણ તણી નૈં' સે'લી.
નરસી મહેતા કેહે : મટુકી લૈને મેલિસ ઘેર સિખામણ દૈને.'

(ગુજ. વિ. સભા., હ. લિ. પુ. નં. 2196)

ભાલણના દશમસ્કંધમાં પણ દાણનાં સંખ્યાબંધ પદ ભાલણનાં જ મળે છે, એટલે નરસિંહ અને ભાલણની પહેલાં જ દેશમાં 'દાણલીલા'નો ખ્યાલ વ્યાપક થઈ ગયો હતો એ સ્પષ્ટ છે. વ્રજભાષામાં સાહિત્ય રચાયું છે તેનો સમકાલીન ભાલણ ખરો, પણ નરસિંહ તો નહિ જ; એટલે આજે તો દાણલીલા ગાનારો ભારતમાં નરસિંહ પ્રથમ કહી શકાય.

5. શૃંગારમાળાનાં પદ

નરસિંહે 'શૃંગારમાળા' એવા શીર્ષકથી પદસંગ્રહ બનાવ્યો નથી; ઉપરની ભિન્ન ભિન્ન લીલાઓમાં જેઓનો સમાવેશ નથી અને સ્વતંત્ર વિહારનો જ ખ્યાલ આપનારાં છે તેવાં નિરૂપણાત્મક તેમજ આત્મલક્ષી કોટિનાં સેંકડો પદ જાણવામાં આવ્યાં છે તે સ્વ. ઇચ્છારામ સૂ. દેસાઈએ 'નરસિંહ મેહતાકૃત કાવ્યસંગ્રહ'માં 'શૃંગારમાળા'નાં તરીકે આપ્યાં છે. ત્યાં સંખ્યાની દૃષ્ટિએ 541 છે; આમાં રાસનાં પદ હતાં તેઓને મારા તરફથી 'રાસ-સહસ્રપદીના સમુદ્ધાર'માં ખેંચી લીધાં છે. આ ઉપરાંત પણ પછીથી મળેલાં પદ સ્વ. દેસાઈએ 'ન. મ. કાવ્યસંગ્રહ'ના પરિશિષ્ટમાં પણ આપ્યાં છે. મારા જાણવામાં આવેલાં અપ્રસિદ્ધ પદોની સંખ્યા પણ ઠીક ઠીક છે. અહીં આત્મલક્ષી કોટિનાં પદ – 'ભાવગીતો'માંથી તારવીને આપવાનો પ્રયત્ન છે, જેમાં નરસિંહની પ્રતિભાનો પરિચય થશે. વિપ્રલંભ અને સંયોગ બેઉ પ્રકારનો શૃંગાર આમાં ગાવામાં આવ્યો છે. આ વિપ્રલંભનું પદ :

'મારો નાથ ન બોલે બોલ, અબોલાં મરિયે રે;
હું કયમ કરી વેઠું વિજોગ? હવે શું કરિયે રે? અ૦

સાંભળ, સહિયર, વીનતી, આ દુઃખ કેમ સેહેવાયે રે?
મેલી ગયા મુને મા'વજી: મારો જન્મારો કયમ જાયે રે? અ૦

શેરડીએ સામો મળે તો વાટ મરોડી જાયે રે.
ઊંચું જોઉં ત્યાં નીચું જુએ, મળવાને વિમાસણ થાયે રે. અ૦

મોર મુગુટ પીતાંબર સોહિયે, કુંડળ ઝળકે કાન રે.
નરસૈંયાનો સ્વામી મળ્યો રે, વહાલે વાળ્યાં અમારાં વાન રે. અ૦'

(ન. મ. કાવ્યસંગ્રહ, પૃ૦ 265)

આમાં છેલ્લી કડીમાં સંયોગભાવ બતાવ્યો છે. અને આ પદમાં એ સંયોગરસનું સુખ ગાયું છે :

'વાંસલડી વાહાતે મહારે વહાલે સાચું જોયું રે.
લટકે બાહુડી ઝાલી મારી, ત્યમ મારું મન મોહ્યું રે. વાં૦

કંઠ વિલાગી વહાલાજીને, મંદિર માંહે લાવી રે.
મનમાં મોહન માચે મહારે. આરતી અગર ઉવારી રે. વાં૦

પ્રેમે ધરી બેસારિયો મેં, સોવણ-પાટ ઢલાવી રે.
વહાલા કેરું વદન નેહાલી ભામણડે હું ચાલી રે.

ગાય દોહીને દૂધ કઢું હું, સરસી શાકર ભેલું રે.
ભણે નરસૈંયો : પાન કરે હરિ, વલતી ઉર પર મેલું રે. વાં૦ '

(ન. મ. કાવ્યસંગ્રહ, પૃ૦ 269)

વિયોગમાં પણ સંયોગના આનંદનો અનુભવ :

' સુણ, સજની, સૂતા માંહે ઝબકીને જાગી.
જાણ્યું: મહરા વા'લાજીને કંઠડે વિલાગી. સુ૦

અતિ રંગ કીધા, અધરરસ પીધા;
સેજડી ઉપર થયા સતો, વહાલો ઉર પર લીધો. સુ૦

સહીસમાણી, મહારું સ્વરૂપ ન વિચારો.
નરસૈંયા-ચો સ્વામી મારા મંદિરિયે પધારો. સુ૦ '

(ન. મ. કાવ્યસંગ્રહ, પૃ૦ 271)

એવા જ ભાવનું :

' આંખલડીથી ન કરું અળગો, માહરા જીવન પ્રાણ રે.
હૃદયા-સરસો ભીડી રાખું, શામલિયો સુજાણ રે. આં૦

રાતદિવસ મહાલે મંદિરમાં, ત્યમ મહારું મંદિર મોહ્યું રે.
મચકો કરીને આગળ આવું, વહાલે સામું જોયું રે. આં૦

દુધ કઢિયલ ધસમસતી લાવું, શાકર સરસું પીયે રે.
હાર કુસુમના કંઠે ઘાલું, જેમ હું હરખું હૈયે રે. આં૦

મનગમતો શણગાર કરીને કર દરપણ લઈ દેખાડું રે.
ભણે નરસયો : માન કરીને શણગટડો સંકોરું રે. આં૦ '

(ન. મ. કાવ્યસંગ્રહ, પૃ૦ 272)

6. ચાંદલાનાં પદ

સ્વ. ઇચ્છારામ દેસાઈએ 'શૃંગારમાળાનાં પદો'માં અગિયાર જેટલાં પદ સમાવ્યાં છે. બીજાં ત્રણેક નવાં પદ મારા 'ન. મ. પદ'માં છપાયાં છે. આમ વિશેષ સંખ્યામાં નથી; છે તે મોટા ભાગનાં નિરૂપણાત્મક છે, છતાં આત્મલક્ષી કોટિનાં પણ પદ મળી આવે છે; જેમ કે

'ચાંદલો શાહે, મ્રગાનયણી, વા'લાજી-શું રંગભરય રમિયેં રેણી. 1
ટીલી કીધી કુંકુમ કેરી, ઝાલ્ય ઝબૂકે કાને.
પ્રેમ ધરીનેં વદન નિહાળું કંઠ વલગી કા'ને રે. 2
નાના ભાવ ધરૂં પિયુ શાથેં કરતી કેલિવિલાસ રે.
નારસિયા-ચો સામી ભલે મલિયો, પૂરી મારા મનડાની આશ રે. 2'

(ન. મ. પદ, પૃ૦ 195)

'ચાંદલો ઘૂંઘટડામાં ઝલકે, તે જોઈને પિયુનું મન ચલકે. 1
કંઠ ધરી બેહુ બાંહાલડી રે, દરપણ માંહે નિહાલું રે.
જ્યમ જ્યમ રીઝે શામલિયા રે, ત્યમ ત્યમ સંગે મા'લું રે. 2
શેજડિયેં સુંદરવર પામી, વામી વેદના ભારી રે.
નારસિયા-ચો સ્વામી શેજય શુહાવ્યો, રાખિશ ઉર પર ધારી રે. 3'

(ન. મ. પદ, પૃ૦ 195–6)

આ ચાંદલો તે સોહાસણે કરેલો પોતાના કપાળમાંનો છે, પરંતુ આકાશના ચંદ્રને ઉદ્દેશીને પણ સંબોધન જોવા મળે છે; જેમ કે

'થિર થિર, ચાંદલા, મ કરિશ વે'ણું, પ્રાણજીવન ઘેરય આવ્યા રે.
વાલિ વાલિ અવતાર ધરીનેં પૂરણ પુણ્યે પામ્યાં રે.
ચાંદો શાહ્યે ચાંદ્રણિયેં રે, જ્યમ તરોવર શોહ્યેં વેલ્ય રે.
ગોવિંદો શોહ્યે ગોરણિયે, જ્યમ હંસાગવની હેલ્ય રે. થિ૦
બાપઇડો પિયુ પિયૂ કરે રે, કોયલ મધુરો વાશે રે.
હું તુજને વારૂં, કુરકુટડા રે, રખે તું વયણ પ્રકાશે રે. થિ૦
શાહ્યર શોહે લેહેરડિયેં રે, લેહેરેં લેહેર-તુરંગા રે.
નારસિયા-ચો સ્વામી ભલે મલિયો ગોપીવર ગોવિંદા રે. થિ૦'

(ન. મ. પદ, પૃ૦ 199–200)

'ઇંદુ, ઊતાવલો થા રખે આકલો' (પૃ૦ 198) અને' રેહે રેહે રે, ચાંદલા, માન માગું' (પૃ૦ 200) એ આ પ્રકારનાં પદ છે.

અહીં એ સ્પષ્ટ સમઝવું જોઇયે કે ગાતી વખતે 'આ નિરૂપણાત્મક પરલક્ષી ગાન છે' કે 'આ ભાવથી ઊભરાતાં આત્મલક્ષી ભાવગીત છે' એવી કોઈ ભેદ-રેખા નરસિંહના હૃદયમાં છે એવું માનવાની જરૂર નથી; એના હૃદયમાંથી વાણીનો વેગ વહે છે અને યથાસમય ઉભય પ્રકારની અલગ અલગ, તો કોઈ વાર મિશ્રિત, રચનાઓ નીકળતી રહે છે. વ્રજ-ભાખાના અષ્ટછાપ અને બીજા ભક્તકવિઓના મનોગતમાંથી જેમ કીર્તનોનો પ્રવાહ વહ્યા કર્યો હતો તેવું જ નરસિંહમાં જોવા મળે છે. ભાલણનાં પદ જોતાં પણ આપણને આવો અનુભવ જરૂર થાય છે, પરંતુ એક સર્વતંત્રસ્વતંત્ર કોટિનો ગાયક છે, બીજો અમુક ચોકઠામાં બંધાયેલો ગાયક છે. એટલું જરૂર કહી શકાય કે બંને શાસ્ત્રીય રાગોના જાણકાર છે અને સમયસમયના રાગોની સૂઝ ધરાવે છે.

6. નવનવોન્મેષશાલી કવિ

નરસિંહની કવિપ્રતિભાના ઉદ્રેકનો આ પહેલાંનાં પ્રકરણોમાં ઠીક ઠીક પરિચય સુલભ કરી શકાયો છે. અગિયારમી-બારમી સદીથી નવ્ય ભારત-આર્ય ભિન્ન ભિન્ન ભાષાઓની નજીકની મથાળ ભાષાઓમાં સાહિત્ય-રચનાઓએ વેગ સાધ્યો હતો. બંગાળા, બિહાર, ઉત્તર પ્રદેશ, વિશાળ રાજસ્થાન-ગુજરાત, મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્રમાં આ પ્રકારની ભાષા-રચનાઓ રચાયે જતી હતી, પરંતુ મુખ્યત્વે જૈન રચનાઓને સાંચવનારા વ્યવસ્થિત ભંડારોને કારણે વિશાળ રાજસ્થાન-ગુજરાતની રચનાઓનો મોટો ભાગ સચવાઈ રહ્યો છે; અન્યત્ર બધી જ રચનાઓ સચવાઈ નથી. ભિન્ન ભિન્ન રજવાડાંઓમાં રાજ્યાશ્રય પામેલા કવિઓની રચનાઓ સંગ્રહાયેલી ખરી, પરંતુ વિદેશી આક્રમણોને લઈ જ્યાં જ્યાં સત્તાપલટો થયો ત્યાં ત્યાં મોટા ભાગનું સાહિત્ય નાશ પામ્યું. આ કારણે સાહિત્યની વિપુલતા જોવા મળતી નથી. જયદેવનું 'ગીતગોવિંદ' પણ પ્રથમ સ્થાનિક ભાષામાં હતું અને પછી એ સંસ્કૃતમાં સંસ્કાર પામ્યું એવો સુપ્રસિદ્ધ ભાષાતત્ત્વવિદ ડૉ. સુનીતિકુમાર ચેટરજીનો અભિપ્રાય છે. અને 'ગીતગોવિંદ' થોડા જ સમગમાં ઉત્કલ-(ઓરિસ્સા)થી છેક ગુજરાત સુધીમાં તેરમી સદીમાં વ્યાપક બની ચૂક્યું હતું. બિહારના વિદ્યાપતિની એ પછીની રચનાઓ કોઈ કારણે સચવાઈ રહી છે. પ્રમાણમાં સારી સાંચવણી મહારાષ્ટ્રમાં થઈ, જ્યાં મહાનુભાવ સંપ્રદાયની કીર્તન-રચનાઓ અને પછી વારકરી સંપ્રદાયના જ્ઞાનદેવ (જ્ઞાનેશ્વર) અને એના શિષ્ય નામદેવની રચનાઓ સુરક્ષિત રહી. ગુજરાતમાં જૈનેતર જૂની રચનાઓ સચવાઈ નથી. સચવાઈ તે લૌકિકકથાપ્રકારની અસાઇતની 'હંસાઉલિ' કે ભીમની 'સદયવત્સકથા' જેવી રચનાઓ જૈન ભંડારોના સંબંધે. નરસિંહ મહેતાની પણ બધી જ રચનાઓ સચવાઈ રહી

છે એમ કહેવા આપણી પાસે પ્રમાણ નથી. એના નજીકના ઉત્તરસમકાલીન અને ઉત્તરકાલીન સાહિત્યકારોની રચનાઓની પોથીઓ મળે છે, ત્યારે નરસિંહની એના પછી સવાસો-દોઢસો વર્ષ બાદની પોથીઓ મળે છે, અને એમાં રચનાઓ પણ સ્વલ્પ. કારણ એક સ્પષ્ટ છે કે એના જીવનકાલમાં અને પછી એની રચનાઓની લોકભોગ્યતાને કારણે નવી નવી નકલો થયા કરી અને તેથી જ જૂની પોથીઓની દરકાર રહી નહિ. એ નવી નવી નકલોના બળે જ નરસિંહની રચનાઓ અત્યાર સુધીમાં કેટલેક અંશે સુલભ થઈ છે. આ રચનાઓમાં નરસિંહની અદ્ભુત કવિપ્રતિભાનાં દર્શન સુલભ થયાં છે.

નરસિંહ ભક્ત હતો; કવિત્વ એને ભાલણની જેમ આગંતુક નહિ, પરંતુ સહજ હતું. એનાં અનેક પદોમાં ગાતાં ગાતાં એ ત્યાં ત્યાં સહભાગિત્વ બતાવે છે એ એની ઉત્કટ તન્મયતાનું દ્યોતક છે. આમ એ સ્વભાવસિદ્ધ ભક્તકવિ છે, અને કવિ છે જ એટલે 'રસ' તરફ એનો ઝોક પણ એટલો જ સ્વાભાવિક છે; એની કવિતામાં આયાસ નથી, સાહજિકતા છે; એને રસ અને અલંકારોનો સભાનતાપૂર્વકનો કોઈ ખ્યાલ નથી, સ્વાભાવિક જ એ સરી આવે છે. શૃંગારરસનો તો એ સ્વામી છે. શ્રીકૃષ્ણલીલાનાં પદોમાં એણે એના વિપ્રલંભ અને સંયોગ પ્રકારોની રેલમ-છેલ કરી નાખી છે. વિપ્રલંભશૃંગારમાં પણ નાયકની ગેરહાજરીમાં વિપ્રયોગ અને પ્રત્યક્ષતામાં પણ વિપ્રયોગ, તો સંયોગશૃંગારમાં પણ નાયકની પ્રત્યક્ષતામાં સંયોગનો આનંદ અને પરોક્ષતામાં પણ સંયોગનો આનંદ, આમ ચારે કોટિઓ એણે ગાઈ છે. બીજા રસોમાંથી 'હાસ્ય', 'કરુણ', 'અદ્ભુત', 'બીભત્સ' અને 'શાંત'ને એણે પ્રસંગવશાત્ નિરૂપી લીધેલ છે.

હાસ્ય : એ ખરું છે કે 'હાસ્ય'ની એને એમ તો ક્યાંય જરૂર ઊભી થઈ નથી; ક્વચિત્ એવો પ્રસંગ ઝડપી લીધો છે; જેવો કે—

'ભોળા ભોળા શંભુ, તમને વિશ્વ વખાણે રે.
મૂળની વાતો તમારી કોઈ નવ જાણે રે. ભો૦

જોગીંદ્રપણું, શિવજી, મેં તમારું જાણ્યું રે.
જટામાં ઘાલીને, શિવજી, આ ક્યાંથી આણ્યું રે. ? ભોo

કોઈ લાવે કેડે ઘાલી, કોઈ લાવે હાથ ઝાલી રે,
માથામાં ઘાલીને, શિવજી, ક્યાંથી તમ આણી રે ? ભોo

પીળી પટોળી ને અંગે છે ગોરી રે;
સીદને છુપાવો, શિવજી ? છતી થઈ છે ચોરી રે. ભોo

ના રે માનો તો, શિવજી, જટાઓ છોડાવું રે.
જટામાંથી નીકળે તો ફરી ના બોલાવું રે. ભોo

ભભુત ચોળીને, શિવજી, વાજશો આડા આંક રે.
એવાં એવાં લક્ષણે પાણી ન પાઉં ટાંક રે. ભોo

આકડો ધંતૂરો, શિવજી, વિજયાના ભોગી રે.
મહેતા નરસૈયાના સ્વામીના તમે જૂના છો જોગી રે. ભોo'

(ન. મ. કાવ્યસંગ્રહ, પૃ૦ 200)

કરુણ : નાયક અને નાયિકાના તેમજ સગાં-સંબંધીઓમાંના કોઈના મરણથી શોકનું જે વાતાવરણ સરજાય છે તેવે પ્રસંગે કરુણરસ મૂર્ત થઈ શકે; આત્યંતિક વિરહ ન હોય અને મિલનનો પ્રસંગ ફરી આવે તો ત્યાં એ કરુણરસ નથી. નરસિંહની રચનાઓમાં તેથી કરુણની આશા રાખી ન શકાય. શક્યતા એક જ પ્રસંગમાં છે, જ્યાં નાયક જગતમાં હોવા છતાં હમેશાંનો વિયોગ છે : ગોપાંગનાઓને હમેશાંને માટે છોડી શ્રીકૃષ્ણ મથુરા જઈ રહ્યા પછીનો. શ્રીકૃષ્ણે ઉદ્ધવને ગોપાંગનાઓ પાસે દિલાસો આપવા મોકલ્યા ત્યારે ગોપાંગનાઓએ જે સંદેશા આપ્યા છે તેમાં 'કરુણરસ' મૂર્ત છે :

'ઓધવ, કહેજો રે હરિને એટલું રે કે અમને તમારો આધાર.
વિખડાં પાઇને રે વાહલો જી શે ન ગયા રે કે દુખ દેખાડયાં દીનદયાળ. ઓo

દુખડાંની દાઝી રે, ઓધવ, દેહ કેમ વળે રે કે હરિ વિના હાળી હઇડા માંહે.
કે ગ્રેહ તણુ ભડકા રે, ઓધવ, જો સમે રે કે બળવંત આવી ઝાલે બાંહે. ઓo

માહરા મનવિશે રે હરિની દાસ છું રે કે ઘણા તમો સાધો માનવ સાર.
કે જીવે તેને રે જોવા આવજો રે કે મૂઆ પછી લેજો રે સંભાળ. ઓ૦

કે સાધુને વળાવીને રે, ઓધવ, આવિયા રે મથુરા નગરની મોઝારય.
ગોપીજન નિત્યે રે નરસૈંના સ્વામીને કાહયે રે કે નયણે વહે આંસુડાની ધાર.
ઓ૦

(ન. મ. કાવ્યસંગ્રહ, પૃ૦ 282)

નરસિંહે આત્મચરિતનાં કાવ્યો'માં 'મામેરા'માં પુત્રીએ ગાયેલી પિતાની ગરીબાઈનું ચિત્ર, 'વિવાહ'માં દીક્ષિત ગોર જૂનાગઢ જઈ સામળદાસનું સગપણ સાધી લાવ્યાની વાત કરતાં મદન મહેતો અને એની પત્ની ધરણી ઢળી પડ્યાં—ત્યાં મદન મહેતાની પત્નીનો પશ્ચાત્તાપ, દીક્ષિત ગોર લગ્નની કંકોતરી આપતાં માણેક મહેતીનું લગ્નને કેમ પહોંચી વળાશે એનું દુ:ખ, ભિન્ન ભિન્ન પ્રસંગે સહાય માટે નરસિંહની કાકલૂદીઓ, અને સુદામાચરિતમાં પત્નીની સુદામાને અપાયેલી પ્રેરણા—આ બધા પ્રસંગોમાં 'કરુણ'નો સ્વલ્પ સ્પર્શ જોવા મળે છે; ત્યાં રસ નથી એમ કહિયે તો પણ ચાલે, માત્ર ઔત્સુક્ય, ગ્લાનિ જેવા સંચારી ભાવો જ કહી શકાય.

અદ્ભુત : 'આત્મચરિતનાં કાવ્યો'માં થોડી ઝાઝી કોટિમાં આ રસ બરોબર આપવામાં આવ્યો છે. બેશક, એમાં એ ક્યાંય પણ આયાસ-સાધ્ય નથી.

બીભત્સ : વીર, રૌદ્ર અને ભયાનક એ ત્રણ રસોના પરિણામમાં બીભત્સ (જોતાં ચીતરી ચડે તેવાં ગંદા ચિત્ર) મૂર્ત થાય છે. નરસિંહની રચનાઓમાં એવો કોઈ યુદ્ધપ્રસંગ શક્ય જ નથી બન્યો. 'બીભત્સ' રસના ઉદાહરણ તરીકે સ્વીકારવું હોય તો એવું એક પદ જરૂર મળી આવે છે, જેમાં 'રૂપક' અને 'અતિશયોક્તિ' અલંકારનો સ્પર્શ થવાથી બીભત્સતા પ્રમાણમાં ઢંકાઈ જાય છે. અવસાન પામેલા માનવના અંતિમનું આ પદમાં ચિત્રણ આપવામાં આવ્યું છે :

'બાલા રે વરની પાલખી, જોતાં વનિતાને થાય ઉલ્લાસ. ટેક

નાહીધોઈ ને પાટિયા રે, તિલક કીધાં ભાલ.
વરના જાનૈયા શોભી રહ્યા રે, માથે નાખ્યા છે અબીલ ગુલાલ. બા૦
લીલા તે વાંસની પાલખી રે તેના ઊંચકનારા ચાર.
માથે તે બાંધ્યાં ભીનાં પોતિયાં રે, મોઢે રામ-નામ પોકાર. બા૦
ચોરી તે બાંધી ચોકમાં રે, છાણાં તે લાવ્યાં જાય.
ગોળપાપડી દેખે કૂતરાં રે, તે તો મનમાં ઘણું મલકાય. બા૦
બાલા રે આગળ ચાલે લાકડાં રે, પાછળ ચાલે લાહાય.
જમાઈ તો ચાલ્યા સાસરે રે, એની સાસુને હરખ ન માય. બા૦
તોરણે તનખા ઊડિયા રે, માંડવે લાગી લાર.
ઊઠ રે, સાસુ, તું શંખણી રે, તારો જમાઈ આવ્યા બાહાર. બા૦
પંદરસે પેહેરામણી રે, મસાણા નામનું ગામ.
લાલબાઈની દીકરી રે, ચિતાકુંવરી એનું નામ. બા૦
જમાઈ તો રહ્યા સાસરે રે, જાનઈઆ આવ્યા ઘેર.
ટકો પૈસો સર્વે ખાઈ ગયા રે, વિવાહ કીધો છે રૂડી પેર. બા૦
બાર ઘડા બાર કોડિયાં રે, ઉપર પૈસો મેલો રોક.
જઈ ને કહો એના બાપને રે, હવે તાણીને મેલો પોક. બા૦
જીવને જમડા લેઈ ગયા રે, દેહીનો કીધા એ હાલ.
નરસૈંયાનો સ્વામી મળ્યો રે, તે તો ઊતરિઆ ભવપાર. બા૦'

(ન. મ. કાવ્યસંગ્રહ, પૃ૦ 492–3)

શાંત : 'શાંત' ને જો સ્વતંત્ર રસ તરીકે સ્વીકારિયે તો એનાં ભક્તિ-જ્ઞાનનાં પદોમાં સંસાર તરફની અનાસક્તિનાં જે પદ છે તેઓને આમાં ગણી શકાય :

'ઘડપણ કેણે મોકલ્યું, જાણ્યું જોબન રહે સૌ કાળ. ટેક
ઉમરા તો ડુંગરા થયા રે, પાદર થયાં પરદેશ.
ગોળી તો ગંગા થઈ રે, અંગે ઊજળા થયા છે કેશ. ઘ૦
નોહોતું જોઈતું ને શીદ આવિયું રે? નોહોતી જોઈ તારી વાટ.
ઘરમાંથી હળવા થયા રે, એની ખૂણે ઢળાવો ને ખાટ. ઘ૦

* * * *

નવ નાહો જૂજવી પડી ને આવી પોંહોંચ્યો કાળ.
બૈરાં છોકરાં ફટફટ કરે રે, નાનાં બાળક દે છે ગાળ. ૫૦ '

(ન. મ. કાવ્યસંગ્રહ, પૃ૦ 493)

'ભક્તિનો ઉપદેશ આપનારાં, 'જ્ઞાન'નું મહત્ત્વ ગાનારાં, તેમ જ 'રઝળતી રાંડનાં રડવડતાં છોકરાં' (પૃ૦ 487), 'જુવાનીને દહાડે રે હરિને જાણ્યા નહીં' (પૃ૦ 489), 'ગુમાનના ઘેલા રે, આવરદા તો વહી ગઈ' (પૃ૦ 489) એ વગેરે 'શાંત' રસનાં ઉદાહરણ કહી શકાય.

અલંકારો : અર્થના અલંકારોની વાત કરિયે તો સાદા 'ઉપમા', 'ઉત્પ્રેક્ષા', 'રૂપક', 'અતિશયોક્તિ', 'પ્રતીપ' 'વ્યતિરેક', 'અપ્રસ્તુત-પ્રશંસા' જેવા સહજ રીતે પ્રયુક્ત થયા છે. 'આત્મચરિતનાં કાવ્યો'માં 'સ્વભાવોક્તિ' સૂચક રીતે નિરૂપાઈ છે. નરસિંહની વિશિષ્ટતા તો શબ્દાલંકારમાં પણ આંતરિક પ્રાસ મેળવવાના વિષયમાં એણે સાધેલી સિદ્ધિમાં કહી શકાય. જયદેવના 'ગીતગોવિંદ'માં અને નામદેવના અભંગોમાં સહજ રીતે પ્રયોજાયેલો પ્રકાર એટલી જ સ્વાભાવિકતાથી એણે આત્મસાત્ કરી લીધો જોવા મળે છે, તો પ્રત્યેક કડીનાં અર્ધોનો પ્રાસ સમગ્ર પદમાં અનુસ્યૂત રાખ્યો છે તેવાં પણ પદ જોવા મળે છે. ઉભય પ્રકારનાં ઉદાહરણ આ પૂર્વે અપાઈ ગયેલાં છે. 'કેશર ભીના કહાનજી, કસુંબે ભીની નાર' (ન. મ. પદ, પૃ૦ 9), 'સુરતશોભાગી શામળા, સહુકો યશ ગાય' (પૃ૦ 9) જેવાં પદોમાં વર્ણસગાઈ પણ જોવા મળે છે.

ગરબીઓ : ઈ. સ. 1659 ની જેની હાથપ્રત મળે છે, પોતાના ભાઈના હસ્તાક્ષરની, તે ભાણદાસ નામના ગરબીકારને હાથે થયેલી લગભગ એંશી જેટલી ગેય રચનાઓ જાણવામાં આવી છે. એણે નિરૂપણાત્મક પ્રકારની એ ગેય રચનાઓને 'ગરબુ' એવી સંજ્ઞા આપી છે. ખાસ કરીને આશ્વિનમાસના નવરાત્રના ઉત્સવોમાં 'માતા'ને લક્ષ્ય કરીને આ જાતની ગેય રચનાઓ સ્ત્રીઓ અને પુરુષોને, અથવા સ્ત્રીઓ-સ્ત્રીઓને અને પુરુષો-પુરુષોને સમૂહમાં નૃત્તપ્રકારે ગોળ કૂંડાળું ફરતાં ગાવાને માટે ઉપયોગમાં

આવે છે. એના પછી તરતના જ સમયમાં થયેલા અમદાવાદના વલ્લભ-ધોળાની અને બીજા પણ ગાયકોની આ પ્રકારની રચનાઓ ગુજરાતી સાહિત્યમાં ખૂબ ખૂબ જાણીતી છે. 19 મી સદીના પૂર્વાર્ધમાં થયેલા ચાણોદ-ડભોઈના સુપ્રસિદ્ધ ભક્તકવિ દયારામે પણ સંખ્યાબંધ નિરૂપણાત્મક કોટિના 'ગરબા' રચી આપ્યા છે. પરંતુ એની વિશિષ્ટતા કાંઈક આત્મલક્ષી પ્રકારની કહી શકાય તેવી મર્યાદિત કડીની 'ગરબી'ઓની રચનામાં છે. 'ગરબીઓ' હોય કે 'ગરબા' હોય, એ સમૂહનૃત્તની ગેય ચીજો છે. સામાન્ય રીતે વચ્ચે દીવીઓની માંડણી—'ગરબી' માંડી એની ફરતે કૂંડાળામાં ફરતાં રહી આ ચીજો ગાવામાં આવતી હોઈ તેમ સ્ત્રીઓ, પ્રત્યેક જણી, કાચી માટીના છિદ્રોવાળા—અંદર સળગતા કોડિયાવાળા—ઘડા માથે લઈ ને પણ સમૂહનૃત્ત કરતી હોય. આ કારણે પાત્ર એ 'ગરબા' એવા સમૂહનૃત્તમાં ગવાતી ચીજો તે એના આત્મલક્ષી અને પરલક્ષી પ્રકાર પ્રમાણે અનુક્રમે 'ગરબી' અને 'ગરબા' કહેવાય છે. 'રાસસહસ્ર-પદીના સમુદ્ધાર'માં આપેલી અને 'ન. મ. કાવ્યસંગ્રહ'માંથી મળી આવેલી નીચેની રચના એનો નમૂનો છે :

'વાહલા મારા, વ્રન્દાવન-રે ચોકય કે વિહિલા પધારજો રે લોલ.
ગોકુલ ગામતણી વ્રજનારય કે વેગિ બોલાવજો રે લોલ 1

અહ્નને રાસ રમ્યાના કોડ કે નાથ-સંગિ ખેલડી રે લોલ.
લેવા મુખડાના મકરંદ કે રમલી તેવતેવડી રે લોલ. 2

રૂડો બંસીવટનો ચોક કે કુંજ શોભા ઘણી રે લોલ.
રૂડું જમુનાજીનૂં તીર કે તટિ રલિઆમણી રે લોલ. 3

રમલિઓ વ્રજવનિતાનો સાથ કે તાલી દિઈ હાથ-શ્યૂં રે લોલ.
માન્યની મન્મથ ભીડે બાથ કે કોમલ હાથ-શ્યૂં રે લોલ. 4

ફરતાં ગાન કરે વ્રજનાર કે વચમાં વાલમો રે લોલ.
રૂડી શરદ-પૂન્યમની રાત્ય કે સુંદર સોહામણો રે લોલ. 5

જોવા રમલિઆ ચૌદે લોક કે ઇદ્ર તિહાં આવિઆ રે લોલ.
રૂડાં પારિજાતનાં પુષ્પ કે પ્રભુનિં વધાવિઆ રે લોલ. 6

બ્રહ્મારુદ્ર ધરિ એનૂં ધ્યાન કે પાર પામે નહીં રે લોલ.
નાચે નરસૈંઓ સુખ જોઈ કે લીલા નાથની રે લોલ. 7

(રા. સ. સમુદ્ધાર, પદ 106)

આ પૂર્વે બતાવ્યું છે કે નરસિંહ મહેતાનું હજી પણ કેટલુંક સાહિત્ય અપ્રસિદ્ધ છે. એવી અપ્રસિદ્ધ રચનાઓમાંની આ નીચેની, ઉપરના પ્રકારની જ શુદ્ધ ગેય, સમૂહનૃત્તને અનુરૂપ ગરબી જાણવામાં આવી છે:

'શરદ નિશાએ શ્રીમાહારાજ કે વનમાં આવિયા રે લોલ.
મધનિશાએ વગાડી વેણ કે ગોપિકા ચાલિયાં રે લોલ. 1
શ્રવણે સુણી મોરલીનો નાદ કે ગોપી વ્યાકુલ થયાં રે લોલ.
જે જયમ હુતાં પોતાને ધામ કે તે ત્યમ નીસર્યાં રે લોલ. 2
જોયા પૂર્ણાનંદ પરિબ્રહ્મ કે સુધબુધ સરવટલી રે લોલ.
જુએ નૈણાં ભરી ભરી નાર કે ગોપિકા સુકોમલી રે લોલ. 3
વચન બોલ્યા શ્રીમાહારાજ કે કોહો, કેમ આવિયાં રે લોલ ?
વલતી બોલી વ્રજની નાર કે તમ આસરે આવિયાં રે લોલ. 4
રંગભર રાસ રમાડો, નાથ, કે શરદ સોહામણો રે લોલ.
ઊગ્યો સોલ કલાનો ચંદ કે અતિ રલિયામણો રે લોલ. 5
પૂરણ પ્રીત જોઈ પારબ્રહ્મ કે રુહિયા ભીડિયા રે લોલ.
× × × × × × રે લોલ. 6
વાજે તાલ પખાજ ને ઝાંઝ કે વેણા વાંસલી રે લોલ.
નાચે નરહરિ નંદકુમાર કે ગોપિકા સહુ મલી રે લોલ 7
ચોકમાં ફરતી વ્રજની નાર કે વચે રાધા-હરિ લે લોલ.
નવ સત સજિયા છે શણગાર કે પાલવ ઘૂઘરી રે લોલ. 8
હમચી લે હરિજીના સાથ કે તાલી લે હાથમાં રે લોલ.
નાચે નટવર મદનગોપાલ કે જુવતિના સાથમાં રે લોલ. 9
અંતરિખ દેવતા રહીને જોય કે પુષ્પે વધાવતા રે લોલ.
રૂપે રૂડો નરસૈંયાનો નાથ કે મનમાં ભાવના રે લોલ. 10

(ભારતીય વિદ્યાભવન-મુંબઈ, હ. સિ. પુ૦ નં૦ 1026)

પૂર્વની ગરબીમાં ‘ રાસ રમ્યાના કોડ ’ ની વાત છે, તો આ ગરબીમાં ‘ રાસ રમાડો ’ની સાથોસાથ ‘ હમચી લે હરિજીની સાથ ’ એમ રાસ અને ‘ હમચી ’ બંનેનું સૂચન છે. પુરુષ-સ્ત્રી સાથે મળીને સમૂહનૃત્તમાં ‘ હમચી ’ તાળીઓના તાલથી લે એ ખૂબ સૂચક વસ્તુ છે. એક ત્રીજી ગરબી પણ જાણવામાં આવી છે; એ પણ અદ્યાપિ અપ્રસિદ્ધ છે.

‘ રૂડો આવ્યો આસો માસ કે નવરંગ શરદ ભલી રે લોલ.
ગરબે રમેશ્રી ગોકુલનાથ કે સંગ ગોપી બની રે લોલ. 1

પ્રભુજીએ પીતાંબર પલવટ વાલી કે પાવડીએ ચઢો રે લોલ.
પ્રભુજીને કુંડલ ઝલકે કાન કે મુગટ હીરે જડો રે લોલ. 2

વા'લો મારો વાહે મધુરો વાંસ કે ગોપી સહુ સાંભલે રે લોલ
અબલા નાહાની મોટી નાર કે સહુ ટોલે મલે રે લોલ. 3

પેહેરાં ચરણાં ને વલી ચીર કે ચોલી કસમસે રે લોલ.
પેહેરા મોતીના શણગાર કે મેહેલા-મન હસે રે લોલ. 4

મસ્તક લીધાં મહીનાં માટ કે ચતુરાં ચાલતી રે લોલ.
અમરિત વેણને ચંચલનેણ કે પ્રભુને નિહાલતી રે લોલ. 5

આવ્યાં બંસીવટને ચોક કે રમવા નાથ શું રે લોલ.
વા'લે મારે બલવંત ભીડી બાથ કે કોમલ હાથ શું રે લોલ. 6.

રૂડી રામત રમે રંગીલો કે રાધા રસ-ભરાં રે લોલ.
તાંહાં તો થઈ રહ્યો થેહિકાર કે વાગે ઘૂઘરી રે લોલ. 7

(પ્રાચ્ય વિદ્યામંદિર–વડોદરા, હ. સિ. પુ૦ નં૦ 4884)

આ ગરબીની અહીં છોડી દીધેલી છેલ્લી બે કડી ‘વાહલા મારા, વૃન્દાવન રે ચોક’ એ ગરબીની છેલ્લી બે સાથે એકાત્મક છે. આ ગરબીમાં શ્રીગોકુલનાથ અને ગોપાંગનાઓ આસો માસમાં ગરબે રમે છે’ અર્થાત્ ગરબાના પ્રકારનું સમૂહનૃત્ત કરે એમ કવિ કહેવા માગે છે. આમ પાંચસો વર્ષથી ગુજરાત-સૌરાષ્ટ્રની ધરામાં ‘ગરબા’ પ્રકારના સમૂહનૃત્તના અસ્તિત્વની વાતને બળ મળે છે અને એ પણ નરસિંહની વાણીમાં.

7. ઉપસંહાર

અહીં સુધીમાં એક વસ્તુ સ્પષ્ટ તરી આવી છે કે પ્રાકૃત-અપભ્રંશનો યુગ પૂરો થવાની સાથે ગુજરાત-સૌરાષ્ટ્રની ભૂમિમાં લોકભાષાએ અદ્યતન સ્વરૂપના વિકાસનાં પગથિયાં સર કરવા માંડ્યાં હતાં તે આરંભના કાલમાં નરસિંહ મહેતાનો કેવનકાલ શરૂ થયો હતો. એણે એના જીવનની માંડણી પ્રભુના એક ભક્ત તરીકે કરી ભગવાન શ્રીકૃષ્ણની લીલાઓના ગાન ઉપર કેન્દ્રિત કરી હતી. એનાં 'આત્મચરિતનાં કાવ્યો'માં એણે ચમત્કારપૂર્ણ વાતો આપીને, એક ભક્ત તરીકે, પરમતત્ત્વ પરમાત્માનાં ચરણોમાં માથું મૂકી કેવી રીતે જીવન વિતાવવાનો પ્રયત્ન કર્યો હતો એ જોવા મળે છે. એ કાવ્યોમાં એણે આ ચમત્કારપૂર્ણ વૃત્તાંતની પાછળ રહેલી ચાવીઓનો ખ્યાલ આપી જ દીધો છે, જે એનાં 'દિવ્યચક્ષુ'—સામાન્ય ભાષામાં 'કવિપ્રતિભા'નું જ સર્જન માત્ર છે. ભારતવર્ષમાં એ સમયે મોટા ભાગમાં મુસ્લિમ સત્તાનું આધિપત્ય હતું અને ભારતીય પ્રજા એક પ્રકારનું બિચારાપણું અનુભવતી હતી; અને ધર્મમાં અને ઈશ્વરાવલંબનમાં સ્થિર રાખવાને માટે વૈષ્ણવભક્તિનો આચાર્યો, સંતો, મહંતો, ભક્તો દ્વારા ભારે પ્રબળ પ્રયત્ન થયો હતો; આપણને નરસિંહ મહેતાના સર્જનમાં એ જ પરંપરાનો અનુભવ થાય છે. એની સામે ભાગવત પુરાણ, ગીતા, જયદેવનું 'ગીતગોવિંદ' વગેરે વૈષ્ણવધર્મને લગતું સાહિત્ય તો હતું જ, એ ઉપરાંત નામદેવ અને કબીરનું પણ સાહિત્ય હતું; એની ઉત્કટ કવિપ્રતિભાએ એમાંથી પ્રેરણા મેળવીને ગુજરાતી ભાષાને ચરણે એના સાહિત્યના ઇતિહાસમાં વિશાળ પદસમૂહ રમતો કરી દીધો.

અને એના જીવનના આરંભમાં જ આપણે જોઈ શકિયે છિયે કે નાના મોટા હરિભક્તો એના વિશે સાંભળીને તળાજામાં એને ત્યાં આવતા; એનાં ભાઈ ભાભીને આ આપત્તિરૂપ લાગવા મંડયું હતું. જેના પરિણામે એને

ગૃહસ્થાશ્રમ અને પછી ભક્તિસાહિત્યના પરિચયે ભગવદ્ગુણાનુવાદ ગાવાનો નાદ એનો સહારો બન્યાં. સંત અભ્યાગતોને એને ઘેર સંમાન મળતું હશે એવું તીર્થયાત્રાળુઓના 'હુંડી'ના પ્રસંગથી સમજાય છે. અને એને ત્યાં આવેલા માંગલિક ઉત્સવ કોઈ અને કોઈ રીતે ઊકલી જતા હતા એની પાછળ એણે ભગવત્કૃપાને જ નિયામક માની ગીતાના અનન્ય ભગવચ્છરણના સિદ્ધાંતને ચરિતાર્થ કરી આપ્યો છે. આજે વીસમા સદીના યુગમાં આ પ્રકારની ભગવચ્છરણભાવના બુદ્ધિવાદીઓના ગળે ન ઊતરે, છતાં આપત્તિઓ આવી પડે ત્યારે બધું કરી છૂટ્યા પછી સંપૂર્ણ રીતે હતાશ થઇયે—એ સમયે અનન્યશરણભાવના શું હશે એનો ખ્યાલ આવી શકે.

'વૈષ્ણવ જન તો તેને કહિયે, જે પીડ પરાઈ જાણે રે' જેવા રાષ્ટ્રીય કોટિના ભક્તગીતમાં વૈષ્ણવતાની જે વ્યાખ્યા આપી છે તે એના સ્વાનુભવનો પરિપાક છે અને એવું જીવન માનવમાત્રને માટે જરૂરી છે એવો સાર એ રજૂ કરી આપે છે.

નરસિંહથી શરૂ થતો ભારતવર્ષીય યુગ 'ભક્તિ'નો હતો અને ત્રણેક સદી સુધી તો એ ભારતવર્ષના અનેક ભાગોમાં ભક્તિપ્રવૃત્તિને વિશાળ ભક્તિસાહિત્યના સર્જન દ્વારા દીનદુ:ખીઓના દિલાસારૂપ બન્યો હતો. રાષ્ટ્રીયજીવનને ઉદાત્ત બનાવવાને જે ભિન્ન ભિન્ન તત્ત્વોની જરૂર છે તેમાં અનાસક્તિપૂર્વક ભગવાનની અનન્ય પ્રકારની શરણભાવના પણ એક આદરણીય તત્ત્વ છે, એવું નરસિંહ મહેતાએ ગાળેલા જીવનમાંથી જાણવાનું સરળ બને છે. આવો એક મહાનુભાવ ભક્તકવિ ગુજરાત-સૌરાષ્ટ્રની ભૂમિને વિભૂષિત કરી ગયો છે તે આ ભૂમિની ધન્યતા છે. એ જ ભૂમિએ અનન્યશરણભાવનાને પોતાના જીવનમાં મૂર્ત કરી ચૂકેલા, અનાસક્ત યોગી, કર્મનિષ્ઠ ગાંધીજીને સરજી આપ્યા, જેમના જીવનમાં નરસિંહ મહેતો પણ એક આદર્શરૂપ હતો.

8. ચૂંટેલાં પદ

[1] વૈષ્ણવ જન તો તેહેને કહિયે, જે પીડ પરાઇ જાણે રે;
પરદુ:ખે ઉપકાર કરે, પણ મન અભિમાન ન આણે રે વૈ૦ 1
સકળ લોકમાં સહુને વંદે, નિંદા ન કરે કેહેની રે;
વાચ કાછ મન નિર્મળ રાખે, ધન જનની તાં તેહેની રે. વૈ૦ 2
સમદષ્ટિ ને તૃષ્ણાત્યાગી, પરસ્ત્રી જેહેને માત રે;
જિહ્વાએ અસત્ય નવ બોલે, પરદ્રવ્ય ન ઝાલે હાથ રે. વૈ૦ 3
માયા મોહ લેપે નહિ તેહેને, ચિત વેરાગ મન માંહે રે.
કૃષ્ણનામની તાળી રાખે, અડસડ તીરથ તેહેના તન માંહે રે વૈ૦ 4
વણ-લોભી વળી કપટ–રહિત, કામક્રોધ જેણે મારયાં રે;
ભણે નરસિંયો : તેહેનું દરસણ કરતાં કુલ એકોતર તારયાં રે. વૈ૦ 5

વાસ નહીં જયાં વૈષ્ણવ કેરો, ત્યાં નવ વસિયે વાસડિયાં.
શ્વાસોશ્વાસ હરિસ્મરણ ન કરે જો, શ્વાસ ધમણ કેરી શ્વાસડિયા. વાસ. 1
જીભલડી જપમાળા ન જપે તો, જીભલડી, નહિ ખાસડિયાં;
જનમ તેહેનો નહિ લેખામાં, જે ન કેહેવાય હરિ-દાસડિયાં. વાસં. 2
મોહનજીની માયા પાખે અવટ માયા જમ-ફાંસડિયાં;
ભણે નરસિંયો : ભારે મારી માવલડી દસ માસડિયાં. વાસ. 3

બાઈ, મૂંને હરિ જોવાની ટેવ પડી, મારા નાથને ન મૂકું એક ઘડી.
વેધલું મન અળગું ન રહે, એવી હરજી-શું પ્રીત જડી. બા. 1
આખા દાહાડાનો રળી ખળી આવ્યો, ભાભીએ મૂકયું ન પાણી.
મેં જાણ્યું : પ્રભુ તણી પેરે કરું. ભાભી નહીં, ગોરાણી. બા. 2

---

1. સં. 1800 લગભગની હાથપ્રતને આધારે

નામાનું છાપરું છાંડી આપ્યું; કબીરાની અવિચલ વાણી.
તે-પાઈંતાં હું હઅેશ ભલેરો. છબીલોજી મૂકશે પાણી. બા. 3
ધન્ય વૃન્દાવન, ધન્ય એ ભાભી, ધન્ય જમુનાજીનું પાણી,
ધન્ય નરસિંયાની જીભલડી, પછે છબીલાજીની વાણી. બા. 4

સંતો અમે રે વેહેવારિયા શ્રીરામ-નામના;
વેપારી આવે છે બધા ગામ ગામના. સંતો. 1
અમારૂં વસાણું સાધુ સહુકોને ભાવે,
અઢારે વરણ જેહેને વોહોરવાને આવે.
અમારું વસાણું કાળ દુકાળે ન ખૂટે,
જેહેને રાજા ન દંડે, જેહેને ચોર ન લૂટે. સંતો. 2
લાખ વિનાનાં લેખાં નહિ ને પાર વિનાની પૂંજી;
વોહોરવું હોય તો વોહારી લેજો, કસ્તૂરી છે સૂંઘી. સંતો. 3
રામનામ-ધન અમારે વાજે ને ગાજે;
છપ્પન ઊપર ભેર ભેરી ભૂંગળ વાજે.
આવરો ને ખાતાવહીમાં લક્ષ્મીવરનું નામ,
ચીઠીમાં ચતુરભુજ લખિયા નરસૈંયાનું કામ. સંતો. 4

પ્રેમરસ પાને તું, મોરના પીછધર,
તત્વનું ટૂપણું તુચ્છ લાગે.
દૂબળા ઢોરનું કૂશકે મન ચળે,
ચતુરધા મુક્તિ તેઓ ન માગે. પ્રેમ. 1
પ્રેમની વાત પરીક્ષિત પ્રીછ્યો નહીં,
શુકજીએ સમઝી રસ સંતાડ્યો;
જ્ઞાન વૈરાગ્ય કરી ગ્રંથ પૂરો કર્યો,
મુક્તિનો માર્ગ સૂધો દેખાડ્યો. પ્રેમ. 2
મારીને મુક્તિ આપી ઘણા દૈત્યને,
જ્ઞાની વિજ્ઞાની બહુ મુનિ રે જોગી;
પ્રેમને જોગ તો વ્રજતણી ગોપિકા,

અવર વિરલા કોઈ ભક્ત ભોગી. પ્રેમ. 3
પ્રેતને મુક્તિ તો પરમ વલ્લભ સદા,
હેતુના જીવ તે હેતુ ત્રૂઠે.
જન્મોજનમ લીલારસ ગાવતાં
લોહાણનાં વાહાણ જેમ દ્વાર છૂટે. પ્રેમ. 4
મેં ગ્રહ્યો હાથ ગોપીનાથ ગરવા તણો
અવર બીજું કાંઇયે ન ભાવે;
નરસિંયો માહામતિ ગાય છે ગુણ કથી,
જતિસતીને તો સ્વપ્ને ન આવે. પ્રેમ. 5

ધ્યાન ધર હરિતણું, અલ્પમતિ આળસુ,
જે થકી જન્મનાં દુઃખ જાયે.
અવર ધંધો કરયે અરથ કૈં નવ સરે,
માયા દેખાડીને મૃત્યુ વાહાયે. ધ્યાન. 1
સકળ કલ્યાણ શ્રીકૃષ્ણનાં ચરણમાં,
શરણ આવે સુખ પાર હોયે.
અવર વેપાર તું મેહેલ્ય મિથ્યા કરી,
કૃષ્ણનું નામ તું રાખ મોંએ. ધ્યાન. 2
પટક માયા પરી, અટક ચરણે-હરિ,
વટકયમાં વાત સુણતાં જ સાચી.
આશનું ભવન આકાશ સૂધી રચ્યું,
મૂઢ, એ મૂળથી ભીંત કાચી. ધ્યાન. 3
અંગ જોબન ગયું, પલિત પિંજર થયું,
તોય નથી લેતો 'શ્રીકૃષ્ણ' કેહેવું.
ચેત રે ચેત, દિન ચાર છે લાભના,
લીંબુ લેહેકાવતાં રાજ લેવું. ધ્યાન. 4
સરસ ગુણ હરિ તણા જે જન અનુસરયા.
તે તણા સુજશ તો જગત બોલે.
નરસિંયા રંકને પ્રીત પ્રભુ-શું ઘણી;
અવર વેપાર નહિ ભજન-તોલે. ધ્યાન. 5

જે ગમે જગત-ગુરુદેવ જગદીશને,
તે તણો ખરખરો ફોક કરવો.
આપણો ચિંતવ્યો અર્થ કાંઈ નવ સરે
ઊગરે એક ઉદ્વેગ ધરવો. જે. 1

હું કરું' 'હું કરું' એ જ અજ્ઞાનતા,
શકટનો ભાર જ્યમ શ્વાન તાણે;
સૃષ્ટિમંડાણ છે સર્વ એણી પરે,
જોગી જોગેશ્વરા કોક જાણે. જે. 2

નીપજે નરથી તો કોઈ રેહે ના દુખી,
શત્રુ મારીને સહુ મિત્ર રાખે;
રાય ને રંક કોઈ દષ્ટે આવે નહીં,
ભવન પર ભવન પર છત્ર દાખે. જે. 3

ઋતુલતાપત્ર ફળ ફૂલ આપે યથા,
માનવી મૂર્ખ મન વ્યર્થ શોચે.
જેહના ભાગ્યમાં જે સમે જે લખ્યું,
તેહને તે સમે તે જ પહોંચે. જે. 4

સુખ-સંસારી મિથ્યા કરી માનજો,
કૃષ્ણ વિના બીજું સર્વ કાચું.
જુગલ કર જોડી કરી નરસિંયો એમ કેહે :
જન્મ-પ્રતિજન્મ હરિને જ જાચું. જે. 5

શરીર શોધ્યા વિના સાર નહિ સાંપડે;
પંડિતા, પાર નહિ પામો પાથે.
તાંદુલા મેહેલીને તૂષને વળગી રહ્યો,
ભૂખ નહિ ભાગે એમ ઠાલે થોથે. શરીર. 1

રસના સ્વાદમાં સર્વ રૂંધાઈ રહ્યા,
વિગતિ ગુરુ-જ્ઞાન વિના રે ગૂંથે;
વાણી-વિલાસમાં વિવિધ વાણી વડે.
પરહરી વસ્તુને વળગે ચૂંથે શરીર. 2

શાસ્ત્ર કથા કહે, રજનિમાં આથડે,
    એમ અજ્ઞાનમાં શીશ ગોડે.
પ્રપંચ-પિંડમાં રહ્યો, અહંકાર નવ ગયો,
    આથડ્યો એમ અનંત કોડે. શરીર. 3
શબ્દ શીખ્ખે ખરો સકલ વિદ્યા ભણ્યે,
    અધ્યાત્મ ઊચરે આવી આથે;
ભણે નરસિંયો : જે ભેદ જાણી જુઓ.
    મેં તો રચી કહ્યું પદ ચોથે. શરીર. 4

જ્યાં-લગી આતમા તત્ત્વ ચીન્યો નહીં,
    ત્યાં-લગી સાધના સર્વ જૂઠી.
માનુષ દેહ તાહારો એમ એળે ગયો,
    માવઠાંની જેમ વૃષ્ટિ વૂઠી. જયાં 1
શું થયું સ્નાન સેવા ને પૂજા થકી ?
    શું થયું ઘેર રહી દાન દીધે ?
શું થયું ધરી જટા ભસ્મ લેપ કર્યે ?
    શું થયું વાળ-લોચંન કીધે ? જ્યાં. 2
શું થયું તપ ને તીરથ કીધા થકી ?
    શું થયું માળ ગ્રહી નામ લીધે ?
શું થયું તિલક ને તુલસી ધાર્યા થકી ?
    શું થયું ગંગજળ પાન કીધે ? જયાં. 3
શું થયું વેદ-વ્યાકરણ-વાણી વદે ?
    શું થયું રાગ ને રંગ જાણ્યે ?
શું થયું ખટ દર્શન-સેવા થકી ?
    શું થયું વરણના ભેદ આણ્યે ? જયાં. 4
એ જે પરપંચ સહુ પેટ ભરવા તણા;
    આતમા-રામ પરબ્રહ્મ ન જોયો;
ભણે નરસિંયા જે તત્ત્વદર્શન વિના
    રત્ન-ચિંતામણિ જન્મ ખોયો. જયાં. 5

*   *   *

'એક તું', 'એક તું' એમ સહુકો સ્તવે,
કોણ હું એ નહીં કો વિચારે;
'કોણ છું', 'ક્યાં થકી આવિયો જગ વિશે'
'જૈશ ક્યાં, છૂટશે દેહ ત્યારે ?' એક. 1

પ્રતિદિને જડ કને જૈ કરી માગતો :
ઈશ, તું સાહ્ય થાજે સદા રે;
તોહ્ય પણ દુ:ખ તો લેશ ટળતું નથી,
થાકતો તો નથી તું કદા રે. એક. 2

કોઈ તો ઉદધિ ગગનમાં તાકતા,
ભાખતા જોઉં હું નમ્ર વાણી;
'કોણ હું', 'કોહોની કને માગું શા હક થકી',
એ નથી જાણતા મૂર્ખ પ્રાણી. એક. 3

એમ કરતાં કદી લાભ જો પામિયો,
તો કહે : હાર તણી સાહ્ય થૈ રે;
કામ કથળ્યા થકી ભવિષને ભાંડતો,
પૂર્વના કર્મનું તો નામ લૈ રે. એક. 4

પૂર્વનાં કર્મ જો હરિ ભજ્યે નવ ટળે,
તો કહો, કોણ એ કામ કરશે ?
સત્ય સમઝી કદી પરમ પદ પરખશે,
ભવ-ભય-ભ્રમને તે જ હરશે. એક. 5

આકના વૃક્ષથી અમૃત-ફળ તોડવા
મૂર્ખો જો કદી આશ ધરશે,
શ્રમવૃથા તેહનો તો જઈ જગ વિશે,
જ્ઞાન-હીણો સદા તે જ ઠરશે. એક. 6

જીવ ઈશ્વર અને બ્રહ્મના ભેદમાં
સત્યવસ્તુ નહીં સધ જડશે;
હું અને તું-પણું તજીશ, નરસૈંયા તું,
ગુરુ તણા હર્ષથી પાર પડશે. એક. 7

* * *

[1] હું મરે તું મરો, હું વિના તું નહીં,
હું રે હૈશ તાંહાંલગી તું રે હૈશે;
હું જતે તું ગયો, અનિર્વચની રહ્યો,
હું વિના, કેહે, તુંને કોણ કેહેશે ? હું. 1
સગુણ હોય જાંહાં લગી, નિર્ગુણ તાંહાં-લગી,
એમ કેહે સદગુરુ વાત સાચી;
સગુણ શમતાં નિર્ગુણ ગયું છે શમી,
શેષ છે પૂર્ણ તાંહાં અનિર્વાચી. હું. 2
શિવ ને જીવ તો નાયક છે એક જો, (?)
જીવ હોયે તાંહાં લગે શિવ હોયે;
જીવ શમતાં શિવ સેહેજે સમાઈ ગયો;
ટળી જાયે દ્વંદ્વ-હ નામ દોયે. હું. 3
તાહરા માહરા નામનો નાશ છે,
લૂણ ને નીર દષ્ટાંત જોતે;
મેહેતો નરસૈં કેહે : વસ્તુ વિચારતાં
વસ્તુરૂપ થાશે વસ્તુ પોતે. હું. 4

* * *

નિરખ-ને ગગનમાં, કોણ ઘૂમી રહ્યો ?
'તે જ હું', 'તે જ હું' શબ્દ બોલે.
શ્યામના ચરણમાં ઇચ્છું છું મરણ રે,
અહિંયાં કોઈ નથી કૃષ્ણ-તોલે. નિરખ. 1
શ્યામ-શોભા ઘણી, બુદ્ધિ ના શકે કળી,
અનંત ઓચ્છવમાં પંથ ભૂલી.
જડ અને ચૈતન રસ કરી જાણવો,
પકડી પ્રેમે સજીવંન મૂળી. નિરખ. 2
જળહળ જ્યોત ઉદ્યોત રવિ કોટિમાં
હેમની કોર જ્યાં નિસરે તોલો,
સચ્ચિદાનંદ આનંદ ક્રીડા કરે,
સોનાનાં પારણા માંહ્ય ઝૂલે. નિરખ. 3

---

૧. અપ્રસિદ્ધ

બત્તી વિણ, તેલ વિણ, સૂત્ર વિણ જો વળી,
અચળ ઝળકે સદા અનળ દીવો.
નેત્ર વિણ નિરખવો, રૂપ વિણ પરખવો,
વણ-જિહ્વાએ રસ સરસ પીવો. નિરખ. 4
અકળ અવિનાશી એ નવ જ જાએ કળ્યો.
અરધ-ઊરધની માંહ્ય માહાલે.
નરસિંયા-ચો સ્વામી સકળ વ્યાપી રહ્યો,
પ્રેમના તંતમાં સંત ઝાલે. નિરખ. 5

* * *

અખિલ બ્રહ્માંડમાં એક તું, શ્રીહરિ,
જૂજવે રૂપે અનંત ભાસે.
દેહમાં દેવ તું, તેજમાં તત્ત્વ તું,
શૂન્યમાં શબ્દ થઈ વેદ વાસે. અખિલ. 1
પવન તું, પાણી તું, ભૂમિ તું, ભૂધરા,
વૃક્ષ થઈ ફૂલી રહ્યો આકાશે;
વિવિધ રચના કરી અનેક રસ લેવાને,
શિવ થશી જીવ થયો એ જ આશે. અખિલ. 2
વેદ તો એમ વદે, શ્રુતિસ્મૃતિ સાખ દે :
કનક કુંડળ વિશે ભેદ નોહોયે;
ઘાટ ઘડિયા પછી નામ-રૂપ જૂજવાં,
અંત્યે તો હેમનું હેમ હોયે. અખલિ. 3
ગ્રંથ ગરબડ કરી વાત ન કરી ખરી,
જેહને જે ગમે તેહને પૂજે;
મન કર્મ વચનથી આપ માની લહે,
સત્ય છે એ જ મત એમ સૂજે. અખિલ. 4
વૃક્ષમાં બીજ તું, બીજમાં વૃક્ષ તું,
જોઉં પટંતરો એ જ પાસે;
ભણે નરસિંયો : એ મન તણી શોધના,
પ્રીત કરું, પ્રેમથી પ્રગટ થાશે. અખિલ. 5

* * *

જાગીને જોઉં તો જગત દીસે નહીં,
ઊંઘમાં અટપટા ભોગ ભાસે;
ચિત્ત ચૈતન્ય વિલાસ તદ્રૂપ છે,
બ્રહ્મ લટકાં કરે બ્રહ્મ પાસે. જાગી. 1
પંચ મહાભૂત પરબ્રહ્મ વિશે ઊપનાં,
અણુ અણુ માંહે રહ્યાં રે વળગી;
ફૂલને ફળ તે તો વૃક્ષનાં જાણવાં,
થડ થકી ડાળ ને નહિ રે અળગી. જાગી. 2
જીવ ને શિવ તો આપ-ઇચ્છાએ થયા,
રચી પરપંચ ચૌદ લોક કીધા.
ભણે નરસિંયો : એ તે જ તું, તે જ તું,
એહેને સમરયાથી કૈં સંત સીધ્યા. જાગી. 3

* * *

મોહિની સ્વરૂપ

આ જોને, કોઈ ઊભી રે આળસ મોડે. ટેક.
બાંહે બાજૂબંધબેરખા પ્હોંચી, મનડું મોહ્યું છે એને મોઢે.
ઝાંઝર ઝમકે ને વીંછુઆ ઠમકે, હીંડે છે વાંકે અંબોડે. આ. 1
સોવણ ઝારી તે અતિ રે સમારી, માંહે નીર ગંગોદક હોડે.
નરસૈંયાને પાણી પાવાને હારજી પધારયા કોડે. આ. 2

* * *

મોહ્યા મોહ્યા મુનિવરરાયા રે, ગોરી તારે ત્રાજૂડે.
રૂપસ્વરૂપ કળ્યું ન જાયે, મેં તો જાણી છે ઈશ્વરી માયા રે. મો. 1
રુમઝુમ રુમઝુમ નેપુર વાજે, પાવલે તે ચીર અતિ ચાંપે રે.
ઘૂંઘટમાં મુખ એણી પેર શોભે, મોટા મુનિજનનાં મન કાંપે રે. મો. 2
આ રું-શું વદન ને ગળસ્થળ ઝળકે, ઊપર દામણી લળકે રે.
સાળુડાની કોર એણી પેર શોભે, જાણે ગગનમાં વીજ ચળકે રે. મો. 3
વશીકરણ વેણી તમ્યો ક્હિાં ગૂંથાવી, સુંદરી શણગટવાળી રે ?
આ ચોળી તમ્યો ક્હિાં શિવડાવી, જેને મોહી વ્રજનારી રે ? મો. 4

ચંચળ દષ્ટે ચો-દશ નિહાળે, માંહે મંદનનો ચાળો રે.
નરસૈંયા-ચો સ્વામી જોવા સરીખડો, કોઈ એ સુંદરીનું વદન
નિહાળો રે. મો. 5

* * *

આ શો ચતુરાંના ચિતનો ચાળો રે !
એને કોઈ નિહાળા રે. ટેક
બ્રહ્માએ તો નથી ઘડી ભામિની,
એ તો આપે બનીને આવી રે.
ત્રણે લોકનું તે જ તારૂણી,
એ તો છબીછબીલે બનાવી રે. આ૦ 1

ઘડયું ઘરેણું એને રે હાથે,
હાથે ભરી છે ચોળી રે.
સાળુડે ભાત નવ નારીકુંજરની,
કસૂંબાના રંગમાં બોળી રે. આ૦ 2

શ્વાસ પૂરયો એણે વૃંદાવનમાં,
ગોવર્ધન થકી આવે રે.
એ નારીની જાત જે કો જાણે
તેનો ફેરો ફાવે રે. આ૦ 3

કહિયે છિયે, પણ કહ્યું નવ માને,
એ તો નારી નહીં, ગિરિધારી રે.
બ્રહ્મા ઈંદ્ર શેષ શારદા
એના ચરણતણા અધિકારી રે. આ૦ 4

અંતર હેત પોતાનું જાણી
એ તો આપે છે અંતરજામી રે.
વ્યભિચાર મૂકી જુઓ વિચારી,
એ તો નરસૈંયા-ચો સ્વામી રે. આ૦ 5

* * *

---

*. અપ્રસિદ્ધ પદ

[1] વસંત ભલો ભલે ઊદયો રે, વરત્યો જેજેકાર;
આખલ ગુલાલ ઉડાડે અતિ અબલા, સુંદરી ખેલે ફાગ. વસંત. 1
પાડલ-પરિમલ આંબા-મોર ને ગુલાલ કેશર-ઘોલ,
સહી રે સમાણી રંગભર રમતાં, તારુણી મુખ તંબોલ. વસંત. 2
અઢાર ભાર વનસ્પતિ મોરી, કેસૂ લેહેરે જાયે;
નરસિંયા-ચા સ્વામી સંગ રમતાં ઊલટ અંગ ન માયે. વસંત. 3

* * *

શરદ પૂનમ તણા દિવસ આવ્યા તિહાં,
રાસ-મરજાદનો વેણુ વાહ્યો.
રુક્મણી આદિ દેઈ સર્વ ટોળે મળી,
નરસિંયે તિહાં કરતાળ સાહ્યો. શ૦ 1
પુરુષ પુરુષાતન લીન થયું માહરું,
સખી-રૂપે થયો મધ્ય ગાવા.
દેહદશા ટળી, માંહે રહ્યો ભળી,
દૂતી થૈ માનનીને મનાવા. શ૦ 2
હાવ ને ભાવ રસભેદના પ્રાછવ્યા
અનુભવતાં રસ-બસ રે થાતાં.
પ્રેમે પીતાંબર આપિયું શ્રીહરિ;
રીઝિયા કૃષ્ણજી તાળ વાતાં. શ. 3
વ્રજ તણી આદ્ય લીલાનું દરશણ હતું.
અરૂણ-ઉદે રે શંખનાદ કીધો.
રુક્મણી આદિ સહુ નારી ત્રપત થૈ;
રામાએ કંઠથી હાર દીધો. શ૦ 4
'ધન્ય રે ધન્ય તું' એમ કહે શ્રીહરિ;
'નરસિંયો ભક્ત મુઝ તોલ જાણો'
વ્રજ તણી નારી જે ભાવ શું ભોગવે,
તેહને પ્રેમ-શું સ્હેજે માણ્યો. શ૦ 5

* * *

જશોદા, તારા કાનુડાને સાદ કરીને વાર રે.
આવડી ધૂમ મચાવે વ્રજમાં, નહિ કોઈ પૂછણહાર રે. જ૦ 1
શીકું તોડયું ગોરસ ઢોળ્યું ઉઘાડીને બાર રે.
માખણ ખાધું ઢોળી નાખ્યું, જાન કીધું આવાર રે. જ૦ 2
ખાંખાંખોળાં કરતો હીંડે, બિહે નહીં લગાર રે.
મહી મથવાની ગોળી ફાડી, આશાં કહિયે લાડ રે. જ૦ 3
વારે વારે કહું છું તમને : હવે ન રાખું ભાર રે.
નિત ઊઠીને એમ કયમ સહિયે વશી નગર મોઝાર રે. જ૦ 4
માહારો કાનજી ઘરમાં હૂતો, કયાહારે દીઠો બાહાર રે.
દહીંદૂધનાં માટ ભરયાં છે, ખાજે ચાખે ન લગાર રે. જ૦ 5
શાને કાજે મળીને આવી ટોળી વળી દસ બાર રે ?
નરસૈંયાનો સ્વામી સાચો, જૂઠી વ્રજની નાર રે. જ૦ 6

* * *

જશોદાજી જમવાને તેડે, નાચતા હરિ આવે રે.
બોલેં મીઠડા બોલડિયા ને અંગો અંગ નચાવે રે. જ૦ 1
મુખની શોભા શી કહું, જાણે પૂનમચંદ બિરાજે રે.
નેત્રકમળના ચાળા જોઈ જોઈ મન્મથ મનમાં લાજે રે. જ૦ 2
અંજન બેઉએ નયણે સારયાં, ઉર લટકે ગજમોતી રે.
તિલક તણી રેખા અતિ સુંદર, માતા હરખે જોતી રે. જ૦ 3
સ્નેહ જણાવીને પુત્રને માર્યો, આવીને કોટે વળગ્યો રે.
લાડકડો અતિ લાડ કરે છે, ક્ષણના મેહેલું અળગો રે. જ૦ 4
ખોળે બેસાડીને ભોજન કરતાં, માતા આનંદ પામી રે.
ભક્તવચ્છલ ભૂધરજી મળ્યા મેહેતા નરસૈંયાનો સ્વામી રે. જ૦ 5

* * *

હળવે હળવે હળવે, હરજી, મારે મંદિર આવ્યા રે.
મોટે મોટે મોટે મેં તો મોતીડે વધાવ્યા રે. હળવે૦ 1
કીધું કીધું કીધું મુજને કાંઇક કામણ કીધું રે.
લીધું લીધુ લીધું મારું ચિતડું ચોરી લીધું રે. હળવે૦ 2

જાગી જાગી જાગી હું તો હરિમુખ જોવા જાગી રે.
ભાગી ભાગી ભાગી મારા ભવની ભાવટ ભાગી રે. હળવે૦ 3
ફૂલી ફૂલી ફૂલી હું તો હરિમુખ જોઈ ને ફૂલી રે.
ભૂલી ભૂલી ભૂલી મારા ઘરનો ધંધો ભૂલી રે. હળવે૦ 4
પામી પામી પામી હું તો મહા પદવી પામી રે.
મળિયો મળિયો મળિયો મેહેતા નરસૈંયા-ચો સ્વામી રે. હળવે૦ 5

* * *

સાંભળ, સાહચર, સુરતા ધરીને આજ અનોપમ મીઠો રે.
જે દીઠો તે જોવા સરખો, અમૃત-પેં અતિ મીઠો રે. સાં૦ 1
દષ્ટે ન આવે, નિગમ જગાવે, વાણી-રહિત વિચારો રે.
સત્ય અનંત જ જેહેને કહિયે, તે નવધાથી ન્યારો રે. સાં૦ 2
નવધામાં તો નહિ નરવેડો, દશધામાં દેખાશે રે;
અચવ્યો રસ છે એહેની પાસે, તે પ્રેમી જનને પાશે રે. સાં૦ 3
અદ્વૈત બ્રહ્મ-અનોપમ લીલા, અસંખ જુગનો એહેવો રે.
જોગ-જગન-જપ-તપ-મુનિ-દુર્લભ, માને તેહેવો મેવો રે. સાં૦ 4
જ્યાં-લગી જ્યમ છે ત્યમનો ત્યમ છે, વધે ઘટે નહિ વાહાલો રે;
આપે ના જાયે, જાય ન આવે, નહીં ભરચો નહિ ઠાલો રે. સાં૦ 5
પૂર્ણાનંદ પોતે પુરુષોત્તમ, પરમ ગત છે એહેની રે.
એ પદ ક્ષર-અક્ષરની પર, તમે જો જો ચિત્તમાં ચેતી રે. સાં૦ 6
હું-તું મટશે, દુગ્ધા ટળશે, નિરભે થાશો નિરખી રે;
ભલે મળ્યો નરસિંયા-ચો સ્વામી, હું હૈડામાં હરખી રે. સાં૦ ૭

* * *

પારકી હૂંશે મહત્તા કરે, પ્રાણિયા;
    પુણ્ય પાખી સર્વ વાત ખોટી.
કે તેં તો કર્ષણ કરી કોદરા વાવિયા,
    ક્યાંથી જમે તું તો દાળ રોટી? પારકી૦ 1
કે તેં તો દાન કદી આપ્યું અન્ન તણું,
    ક્યાંથી દૂહે તું તો ઘેર ઝોટી?
કે તેં તો કથિર સોનારને આપિયું,
    ક્યાંથી પેહેરે તું તો કનક-કોટી? પારકી૦ 2

પુણ્યથી રિદ્ધિથી, પુણ્યથી સિદ્ધિ છે,
પુણ્યથી પેહેરશો ડગલો ડોટી.
ભણે નરસિંયો : તુ પુણ્ય કર, પ્રાણિયા;
પુણ્યથી પામશે પદવી મોટી, પારકી૦ 3

* * *

બાલા રે વરની પાલખી, જોતાં વનિતાને થાય ઉલ્લાસ. ટેક.
નાહી ધોઈને પોઢિયા રે, તિલક કીધાં ભાલ;
વરના જાનૈયા શોભી રહ્યા રે, માથે નાખ્યાં છે અબીલ ગુલાલ. બાલા૦ 1
લીલા તે વાંસની પાલખી રે, તેહેના ઊંચકનારા ચાર;
માથે તે બાંધ્યાં પોતિયાં રે, મોઢે રામ-નામ પોકાર. બાલા૦ 2
ચોરી તે બાંધી ચોકમાં રે છાણાં તે લાવ્યા સગાય;
ગોલપાપડી દેખે કૂતરાં રે, તે તો મનમાં ઘણું મલકાય. બાલા૦ 3
બાલાવરને આગળ ચાલે લાકડાં રે, પાછળ ચાલે લાહ્યા;
જમાઈ તો ચાલ્યા સાસરે રે, એહેની સાસુને હરખ ન માય. બાલા૦ 4
તોરણે તનખા ઊડિયા રે, માંડવે લાગી લાર.
ઊઠ, રે સાસુ શંખણી રે, તારો જમાઈ આવ્યો બહાર. બાલા૦ 5
પંદરસેં પેહેરામણી રે, મસાણા નામનું ગામ;
લાલબાઈની દીકરી રે, ચિતા કુંવરી એનું નામ. બાલા૦ 6
જમાઈ તો રહ્યા સાસરે રે, જાનૈયા આવ્યા ઘેર;
ટકો પૈસો સર્વે ખાઈ ગયા રે, વિવાહ કીધો છે રૂડી પેર. બાલા૦ 7
બાર ઘડા બાર કોડિયાં રે, ઊપર પૈસો મેહેલો રોક;
જૈને કોહો એહેના બાપને રે, હવે તાણીને મેહેલો પોક. બાલા૦ 8
જીવન જમડા લેઈ ગયા રે, દેહીનો કીધો એ હાલ;
નરસિંયાનો સ્વામી મળ્યો રે, તે તો ઊતરિયા ભવ-પાર. બાલા૦ 9

* * *

ઘડપણ કેણે મોકલ્યું, જાણ્યું : જોબન રેહે સહુ કાળ. ટેક
ઉમરા તો ડુંગરા થયા રે, પાદર થયાં પરદેશ.
ગોળી તો ગંગા થઈ રે, અંગે ઊજળા થયા છે કેશ. ઘડ૦ 1

નોહાતું જોઇતું ને શીદ આવિયું રે, નોહોતી જોઈ તારી વાટ;
ઘરમાંથી હળવા થયા રે, એહેની ખૂણે ઢળાવો ને ખાટ. ઘડ૦ 2

નાહાનપણે ભાવે લાડવા રે, ઘડપણે ભાવે શેવ;
રોજ ને રોજ જોઈયે રાબડી રે, એવી બળી રે ઘડપણની ટેવ. ઘડ૦ 3

પ્રાતઃકાળે પ્રાણ માહરા રે, અન્ન વિના અકળાય.
ઘરના કેહે : મરતો નથી રે; તુંને એસી રેહેતાં શું થાય? ઘડ૦ 4

દીકરા તો જૂજવા થયા રે, વહુઓ દે છે ગાળ;
દીકરીઓને જમાઈ લેઈ ગયા રે, હવે ઘડપણના શા રે હાલ? ઘડ૦ 5

નવ નાડો જૂજવી પડી ને આવી પોંહોંચ્યો કાળ;
બૈરાં છોકરાં ફટ ફટ કરે રે, નાહાનાં બાળક દે છે ગાળ. ઘડ૦ 6

અંતકાળે વળી આવિયા રે, દીકરા પધારયા દ્વાર;
પાંસળીએથી વાંસળી રે પછે છોડીને આપી બાહાર. ઘડ૦ 7

એહેવું સાંભળી પ્રભુ ભજો રે, સંભારજો જુગવાસ.
પર-ઉપગાર કીધે પામશો રે, ગુણ ગાય નરસિંયો દાસ. ઘડ૦ 8

* * *

જુવાનીને દાહાડે રે હરિને જાણ્યા નહીં રે,
    મોહ્યું પરદારા સાથે મંન;
કાંઈક તો મોહ્યો રે કામિનીના કલ્પમાં રે,
    કાંઈ એક જોડવા ધાયો ધંન. જુવાની૦ 1

પચીસ ને પચાસ રે પરપંચમાં ગયાં રે,
    દોહિલા આવ્યા સાઠ વરસના દંન;
સિત્તેરને સૂધી રે કાંઈ સમજ્યો નહીં રે,
    પછે ચાલ્યો સાધન કરવા મંન. જુવાની૦ 2

આંખડીએ ન સૂઝે રે, ગળે બહુ નાસિકા રે,
    બોલે તે તો સંભળાય નાહ કરણ;
માયા તો ન મૂકે રે, તૂટે નહિ તૃષ્ણા રે,
    ઓળખાયા નહિ અશરણ શરણ. જુવાની૦ 3

હાથમાં લાકડી રે, ચરણ ચાલે નહીં રે,
તૂટીને શિથિલ થયું છે તંન;
મુખ માંહેં દંત રે એકે દીસે નહીં રે,
તોય પાપિયું ઉદર માગે અન્ન. જુવાની૦ 4

ભાગ્ય જેહેનું ભલું રે, આ અવસર ને ઓળખ્યો રે
તે તો પ્રાણી કેહેવાય હરિના જંન;
નરસિંયાના સ્વામીને રે સુખમાં સંભારજો રે,
જો હોય પેલા ભવનું પુન્ય. જુવાની૦ 5

Printed at Kay Kay Printers, 150-D Kamla Nagar, Delhi-7.